# ક્ષત્રિયકુંડ



મુનિ દર્શનવિજયજી (ત્રિપુટી)

# ક્ષત્રિયકુંડ

: લેખક :

મુનિ દર્શનવિજયજી [ત્રિપુટી]

સંપાદક : મુનિ જ્ઞાનવિજયજી

શ્રી. જૈન પ્રાચ્ય વિદ્યાભવન

અમદાવાદ

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| શ્રી. જૈન પ્રાચ્ય વિદ્યાભવન<br>બં. નં. ૪૫, જૈન સોસાયટી<br>એલીસબ્રીજ, અ મ દા વા દ. | શા. ચંદુલાલ લખુભાઈ પરીખ<br>નાગજી ભૂધરની પોળમાં<br>મંકોડીની પોળ, અમદાવાદ. |

**કીમત : એક રૂપિયો**


પહેલી આવૃત્તિ : નકલ ૧૦૦૦

ઈ. સ. ૧૯૫૦ વિક્રમ સંવત ૨૦૦૬

પ્રકાશક :
વ્રજલાલ ફૂલચંદ દોશી
પટવા પોળને નાકે,
મહેસાણા.

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શા ર દા મુ દ્ર ણા લ ય,
પાનકોર નાકા : અમદાવાદ.

# બે બોલ

**આ** પુસ્તિકાને પ્રકાશિત કરતાં અમને ઘણો હર્ષ થાય છે. શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવને પાંચ વર્ષની વયમાં જૈન સંઘની સુરૂપ સાહિત્યસેવા બજાવી છે. ઉપયોગી "સાહિત્ય પ્રકાશન" એ પણ વિદ્યાભવનનું કાર્ય છે; તેથી જ ભગવાન શ્રીમહાવીર પ્રભુની જન્મભૂમિ માટે સપ્રમાણ વિચારણા આપતી આ પુસ્તિકાને અમે જનતાના કરકમળમાં સાદર કરીએ છીએ.

મુનિ શ્રીદર્શનવિજયજીએ આ પુસ્તિકાને સમયોચિત બનાવી છે. મુનિ શ્રીજ્ઞાનવિજયજી તથા મુનિ શ્રીન્યાયવિજયજીનો સહયોગ આ વિદ્યાભવનને હંમેશ માટે છે જ. અમે તેમના આભારી છીએ.

આના પ્રકાશનમાં શાહ મોતીલાલ મોહોલાલે પોતાનાં સદ્ગત માતુશ્રી રૂક્ષ્મિણી બેનના સ્મરણાર્થે અને શ્રીમતી સુભદ્રાબેને શ્રીયુત કાંતિલાલ સોમચંદ સાંકળચંદના સ્મરણાર્થે પૂરી મદદ આપી છે અને તેઓની ઉત્તરોત્તર જ્ઞાનપ્રચારની ભાવના અનુસારે કિંમત રાખી છે. તે બદલ અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

અમે દરેક ભાઈ બેનોને સૂચવીએ છીએ કે તેઓનો દાખલો લઈ અમને જ્ઞાનપ્રચારમાં હમેશાં સહયોગ આપતા રહે.

નિવેદકો
શાહ પ્રેમચંદ બાલાભાઈ
શાહ આશાભાઈ છગનલાલ
મંત્રી
શ્રી જૈન પ્રાચ્ય વિદ્યાભવન

જૈન સોસાયટી બં. નં. ૪૫
અમદાવાદ તા. ૧-૧-૫૦



# છૂટું છવાયું

## [ પ્રસ્તાવ ]

**ચૈત્રનો** મહિનો ચાલતો હતો. પરમ તારણહાર ભગવાન મહાવીરની સં. ૧૯૮૯ ની સાલની જયંતી દિલ્હી શહેરમાં જાહેર પંડાલમાં બહુ દબદબા સાથે ઊજવી, અમે આગામી વિહારનો વિચાર કરી રહ્યા હતા. ત્યાં એકાએક સૌના મનમાં સ્ફુરણા થઈ આવી કે પ્રથમ તીર્થંકર, આદિ યુગનાયક ભગવાન ઋષભદેવે જ્યાં ઇક્ષુરસથી પારણું કર્યું હતું: એ પવિત્ર ભૂમિ પર અક્ષય તૃતીયાનો દિવસ નિર્ગમવો.

ઇચ્છા અતિ સુંદર હતી. અમે સૌ એકમત થયા ને વિહાર કરીને એક અઠવાડિયુ અગાઉ હસ્તિનાપુર જઈ પહોંચ્યા, એ પવિત્ર ભૂમિનાં રજકણો વચ્ચે ઘૂમીને અમે માનસિક ને આત્મિક ઉલ્લાસ અનુભવી રહ્યા હતા: ત્યાં એક દિવસ પંજાબ વિભાગના પુરાતત્ત્વખાતાના વડા શ્રી. દયારામ સહાની સાથે અમારો સમાગમ થઈ ગયો.

અત્યાર પહેલાં અહીં શ્વેતામ્બર નસીયાજી પાસેથી દિગમ્બર મૂર્તિ અને દિગમ્બર મંદિર પાસેથી શ્વેતામ્બર મૂર્તિ નીકળી હતી. શ્રીયુત દયારામ સહાની પુરાતત્ત્વખાતા તરફથી તેની પૂરી વિગત લેવા માટે અહીં આવ્યા હતા. તેમને અમે ત્યાં છીએ એવી ખબર મળતાં તરત જ જસવંતરાય

જૈની સાથે અમારી પાસે ધર્મશાળામાં આવ્યા અને ટીલા, જૈન મંદિરો તથા ઉક્ત મૂર્તિઓના નિરીક્ષણ માટે અમને પણ સાથે લઈ ગયા. જુદા જુદા સ્થાનના ફોટા લીધા અને શિલાલેખો પણ લેવાયા. નવી નીકળેલી દિગમ્બર મૂર્તિનો લેખ પડિમાત્રામાં હતો. એના મુશ્કેલ વાંચનમાં અમે ઉત્સાહ-પૂર્વક મદદ કરી અને એમનું કામ ધાર્યા કરતાં અલ્પ સમયમાં પૂર્ણ થયું.

આ પછી તેઓએ દિગંબર મંદિરના પૂજારીને બોલાવીને પૂછ્યું, કે તમારા મંદિર પાસેથી ગળામાં હારવાળું ને કેશવાળું એક મસ્તક જે શ્વેતાંબર મૂર્તિના અવશેષ તરીકે માનવામાં આવ્યું હતું, તે ક્યાં છે ?

પૂજારી હોશિયાર હતો. પહેલાં તો એણે સીધો જવાબ ન આપ્યો, પણ પછી જરા અમલદારી તોરથી પ્રશ્ન પૂછતાં એણે કહ્યું:

" સાહેબ, એ માથું અહીંથી છ માઈલ દૂર વૃદ્ધ ગંગા (બુડગંગા)માં નાંખી દીધું છે, જે હવે મળી શકે તેમ નથી."

શ્રી. સહાની સાહેબના ક્રોધને સીમા નહોતી: પણ અમે તેઓને શાંત પાડ્યા. ત્યાર પછી બપોરે બીજા ટીલાઓ જોયા. તેમણે સાંજે દિલ્હી જતાં અમોને કહ્યું કે, આપ જો દિલ્લી આવો તો મને જણાવજો, હું તમારા પ્રાકૃત અને પડિમાત્રાના જ્ઞાનનો થોડોએક લાભ લેવા ઈચ્છું છું. અમે કહ્યું : જરૂર, અમે દિલ્હી આવતાં તમને જણાવીશું. આ રીતે તેઓ સાથે અમારો ગાઢ પરિચય થયો. પછી તે સાલનું અમારું ચોમાસું દિલ્હીમાં કિનારી બજારના ઉપાશ્રયમાં થયું.

એક દિવસે ડી. આર. સહાની શ્રીયુત દીક્ષિતજીને સાથે લઈ કાગળોના મોટા ભૂંગળાંઓ સાથે ઉપાશ્રયે આવી પહોંચ્યા. તેમણે આવતાં જ જણાવ્યું કે, ધારાનગરીની એક મસીદના ખંડેરમાંથી એક આખુંયે પથ્થર-કાવ્ય લાવ્યો છું. ભીંત ઉપર ધૂળ અને માટીથી એ ખરાબ થયું હતું. એ ભોજરાજ વિરચિત "કોદંડછત્તમ્" નામનું ૯૦૦ ગાથાનું કાવ્ય છે. એની લિપિ પડિમાત્રાની છે. આપ મને એમાં સહકાર આપો તો મારું કામ સુકર થઈ જાય.

અમે સહમત જ હતા. એ કામ આરંભવામાં આવ્યું, ને ખૂબ જ સંતોષપૂર્વક પૂરું કરવામાં આવ્યું. અન્તિમ વિદાય વખતે ઉદારચિત્ત શ્રીયુત સહાનીએ અમને પૂછ્યું:

"મારા લાયક કંઈ કામસેવા."

"અવશ્ય. અને તે એ કે આજ સુધી તમે બૌદ્ધધર્મની ખૂબ સેવા બજાવી છે. હવે એવી રીતે જૈનધર્મના પુરાતત્ત્વ વિષયમાં આપની સેવા આપો."

"ખુશીથી આપીશ. હવે હું ભગવાન મહાવીરની સેવામાં મારું જીવન ગાળવા વચન આપું છું."

"તો આપ એક વ્યવસ્થા કરો. અમે પ્રભુ મહાવીરના જન્મસ્થાન વિષે શોધ ચલાવી રહ્યા છીએ. ત્યાંથી તે જ સ્થળને સ્પર્શીને આવી રહ્યા છીએ. એ વિષયમાં આપ મદદ કરો."

તેઓ ખુશીથી એમાં સંમત થયા, ને પટના વિભાગના ક્યુરેટરને ક્ષત્રિયકુંડના ફોટાઓ લેવા જણાવ્યું. પણ અફસોસ!

કે અમે અમદાવાદમાં ભરાયેલ મુનિસમ્મેલનમાં આવીને ત્યાં પાછા ગયા તે દરમિયાન શ્રી. સહાનીનું અવસાન થયું, ને વાત અધૂરી રહી ગઈ.

જે વાત અધૂરી રહેવાની હોય એમાં કંઈ ને કંઈ વિઘ્ન આવે જ છે. પરંતુ ત્યારથી જન્મસ્થાન વિષે પૂરતાં પ્રમાણો સાથે અમારું મંતવ્ય રજૂ કરવાની અમારી ઈચ્છા હતી જ. એ ઇચ્છા પૂર્તિ ઘણા લાંબા સમયે પણ થાય છે, તેથી લેખક વાચક ઉભયને આનંદ થશે.

ક્ષત્રિયકુંડની આટલી પ્રાથમિક ઉત્થાનિકા સાથે પુરાતત્ત્વ–સંશોધનનો ઈતિહાસ કેટલો સમય અને કેટલાં શ્રમ–સાધનો માગે છે એનો ચિતાર આલેખવો શક્ય નથી, એ તો એ કાર્યના અભ્યાસીઓ જ સમજી શકે. એમાં ભાષા–લિપિ, શિલ્પ–સ્થાપત્ય, ભૌગોલિક દિશાઓ, ધર્મો, રીતરિવાજ, પહેરવેશ–એનાં કાળમાન વગેરેનું ઊંડું જ્ઞાન અને અવલોકન જોઈએ. એટલે જ અમે અતિશયોક્તિ વિના કહી શકીએ છીએ કે એવા સંશોધકોએ આજ સુધી ભારતીય ઈતિહાસની કડીઓ મેળવવા જે જહેમત ઉઠાવી છે એ ઘણી ફળવતી અને પ્રશંસનીય છે, એમાં બે મત નથી.

આપણે ટૂંકમાં એ સાધકો, જેમણે શરૂઆતથી લઈ ને આજ સુધી ભારતના અંધકાર પૂર્ણ પ્રદેશને અજવાળવા ઝગાવેલી જ્યોતિની પરંપરાને સાચવી રાખી છે, એનું વિહંગદૃષ્ટિએ અવલોકન કરી લઈએ, જેથી પુરાતત્ત્વ શું છે અને એનું ક્ષેત્ર કેટલું વિશાળ, રસભર્યું છતાં અટપટું છે એનો વાચકને ખ્યાલ આવે.

**સંશોધનનો ટૂંકો ઇતિહાસ :** આ અનાદિ અનંત સંસારમાં કેટલી ભાષા અને કેટલી લિપિઓ ઉત્પન્ન થઈ ને વિલય પામી ગઈ છે, તેના આંકડાઓ આપણી પાસે નથી જ. છેલ્લા અઢી હજાર વર્ષમાં બ્રાહ્મી, ખરોષ્ઠી, ગુપ્ત, કુટિલ ઈત્યાદિ સેંકડો લિપિઓ ભારતમાં જન્મીને અવસાન પામી ગઇ છે. તે લિપિઓ વિદ્યમાન નથી પરંતુ તેના લેખો–લેખાંશો કોઈ કોઈ પ્રાચીન ખંડેરોમાં–ભૂગર્ભોમાં પરદેશી આક્રમણ-કારોના વિનાશમાંથી છાનામાના બચી ગયેલા જર્જરિત હાલતમાં મોજુદ છે. મધ્યયુગમાં તેનો કોઈ ઉકેલ કરી શકે એમ હતું જ નહીં. ભારતમાં અંગ્રેજી રાજ્ય થયા પછી તે વિદ્વાનોનું એ અણમોલ વસ્તુઓની તરફ ધ્યાન ગયું અને પુરાતત્ત્વની શોધ માટે પ્રયત્નો શરૂ થયા.

આ મંગળમય કાર્યની શરૂઆત સૌથી પહેલાં સર વિલિયમ જોન્સે કરી હતી. તેણે પ્રથમ ‘શકુન્તલા–નાટક’ અને ‘મનુસ્મૃતિ’નો અનુવાદ પ્રકટ કર્યો અને યૂરોપિયન વિદ્વાનોને આ તરફ આકર્ષ્યા. તેણે ગવર્નર જનરલ વૉરન હેસ્ટીંગ્સની મદદથી તા. ૧૫–૧–૧૭૭૪ ને દિવસે કલકત્તામાં “એશિયાટિક સોસાયટી”ની સ્થાપના કરી, જે સંસ્થાએ સને ૧૭૮૮ માં ‘એશિયાટિક રિસર્ચીઝ’નો પહેલો ભાગ અને સને ૧૭૯૭ સુધીમાં પાંચ ભાગો પ્રકાશિત કર્યા. ઇંગ્લંડ અને ફ્રાંસે તરત જ તેનાં ભાષાન્તર તથા સંસ્કરણો તૈયાર કરી તેની મહત્તાનો પરિચય આપ્યો.

સર જોન્સનું સને ૧૭૯૪ માં મરણ થયું. તેને સ્થાને હેનરી કેલબ્રુક નિમાયા, જેણે સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું અધ્યયન કરી હિંદના રીતરિવાજો, ધર્મો, સાહિત્ય અને ભાષાઓ પર

સંખ્યાબંધ નિબંધો લખ્યા. તેમના નિર્ણયો આજે પણ પુરાતત્ત્વના વિષયમાં કિમતી મનાય છે. તેણે ઇંગ્લાંડમાં ગયા પછી "રોયલ એશિયાટિક સોસાયટી"ની સ્થાપના કરી.

આ સાથે ડૉ. બુકનને માઇસોરમાં અને સને ૧૮૦૭ થી ૧૮૧૪ સુધી બંગાળમાં, સાલ્ટ સાહેબે પશ્ચિમ ભારતની કેનેરી ગુફાઓમાં, રસ્કિન સાહેબે ઓડિસામાં (હાથીગુફા વગેરે), સાઇકસ, ટોમસ ડેનિઅમ, કર્નલ મેકેન્ઝી અને ડૉ. મોલેએ દક્ષિણ હિંદમાં, કર્નલ જેમ્સ ટોડે રજપૂતાના તથા મધ્ય ભારતમાં એ પ્રયત્ન ચાલુ કર્યો.

ચાર્લ્સ વિલ્કીન્સે સને ૧૭૮૫ થી આ માર્ગમાં પ્રવેશ કર્યો અને ચારેક વર્ષના સતત પરિશ્રમ પછી ગુપ્ત લિપિની અર્ધી વર્ણમાળા તૈયાર કરી. કર્નલ જેમ્સ ટોડે ૧૮૧૮ થી ૨૩ સુધી મહેનત લઈ રજપૂતાના અને કાઠિયાવાડમાં લેખોનો પત્તો લગાવ્યો. તેના ગુરુ યતિ જ્ઞાનચંદ્રજીએ આ લેખો વાંચ્યા અને ટોડ સાહેબે પોતાના 'ટોડ રાજસ્થાન'માં તેનો અર્થ કે સારાંશ દાખલ કર્યો.

બી. જી. બેબિંગ્ટને ઇ. સ. ૧૮૧૮માં તામીલ અને વોલ્ટર ઈલિયટે કાનડીની વર્ણમાળા તૈયાર કરી. ટ્રાયરે સમુદ્રગુપ્તના લેખો, ડબલ્યુ. એચ. વોથે વલભીનાં દાનપત્રો અને જેમ્સ પ્રિન્સેપે સને ૧૮૩૭-૩૮માં દિલ્હી, ગિરનાર વગેરેના ગુપ્ત લેખો ઉકેલ્યા, ત્યાર પછી ઉક્ત ત્રણે વિદ્વાનોના સતત પ્રયાસથી ગુપ્ત લિપિની સંપૂર્ણ વર્ણમાળા તૈયાર થઈ ગઈ.

હવે વિદ્વાનોનું ધ્યાન બ્રાહ્મી લિપિ તરફ દોરાયું. જો કે સર ચાર્લ્સ મેલેટ, સર વિલિયમ જોન્સ અને મેજર વિલ્ફોર્ડે

મહેનત કરી પણ કાશીના એક બ્રાહ્મણે તેઓને તે અંગે ઠગ્યા. ઈલોરાની ગુફા માટે પ્રથમ જૂઠા અર્થ પ્રવર્ત્યો. અંતે મિ. જેમ્સ પ્રિન્સેપે અને પ્રો. લાસને તેમાં સાથ આપ્યો. મિ. પ્રિન્સેપે ઈ. સ. ૧૮૬૩ થી તે માટે સ્વતંત્ર પ્રયત્ન આરંભ્યા, અને પાદરી જેમ્સ સ્ટીવન્સન અને પ્રો૦ લાસને તેમાં સાથ આપ્યો. મિ. પ્રિન્સેપે સને ૧૮૩૭ માં સ પછી દાન શબ્દો શોધી કાઢ્યા, એને પરિણામે બ્રાહ્મી લિપિની વર્ણમાલા તૈયાર થઇ ગઈ, જેના આધારે અશોકના દરેક શિલાલેખો વંચાયા અને અંગ્રેજ વિદ્વાનોએ 'દિલ્હીનો અશોકનો સ્તંભ જે એલેકઝાંડરનો ગ્રીક ભાષામાં લખાયેલ વિજયી સ્તંભ છે' ઈત્યાદિ માની રાખ્યું હતું, તેમાં સુધારો કરવો પડયો. આ લેખો મૌર્ય રાજાના સમયની પ્રાકૃત ભાષામાં ખોદેલાં અનુશાસનો છે એમ નક્કી થયું. આ રીતે બ્રાહ્મી લિપિનું સંપૂર્ણ જ્ઞાન વ્યવસ્થિત થયું.

હવે ખરોષ્ઠી લિપિનો વારો આવ્યો, જેમાં શાહબાજગઢી અને મન્સોરા ખડક પરના અશોકના શિલાલેખો તથા બેકિટ્રયન, ગ્રીક, શક, ક્ષત્રપ, પાર્થિયન અને કુશાન કાળના સિક્કાઓ તથા બૌદ્ધ લેખો ખોદાયેલા છે તેને હાથમાં લીધા. કર્નલ જેમ્ડ ટૉડે તે તે રાજવંશના સિક્કાઓનો મોટો સંગ્રહ કર્યો હતો, જેમાં એક બાજુ ગ્રીક અને બીજી બાજુ ખરોષ્ઠી અક્ષરો કોતરેલા હતા.

કર્નલ ટૉડે સને ૧૮૨૪માં કડફિસના સિક્કાના અક્ષરોને સેસેનિયન તરીકે જાહેર કર્યા. મિ. પ્રિન્સેપે સ. ૧૮૩૩માં એપોલો ડોન્ટસના સિક્કા પરના આ લિપિ અક્ષરોને પહલવી

અક્ષરો માન્યા. સને ૧૮૩૪માં એક બીજા સ્તૂપના અક્ષરો જોઈને પોતાની એ માન્યતાને વધારે મજબૂત વલણ આપ્યું. વળી તે તે લિપિ સેમેટિક વર્ગની હોવાનું પણ જાહેર થયું છતાં તે દરેક પ્રયત્ન ભૂલભરેલા લેખાયા અને સને ૧૮૩૮ પછી મિ. પ્રિન્સેપે, મિ. નોરિસ અને જનરલ કનિંગહામે તે લિપિના અક્ષરોને બરાબર ઓળખી લીધા ત્યારે ખરોષ્ઠી લિપિની સંપૂર્ણ વર્ણમાળા તૈયાર થઈ ગઈ.

આ રીતે મિ. જેમ્સ પ્રિન્સેપે આ વિષયમાં મોટો ફાળો આપ્યો છે. ત્યાર પછી જેમ્સ ફરગ્યુસન, મેજર કિટ્ટો, એડવર્ડ ટૉમસ, એલેકઝાંડર, કનિંગહામ, વૉલ્ટર ઇલિયટ, મેડોઝ ટેલર, સ્ટીવન્સન, ડૉ. ભાઉ દાજી, પં. ભગવાનલાલ ઈંદ્રજી (કાઠિયાવાડના), ડૉ. રાજેન્દ્રલાલ મિત્ર (બંગાળી) વગેરેએ હિંદના ભિન્ન ભિન્ન દેશોમાં પ્રયત્ન કરી આ વિષયમાં ખૂબ પ્રગતિ કરી છે.

પં. ભગવાનલાલ ઈંદ્રજીએ હિંદના પશ્ચિમ વિભાગમાં અનેક શિલાલેખો, તામ્રપત્રો ઉકેલ્યા હતા, અને વિશેષ સ્મરણીય બની શકે તેવો ઓડિસાના ખંડગિરિ, ઉદયગિરિની હાથીગુફામાંના સમ્રાટ્ ખારવેલના લેખને શુદ્ધ રીતે ઉકેલી બતાવી નામના મેળવી.

સને ૧૮૪૪માં લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીએ ઈસ્ટ ઇંડિયા કંપનીને આ કામમાં મદદ આપવા વિનંતિ કરી. ૧૮૫૧માં કર્નલ કનિંગહામે બહુ બુદ્ધિમાની વાપરી, ઈસ્ટ ઇંડિયા કંપનીના ગળે એ વાત બરાબર ઉતારી ત્યારે સને ૧૮૫૨ માં 'આર્કિયોલૉજિકલ ડીપાર્ટમેંટ' ખોલવામાં

આવ્યું. સને ૧૮૭૧ થી સરકારે સર કનિંગહામને તે વિભાગના ડાયરેકટર જનરલ નીમ્યા, જેણે આ વિષયમાં ઘણો જ પરિશ્રમ લઈ અનેક બાબતો પર અજવાળું પાડ્યું છે તે સને ૧૮૮૫ માં નિવૃત્ત થયા એટલે તેમને સ્થાને ડૉ. બર્જેસ ડાયરેકટર જનરલ તરીકે નિમાયા. તેઓ પણ ૧૮૮૯માં નિવૃત્ત થયા અને એ કાર્ય મંદ પડ્યું.

અંતે લૉર્ડ કર્ઝને એશિયાટિક સોસાયટીના સમારંભમાં તા. ૧–૨–૧૮૯૯માં આ ખાતાને ઉન્નત કરવા ખૂબ ભાર મૂક્યો. પરિણામે સરકારે સને ૧૯૦૧ માં આ ખાતાને એક લાખ રૂપિયા ખરચવાની મંજૂરી આપી. સને ૧૯૦૨માં જનરલ માર્શલ સાહેબ હિંદમાં આવ્યા ત્યારે નવા ડાયરેકટર જનરલ તરીકે નિમાયા.

ત્યારથી આ ખાતાનો નવો ઇતિહાસ શરૂ થાય છે. પછી તો હિંદના દેશી રાજ્યોએ પણ આ તરફ ધ્યાન આપ્યું. જ્યાં ત્યાં સંગ્રહાલયો સ્થપાયાં અને બ્રિટીશ રાજ્યમાં પણ મ્યુઝિયમો ખોલાયાં. પુરાતન સંશોધનના ઇતિહાસનો આ સાર છે. (જૈ. સા. ખં. ૨. અંક ૩–૪)

અલબત્ત, પ્રાથમિક અભ્યાસી સંશોધકોએ જૈન અને બૌદ્ધને એક માની લઈને જે કેટલાક નિર્ણયો કરેલા છે તે હજીયે નવા સંશોધકોને હાથે પુનરાવર્તન નથી પામ્યા એ સખેદ જાહેર કરવું પડે છે. છતાં ભારે આનંદની વાત એ છે કે આ કાર્યમાં પહેલવહેલાં વિદેશી વિદ્વાનોએ સંશોધનનું જે વૃક્ષ ભારતની પુણ્યભૂમિમાં વાવ્યું તેને ભારતના સુપુત્રોએ આજ સુધી સિંચીને પુષ્ટ અને વિશાળ બનાવ્યું

છે. એ સાધનાશીલ વિદ્વાનોમાં આજે પં. ભગવાનલાલ ઈંદ્રજી, શ્રી રાખાલદાસ બેનરજી, ભાઉ દાજી, રાજેન્દ્રલાલ મિત્ર, શ્રી. કાશીપ્રસાદ જાયસ્વાલ, ડૉ. સહાની, શ્રી. કાશીનાથદીક્ષિત, હસમુખરાય સાંકળિયા, શ્રી જિનવિજયજી,સાક્ષરરત્ન મોહનલાલ દલીચંદ દેસાઈ વગેરેનાં નામો સાધનાના ઇતિહાસમાં ઉજ્જવળ દેહે પ્રકાશી રહ્યાં છે.

**સંશોધનનું પરિણામ:**—આ સંશોધનના પ્રયત્નોના પરિણામે ઘણાં ઘણાં સત્યો સાંપડયાં છે. ઘણી ઘણી વસ્તુઓ ઉપર પ્રકાશ પડયો છે, જેને આપણી અનુશ્રુતિઓ પણ ઓળખતી ન હતી. એવા કેટલાયે ભારતીય વીરો આ સંશોધનમાંથી આપણને મળ્યા છે. જેવા કે કલિંગપતિ સમ્રાટ્ ભિખ્ખુરાજ ખારવેલ વગેરે અને વીર વિક્રમ જેવા સમ્રાટો થયા છે કે નથી થયા અથવા વિક્રમ બિરુદધારી રાજવી કયો હતો આવી આવી શંકાઓ અને અનુસંધાનો પણ આ સંશોધનના ફળ સ્વરૂપે ઉત્પન્ન થવા લાગ્યાં છે. ખુશી થવા જેવું છે કે ખાસ કરીને સંવત્સરપ્રવર્તક વિક્રમ માટે અમદાવાદ ખાતે ભરાયેલા મુનિસંમેલને સ્થાપેલા માસિક પત્ર 'જૈન સત્ય પ્રકાશ'ના ૧૦૦મા અંકે વિદ્વાનોની એ શંકાને દૂર કરવા પ્રયત્ન કર્યો અને સંતોષપ્રદ સફળતા મેળવી છે.

અહીં એક વાત ખાસ નોંધ કરવા જેવી છે કે, આ સંશોધનનો ઇતિહાસ ગમે તેટલો વિકાસ સાધે છતાંય હરહંમેશાં વિદ્યાર્થી જીવનમાં જ પર્યાપ્ત રહે છે. નવું નવું મળે તેનો આમાં સમાવેશ થતો જાય છે એટલે "સંશોધનની તારવણી છેવટનું સત્ય છે" એમ સંશોધકો કદાપિ

માનતા નથી. આમ હોવાથી કેટલીક બાબતોમાં ભ્રમણા ઊભી થાય છે પણ તેને સુધારવાને પૂરી તક મળી શકે છે. આપણે જાણીએ છે કે મથુરાના કંકાલી ટીલાના સ્થાપત્યો શરૂ શરૂમાં બૌદ્ધોના નામે ચડી ગયા હતા, કિન્તુ પછીના વિદ્વાનોએ એ ભ્રમણાને ધરમૂળથી સુધારી અને એ દરેક સ્થાપત્યોને જૈનોના ભ૦ સુપાર્શ્વનાથના સ્તૂપ અને મંદિરના અવશેષરૂપે હોવાનું જાહેર કર્યું. એક તાજી જ વાત છે, ગુજરાતમાં મહુડી ગામના કોટયાર્કના મંદિર પાસેથી પ્રાચીન જિન મૂર્તિઓ નીકળી, જેને વડોદરાના ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ તો બૌદ્ધ તરીકે જાહેર કરી દીધી પરંતુ થોડા દિવસમાં જ તેમને વધુ ખોજ કરતાં તે મૂર્તિઓને જૈન મૂર્તિ તરીકે સ્થાન મળ્યું છે. આવી રીતે સંશોધનની કળામાં પછીથી પ્રાપ્ત થતા સાધનોને આધારે નવું છતાં વાસ્તવિક મૂલ્યાંકન કરવાને પૂરો અવકાશ મળી રહે છે એટલે જ આપણે કહી શકીએ છીએ કે, સંશોધનના પ્રયત્નોનું અંતિમ પરિણામ પણ ભવિષ્યકાળની સામે તો વિદ્યાર્થી દશામાં જ છે. છતાંય એ પ્રયત્નો ઘણા ઘણા સત્યોનો સાક્ષાત્કાર કરાવે છે, એ વાત તો કદાપિ ભૂલી ન શકાય એવી નક્કર જ છે.

**ક્ષાત્રિયકુંડ:**—હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. ભગવાન શ્રીમહાવીરસ્વામી, જે જગતને કલ્યાણ માર્ગ દર્શાવનાર છેલ્લા તીર્થંકર છે, તેમનો જન્મ, કેવળજ્ઞાન અને મોક્ષ અનુક્રમે ક્ષત્રિયકુંડ, ઋજુવાલુકા અને પાવાપુરીમાં થયાં છે. કહેવું જોઈએ કે, આ ત્રણે સ્થળો ભારતવર્ષનાં મહાન પવિત્ર તીર્થરૂપ છે. આ ત્રણે તીર્થધામો અનુક્રમે લછવાડ પાસે, ગીરડીહ પાસે, અને બિહાર શરીફની પાસે

વિદ્યમાન છે. ત્યાં ભ૦ મહાવીરસ્વામીની મૂર્તિ તથા પાદુકાવાળાં ભવ્ય મંદિરો છે, ભારતની પ્રજા આજે ત્યાં યાત્રાએ જાય છે અને આત્મસાધનાનાં ઓજસ્ લઈ આવે છે.

હવે એના સંશોધન તરફ નજર નાખીએ, તો જણાઈ આવશે કે આજના સંશોધકો આ ત્રણે તીર્થધામોને વાસ્તવિક રીતે ત્યાં હોવાનો ચોખ્ખો ઈન્કાર ભણે છે. ડૉ. હર્મન યાકોબી, ડૉ. હોનર્લે, પં. કલ્યાણવિજયજી મહારાજ અને આ. વિજયેંદ્રસૂરિએ જુદા જુદા લખાણોથી આજે જ્યાં ક્ષત્રિયકુંડ છે, તેને જૂઠા તરીકે જાહેર કર્યું છે અને તે ક્યાં હોવું જોઇએ તે માટે વિવિધ કલ્પનાઓ કરી છે. સામાન્ય વાંચક તેઓને વાંચે તો અચૂક તેમની તરફેણમાં જઈ ઊભો રહે એવી તેઓની દલીલો છે. તેઓએ મળેલા પ્રમાણોનો નિચોડ કાઢી નક્કી કર્યું છે કે–" આજનું ક્ષત્રિયકુંડ તે સાચું ક્ષત્રિયકુંડ નથી. " પરંતુ મારે સખેદ લખવું પડે છે કે આ લેખકોમાંથી કોઈ ક્ષત્રિયકુંડ ગયા જ નથી. તેઓએ માત્ર દૂર બેઠા બેઠા પાશ્ચાત્ય વિદ્વાનોના વિચારોના આધારે જ આ કલ્પનાઓના કિલ્લાઓ ઊભા કર્યા છે. તેઓના આ નિર્ણયની વિરુદ્ધમાં આપણને ઘણી દલીલો અને સૂત્ર–પાઠો મળે છે, જેના આધારે આપણે એવા નિર્ણય પર આવી શકીએ છીએ કે આજનું ક્ષત્રિયકુંડ એ જ ભગવાન શ્રીમહાવીરની જન્મભુમિનું સાચું ક્ષત્રિયકુંડ છે. આ વસ્તુને સ્પષ્ટ કરવા માટે આ પુસ્તિકાની રચના થઇ છે.

**ભગવાનની વાણી**—ભગવાન શ્રીમહાવીરસ્વામીની ઉપદેશ–ભાષાને પ્રધાનતા આપીએ તો તે પણ ક્ષત્રિયકુંડના સ્થાનને અંગે સારો પ્રકાશ પાડે છે.

જૈન આગમોમાં ઉલ્લેખ છે કે—

**भगवं च णं अद्ध-मागहीए भासाए धम्ममाइक्खई।**

—તીર્થંકર ભગવાન અર્ધમાગધી ભાષામાં ધર્મોપદેશ આપે છે. ( ગણુધર શ્રીસુધર્મસ્વામીકૃત, 'સમવાયાંગ સૂત્ર' )

**भासायरिया जेण अद्धमागहीए भासाए भासंति।**

—ભાષાઆર્યો અર્ધમાગધી ભાષામાં બોલે છે.
(આ. શ્યામાચાર્યકૃત, 'પ્રજ્ઞાપના સૂત્ર' )

**पोराणमद्धमागहभासा-निययं हवइ सुत्तं।**

—પ્રાચીન જિનાગામ અર્ધમાગધીભાષામાં ગુંથાયેલ છે.
( આ. જિનદાસગણિ મહત્તર, નિશીથ ચૂર્ણિ )

આ પાઠોથી સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરસ્વામીએ અર્ધવિદેહી કે અર્ધવજ્જી ભાષામાં નહીં, કિન્તુ અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપ્યો છે. તેમની માતૃભાષા એ મગધની હોવાથી તેઓ અર્ધમાગધી ભાષામાં જ બોલતા હતા.

આથી સાધારણુ રીતે એ અનુમાન કરી શકાય છે કે ભગવાનની જન્મભૂમિ વિદેહમાં નહીં, વિશાલા પાસે નહીં, કિન્તુ મગધદેશની પાસે હતી. આ રીતે પણુ મગધની પાસે અગ્નિકોણુમાં વસેલું ક્ષત્રિયકુંડ એ જ ભગવાન શ્રીમહાવીર-સ્વામીની જન્મભૂમિ હતી એવું નક્કી થાય છે.

આ સિવાય બીજાં પ્રમાણો પ્રસ્તુત પુસ્તિકામાં આપેલ છે.

આ પુસ્તિકામાં તે તે વિદ્વાનોનો શું શું મત છે પ્રથમ તેને દલીલો સાથે સ્થાન આપ્યું છે અને ત્યાર પછી

આ આખાય પ્રશ્નને ઉપલબ્ધ પ્રમાણોથી છણી પ્રમાણોના આધારે જે નક્કી થાય છે, તેને જ અંતિમ સત્ય તરીકે આપવામાં આવ્યું છે. આ અંતિમ સત્યને પ્રમાણોનો ટેકો છે એટલું જ નહિ કિન્તુ જનમાન્યતા સાથે પણ પૂરો સુમેળ છે.

એટલે આ પુસ્તિકા પણ સંશોધનના ઇતિહાસમાં નવું કિરણ ફેંકશે એવી ધારણાથી તૈયાર કરવામાં આવી છે. અંતે વાંચકો આ પુસ્તિકાને ઉપયોગપૂર્વક વાંચે અને વાસ્તવિક સત્ય મેળવે એ આશાપૂર્વક આ લખાણ સમાપ્ત કરું છું.

સં. ૨૦૦૬ મા. સુ. ૧૧<br>
જૈન સોસાયટી.<br>
અમદાવાદ.

મુનિ દર્શનવિજય.

# અનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રસ્તાવના : | ૧–૧૩ |
| (૧) જન્મસ્થાન : | ૧ |
| (૨) ઐતિહાસિક ભૂલભૂલામણી : | ૨ |
| (૩) ક્ષત્રિયકુંડ અંગે માન્યતાઓ : | ૪ |
| ૧. શ્વેતાંબર માન્યતા : | ૪ |
| ૨. દિગંબર માન્યતા : | ૧૦ |
| ૩. પાશ્ચાત્ય વિદ્વાનોની માન્યતા : | ૧૦ |
| (૪) ત્રણ માન્યતાઓ : | ૨૭ |
| (૫) સપ્રમાણ વિચારણા : | ૨૮ |
| ૧. આર્યદેશ અને ક્ષત્રિયકુંડ : | ૨૮ |
| ૨. પાટનગર વૈશાલી : | ૨૯ |
| ૩. વૈશાલી અને ગંડકી નદી : | ૩૧ |
| ૪. વૈશાલીનાં ગામો : | ૩૨ |
| ૫. વૈશાલી અને વેસાડ : | ૩૪ |
| ૬. પાટનગર કુંડપુર : | ૩૫ |
| ૭. ક્ષત્રિયકુંડ અને નદી વગેરે : | ૩૯ |


૮. ક્ષત્રિયકુંડનાં ગામો : ૪૧
૯. વૈશાલી અને ક્ષત્રિયકુંડ : ૪૨
૧૦. ક્ષત્રિયકુંડ અને વેસાડ ગઢ વગેરે : ૪૩
૧૧. ક્ષત્રિયકુંડ અને વાસુકુંડ : ૪૪
૧૨. પ્રાચીન ક્ષત્રિયકુંડ અને અર્વાચીન ક્ષત્રિયકુંડ : ૪૬
૧૩. સિદ્ધાર્થ રાજા : ૪૭
૧૪. ત્રિશલા રાણી : ૫૦
૧૫. ભગવાન મહાવીર : ૫૧
૧૬. ગંગા પાર વિહાર : ૫૫
૧૭. ક્ષત્રિયકુંડમાં વિહાર : ૫૭
૧૮. ક્ષત્રિયકુંડ અને પાવાપુરી : ૬૦
(૬) તારવણી : ૬૧
ક્ષત્રિયકુંડનું માનચિત્ર ( નકશો )

**પાદનોંધ (પાઠ)નો અનુક્રમ**

**નોંધ** **પૃષ્ઠ**

૧. આર્યદેશ : ૬૭
૨ મુનિ વિહારભૂમિ : ૬૮
૩. ૧૬ જનપદ : ૬૯
૪. વિદેહ મિથિલા : ૭૦
૫. વજ્જીસંઘ, વૈદેહીપુત્ર, આઠ સંઘ : ૭૦
૬. વિદેહ–મિથિલા : ૭૨
૭. ભારતીય ઐતિહાસકી રૂપરેખા : ૭૩
૮. વૈશાલી : ૭૩

૯. શ્રીમતી સ્ટીવન્સનનું 'હીસ્ટ્રી ઓફ જૈનિઝમ' : ૭૪
૧૦. કુંડપુર : ૭૪
૧૧. કુંડલપુર ગામ : ૭૪
૧૨. નૈયક ગણુરાજાઓ : ૭૫
૧૩. ગણુ રાજાઓ : ૭૫
૧૪. લિચ્છવી દૌહિત્ર : ૭૫
૧૫. મંડકી નદી, વાણિજ્યગામ : ૭૫
૧૬. ગૌતમબુદ્ધ-વિહાર માર્ગ : ૭૬
૧૭. આંતિક ગામ : ૭૭
૧૮. કોલ્લાગ સન્નિવેશ, કોલ્લયગામ, કોલ્લા : ૭૭
૧૯. ક્ષત્રિયકુંડનાં નામો : ૭૮
૨૦. બંમણુગામ : ૮૦
૨૧. જ્ઞાતખંડ વન : ૮૧
૨૧. બહુશાલ : ૮૨
૨૨. સિદ્ધાર્થ રાજા : ૮૨
૨૩. આર્યકુલ જાતિ : ૮૩
૨૪. ક્ષત્રિય રાજાઓ : ૮૪
૨૫. ક્ષત્રિય વટ : ૮૪
૨૬. ખત્તિયવરવસહા : ૮૫
૨૭. ભગવાન મહાવીરસ્વામી વગેરે નામો : ૮૫
૨૮. વૈશાલિક ભગવાન મહાવીર : ૮૭
૨૯. ભગવાનનો વિહાર : ૮૯
૩૦. ભગવાન મહાવીરનાં ચોમાસાં : ૯૨
પટ્ટાવલી સમુચ્ચય માટે ડૉ. શુબ્રીંગનો અભિપ્રાય.



શ્રી મોતીલાલ મોહીલાલનાં માતુશ્રી રુક્મણીબેન

[સ્વર્ગવાસ સં. ૨૦૦૪ ફા. વ. ૯.]

॥ वन्दे श्रीवीरम् श्रीचारित्रम् ॥

# ક્ષત્રિયકુંડ

## [ જન્મસ્થાન ]

વિ. સં. ૧૯૯૭ના પોષ મહિનાની વાત છે. કલકત્તામાં ચાતુર્માસ નિર્ગમ્યા બાદ, અહિંસાના પરમ ઉપદેશક, સમન્વયદૃષ્ટિના પરમ સ્રષ્ટા શ્રમણ ભગવાન શ્રીમહાવીર-સ્વામીના જન્મ ને જીવનથી જેની રેણુ પવિત્ર થઈ છે, એ ભૂમિને સ્પર્શવાની મનોભાવના જાગ્રત થઈ. એક શુભ દિવસે અમે કલકત્તાથી વિહાર કર્યો. પ્રકૃતિ—સૌંદર્યથી વિભૂષિત એ પાવનકારી પ્રદેશો વટાવતા અમે મુર્શિદાબાદ, અજીમગંજ, ભાગલપુર, ચંપાપુરીની યાત્રા કરી ક્ષત્રિયકુંડ તરફ જતા હતા. ચારેક દિવસનો રસ્તો બાકી હતો. એક દિવસે અમે એક ગામડિયા ભાઈને પૂછ્યું 'મહાનુભાવ! અહીંથી ક્ષત્રિય-કુંડ કેટલું થાય?'

તેણે સફાળો જ જવાબ આપ્યો કે, 'ક્ષત્રિયકુંડ શું?' અમે આશ્ચર્ય અનુભવ્યું, કે ધરતીનો લાલ આ ગોવાળ પણ શું આ ભૂમિને પિછાણતો નહિ હોય! છતાં અમે તેને સમજાવ્યું કે

'જે સ્થાને ભગવાન મહાવીરસ્વામીનો જન્મ થયો છે, તે સ્થાનને અમે ક્ષત્રિયકુંડ કહીએ છીએ, જે લછવાડની પાસે છે.'

આ સાંભળતાં જ તેણે આનંદમાં આવીને કહ્યું, "ત્યારે એમ પૂછોને કે અહીંથી 'જન્મસ્થાન' કેટલું દૂર છે? આ દેશના લોકો તે સ્થાનને 'જન્મસ્થાન' તરીકે ઓળખે છે, ક્ષત્રિયકુંડ તરીકે તેને ખાસ કોઈ પિછાણતું નથી, માટે હવે તમે હરકોઈને 'જન્મસ્થાન' કેટલું દૂર છે? એમ પૂછશો, એટલે તમોને બરાબર ઉત્તર મળશે."

તે ભાઈની આ વાત સાચી હતી. આ પ્રદેશની જનતા ક્ષત્રિયકુંડને 'જન્મસ્થાન' તરીકે જ ઓળખે છે અને જન્મસ્થાન પૂછવામાત્રથી તેઓ ક્ષત્રિયકુંડનું નજીકપણું, દૂરપણું તથા રસ્તો બરાબર બતાવતા હતા. અંતે અમે પોષ વદિ ૭ ને દિવસે ક્ષત્રિયકુંડ આવી પહોંચ્યા.

ચોવીસમા તીર્થંકર શ્રમણ ભગવાન શ્રીમહાવીર-સ્વામીની એ જન્મભૂમિ! ભ૦ મહાવીરસ્વામીનાં ચ્યવન, જન્મ અને દીક્ષા એમ ત્રણ કલ્યાણકો અહીં થયાં છે. એટલે ક્ષત્રિયકુંડ તે ભારતવર્ષનાં પવિત્રમાં પવિત્ર ઐતિહાસિક તીર્થધામોમાં અગ્રગણ્ય તીર્થધામ છે.

**ઐતિહાસિક ભૂલભૂલવણી:**

પણ ઇતિહાસના અભ્યાસી અમને—તરત જ ઈતિહાસવિદો વચ્ચે લાંબા સમયથી ક્ષત્રિયકુંડના સ્થળ વિષે ચાલી રહેલી ચર્ચા યાદ આવી. અનેક વાદો વર્તતા હતા ને વિવાદોનો પાર નહોતો. શ્રમણ ભગવાને પોતાનાં ત્રણ કલ્યાણકોથી જેને પાવન કર્યું—એ બડભાગી ક્ષત્રિયકુંડ નગર વિષે જ વિવાદ?

તે માટે આજે આપણને જુદી જુદી વિચારધારાઓ મળે છે. તે વિષયના જાણકાર વિદ્વાનો આ અંગે એવા એવા નિર્ણયો મૂકી દે છે કે, જેને વાંચતાં આપણે ચકિત થઈ જઈએ, અને તરત જ એમ બોલી ઊઠીએ કે અઢી હજાર વર્ષ પહેલાંના ક્ષત્રિયકુંડને શું આપણે આટલી જલદી ભૂલી ગયા છીએ અથવા તેની કાયાપલટને લીધે આપણે ભ્રમિત થઈ ગયા છીએ ? ગમે તે હો, પણ આજે ક્ષત્રિયકુંડ પુરાતત્ત્વની દૃષ્ટિએ ગંભીર વિચારણાનું અંગ બન્યું છે, અને સંશોધનપ્રિય વિદ્વાનો તે માટે પોતાની કલમદ્વારા જુદા જુદા નિર્ણયો આપ્યે જાય છે. અમે પણ તેમાં નિર્ણયની દૃષ્ટિએ ઉપયોગી થાય તેમ કરવા આ પ્રયત્ન આરંભ્યો છે.

સૌ પહેલાં એક વાત જાણવી જરૂરી છે કે, અંગ, બિહાર, બંગાલ, મગધ, ઉત્તર હિંદ અને વિદેહ એ જૈનો તથા બૌદ્ધોની પ્રાચીન ધર્મપ્રચારની ભૂમિ છે. બૌદ્ધો શંકરાચાર્યના સમયમાં હિંદમાંથી હિજરત કરી ગયા, અને બારેક સદીઓ પછી પાછા આવ્યા, તે દરમિયાન તેઓ બૌદ્ધ તીર્થભૂમિઓને ભૂલી ગયા હતા. જૈનો પણ એ જ અરસામાં હિંદમાંથી નહિ કિન્તુ પૂર્વદેશમાંથી હિજરત કરી ગયા હતા, અને મધ્ય હિંદ, પશ્ચિમ હિંદ તથા દક્ષિણમાં પહોંચી ગયા હતા. જૈનોએ યુગપલટો થતાં જ પુનઃ પૂર્વ દેશમાં આવી પોતાનાં તીર્થોને સાવધાનીથી પોતાને તાબે કરી લીધાં. ભ૦ નેમિનાથનાં બે કલ્યાણકો અને તેવીશ ભગવાનોનાં પાંચે કલ્યાણકો આ પ્રદેશોમાં થયાં છે. એટલે જૈનોએ ત્યાં ત્યાં જઈ સમ્મેતશિખર, પાવાપુરી, ક્ષત્રિયકુંડ, રાજગૃહી વગેરે તીર્થસ્થાનો અને મથુરાનો સુપાર્શ્વસ્તૂપ વગેરે તીર્થોને કબજે લઈ લીધાં.

જોડની વાત છે કે, જૈનો પાર્શ્વનાથ અને જગન્નાથ જેવાં પોતાનાં કેટલાંક તીર્થોને સ્વાધીન કરી શક્યા નહિ.

ભુલવું ન જોઈએ કે, દિગંબર ધર્મ દક્ષિણમાં જન્મ્યો છે અને ત્યાં જ વિશેષ ફાલ્યોફૂલ્યો છે. એટલે પૂર્વ દેશનાં તીર્થો શ્વેતાંબર સંઘને જ આધીન હતાં, અને હિજરત પછી પણ શ્વેતાંબર જૈનાચાર્યોએ એ જ તીર્થોને પાછાં લેવાની કાળજી રાખી હતી, તેમજ સમય આવતાં એ તીર્થોને હસ્તગત કર્યાં હતાં. આ જ કારણે આ૦ શ્રીબપ્પભટ્ટિસૂરિના સમયે તીર્થ-વહેંચણી થઈ ત્યારે તેમજ જગદ્ગુરુ આ૦ શ્રીવિજયહીર-સૂરિના સમયે સમ્રાટ અકબરે તીર્થના પરવાના આપ્યા ત્યારે આ તીર્થો શ્વેતાંબર સંઘને આધીન રહ્યાં હતાં અને આજે પણ શ્વેતાંબર સંઘના વહીવટમાં છે.

આ ઇતિહાસ અહીં એટલા માટે આપ્યો છે કે, જૈનો કોઈક તીર્થની અસલ ભૂમિને ઓળખી ન શક્યા હોય, તો આ ગડબડમાં તે પણ બનવું સંભવિત છે, એમ માનવાની તક મળે. અસ્તુ.

**ક્ષત્રિયકુંડ અંગે માન્યતાઓ:**

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ.

ક્ષત્રિયકુંડ ક્યાં આવ્યું? તે માટે આજે ત્રણ મતો છે.

**૧. શ્વેતામ્બર માન્યતા:**

પ્રાચીન માન્યતા અનુસાર લખીસરાઈ સ્ટેશનથી નૈઋર્ત્ય-દક્ષિણમાં ૧૮ માઈલ, સિકંદરાથી દક્ષિણે ૨ માઈલ, નવાદાથી પૂર્વમાં ૩૪ માઈલ અને જમુઈથી પશ્ચિમમાં ૧૪ માઈલ દૂર નદી કાંઠે લછવાડ ગામ છે, જે લિચ્છવીઓની ભૂમિ

હતી. અહીં જૈન ધર્મશાળા છે અને ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર છે. લછવાડથી દક્ષિણે ૩ માઈલ નદી કાંઠે કુંડઘાટ છે, જ્યાં ભ૦ મહાવીરના દીક્ષાસ્થાને બે જૈન મંદિરો છે અને માતાતળેટી છે. ત્યાંથી ૧–દેવડાની, ૨–કિંડુઆની, ૧–લંઠસઠીઆની અને ૩–ચિકનાની એમ સાત પહાડી–ઘાટી (ચડાવ–ઊતાર) વટાવી જતાં ૩ માઈલ દૂર "જન્મસ્થાન" નામની ભૂમિ આવે છે, ત્યાં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર છે. ચિકનાના ચડાવથી પૂર્વમાં ૬ માઈલ જતાં લોધાપાની નામનું સ્થાન આવે છે. ત્યાં પાણીનું ઝરણું છે, જૂનો બાંધેલો કૂવો છે, જૂનાં ખંડેરો છે, ટીલો છે; જેમાંથી પુરાણી ગજીયા ઈંટો મળે છે. આ ભૂમિ જ અસલમાં ભ૦ મહાવીરનું "જન્સ્થાન" છે, જેનું બીજું નામ ક્ષત્રિયકુંડ છે. પરંતુ ગમે તે કારણે અહીં આજે દેરાસર વગેરે નથી. આજે જ્યાં દેરાસર છે ત્યાં ૨૫૦ વર્ષ પહેલાં પણ એ હતું અને તેની પૂર્વમાં ૩ કોશ પર ક્ષત્રિયકુંડ સ્થાન મનાતું હતું, એમ તે સમયની તીર્થમાળાઓના ઉલ્લેખો પરથી બરાબર જાણી શકાય છે. એટલે કે, લોધાપાણીનું સ્થાન એ જ ક્ષત્રિયકુંડની અસલી ભુમિ છે.

અઢી હજાર વર્ષ પહેલાં તક્ષશિલા, કૌશાંબી, શ્રાવસ્તી, શ્વેતાંબિકા, ભોગનગર, વૈશાલી, રાજગૃહી, નાલંદા, ચંપા, કોટિવર્ષ વગેરે અનેક નગરો સમૃદ્ધ હતાં, આજે ત્યાં એ સમૃદ્ધિ નથી, તે વૈભવ નથી, તે જનતા નથી. માત્ર ઉજ્જડ વેરાન ટીલાઓ ધ્વંસચિહ્નો, ખંડેરો કે તેના અવશેષરૂપે વસેલાં નાનાં ગામડાંઓ નજરે પડે છે. ક્ષત્રિયકુંડની પણ કરાલ કાળના પ્રભાવે એ જ દશા થઇ છે, જેને જોતાં આપણને એવી કલ્પના

પણ ન આવે કે, એક સમયે આ એક વિશાળ અને સમૃદ્ધ શહેર હશે. તેની ચારે બાજુ નાનાં નાનાં ગામો વસેલાં છે, જેનો વિસ્તાર જોતાં એમ માનવું પડે છે કે તે કાળનું એ વિશાળ ક્ષત્રિયકુંડ નાશ પામ્યું છે અને તેણે પરંપરાએ આ નાનાં નાનાં ગામડાંઓને જન્મ આપ્યો છે. એટલે આ ગામડાંઓની વિસ્તાર ભૂમિ તે જ પ્રાચીન ક્ષત્રિયકુંડ છે.

એકંદરે આ ક્ષત્રિયકુંડની "ક્ષેત્રસ્થિતિ" નીચે મુજબ છે:

આ પહાડી પૂર્વ–પશ્ચિમે ૨૦ માઇલ લાંબી, ઉત્તર, દક્ષિણે ક્યાંક ૪ માઇલ અને ક્યાંક ઓછી પહોળી છે. 'જન્મભૂમિ'ની ચારે તરફ દીપાકુરહર, મેગરુહ, હરખાર, રોપાબેલ, ગાયઘાટ, ચંદનબર, મહોલીઆ તાલ, ફરગી પથ્થર, જિલાર, રજલા ઇત્યાદિ ગામો આવેલાં છે. આંબા વગેરેનાં ઝાડો છે અને ખેતીની જમીન છે. કુંડેઘાટમાં એક આંબલીનું ઝાડ હતું, જે થોડાં વર્ષો થયાં નાશ પામ્યું છે.

૨૦૦૦ વર્ષ પહેલાં મથુરાપુરીથી પહાડી રસ્તે થઈને સીધા જન્મસ્થાન જવાતું હતું, આજે તે માર્ગ ચાલુ નથી. હાલ લછવાડથી ઉપર લખેલા રસ્તે પહાડી–ઘાટીઓ વટાવીને જન્મસ્થાને જવાય છે. આજે એ જ માર્ગ ચાલુ છે.

મુંબઇથી પૂના જનાર મુસાફર ખંડાલાનો ઘાટ ચડે એટલે સપાટ ભૂમિમાં જઇને ઊભો રહે છે અને ત્યાંથી ચડાવ–ઊતાર વિનાના સપાટ રસ્તે થઈને લોનાવલા કે પૂના પહોંચી જાય છે. આવું જ કંઈક ક્ષત્રિયકુંડ માટે છે. લછવાડથી ક્ષત્રિયકુંડ જનાર મુસાફર ચિકનાની ઘાટી ચડે એટલે સપાટ ભૂમિમાં જઈ ઊભો રહે છે, જ્યાં આજે જન્મસ્થાનનું

દેરાસર છે. ત્યાંથી દક્ષિણમાં આગળ વધે તો સપાટ રસ્તે જ મતનાજી જઈ પહોંચે છે.

નવાદાથી જમુઈ જવાને બે કાચી સડકો છે: એક રસ્તે નવાદાથી સીધા પૂર્વમાં ચાલીએ તો કાદિરગંજ, પાકરીબરવાન, ઈસ્લામનગર, અલીગંજ, મીરજાગંજ, સિકંદરા, મહાદેવસિમરિયા થઈ ૪૫ માઈલ દૂર જમુઈ આવે છે.

બીજે રસ્તે નવાદાથી દક્ષિણ–પૂર્વ અને ઈશાનનો ધનુ-ષાકાર વળાંક લઈએ તો કાદિરગંજ, રોહ, રૂપાવ, મજહિલા, કાવકોલ, પચંબા, લાલપુર, **મતનાજી**, હરખાર, ટેટરિયા–ટેનર, ડારિમા, ફતેહપુર, ખેરા, નિમારંગ થઈ જમુઈ ૫૫ માઈલ થાય છે.

આ બંને સડકોની વચ્ચે ક્ષત્રિયકુંડની પહાડીઓનો ઘેરાવો એક નાનકડા ટાપુ જેવો લાગે છે. આ બંને સડકોને જોડનારા પહાડી માર્ગો પણ છે. આ રીતે રસ્તો ઓળંગી એક સડકેથી બીજી સડકે જવાય છે. સામાન્ય રીતે તે માર્ગો આ પ્રમાણે છે: (૧) મીરજાગંજથી મથુરાપુરી, માચેની, પહાડીઘાટી થઈને મતનાજી જવાય છે. (૨) સિકંદરાથી લછવાડ, કુંડઘાટ, પહાડીઘાટી, ભ. મહાવીરસ્વામીના દેરાસરે થઈને મતનાજી જવાય છે. (૩) સિકંદરાથી લછવાડ, કુંડઘાટ, પહાડીઘાટીમાં પૂર્વ તરફ વળાંક લઈ હરખાર જવાય છે. (૪) મહાદેવ સિમરિયાથી કટાસાગર, પહાડીઘાટી, સકદારી થઈ ફત્તેહપુર જવાય છે.

મતનાજીથી જમુઈ ૨૦ માઈલ થાય, અને જન્મ સ્થાનનું દેરાસર ઉત્તરમાં ૪ માઈલ થાય છે. આ રસ્તો સીધો

સપાટ છે. મતનાજીવાળા રસ્તે થઈને મોટર કે બળદ ગાડી વગેરે સહેલાઈથી જન્મસ્થાનના દેરાસરે જઈ શકે છે એટલે આ રસ્તે લછવાડવાળા રસ્તા જેવી પહાડી ઘાટી આવતી નથી. આ પહાડીઓમાં અસલી ક્ષત્રિયકુંડનું સ્થાન છે.

તત્કાલીન રાજકારણમાં આ સ્થાન બહુ કીમતી મનાતું હશે. પુરાણ કાળમાં રાજધાની માટે ખાસ પહાડી ભૂમિ પસંદ કરાતી હતી. ક્ષત્રિયકુંડમાં એક તરફ ઘાટનો ઢળાવ-ચડાવ છે ત્યારે બીજી બાજુ સપાટ ભૂમિ છે. એટલે ક્ષત્રિય-કુંડમાં આ મેળ કુદરતી રીતે મળ્યો છે. મહારાષ્ટ્રના સિંહગઢની મહત્તા સમજનાર મનુષ્ય આ સ્થાનની મહત્તા સહેજે સમજી શકે તેમ છે. આ ક્ષત્રિયકુંડનગર મગધ અને મલય રાજ્યની ભૂમિમાં સરહદબંધી તરીકે ખરેખર ચીનની દીવાલની ગરજ સારે તેવી છે.

પ્રાચીન કાળમાં ક્ષત્રિયકુંડથી કુમાર જવા માટે પાણીનો અને જમીનનો એમ બે માર્ગો હતા. આજે પણ તે માર્ગો વિદ્યમાન છે. જેમકે—

૧. જળમાર્ગ–કુંડઘાટ, કુરાવવન, બહવાર નદી અને કમાર ગામ.

૨. સ્થળમાર્ગ–કુંડઘાટ, ઘાટીઓ, અને કમાર ગામ.

૩. ક્ષત્રિયકુંડથી માચેની મથુરાપુરી થઈને પણ કમાર ગામ જવાતું હતું.

આજે કમાર ગામમાં બ્રાહ્મણોની મોટી વસ્તી છે. લછવાડથી ૪ માઈલ માહના અને કૌવાકુલામ ગામ છે.

ત્યાં આજે પણ બ્રાહ્મણો વસે છે. લછવાડથી વાયવ્યમાં ૧ માઈલ પર "જૈન ડીહ" (એટલે કે જૈનોની જમીન, જેને સરકારી દફતરમાં આ નામથી લખેલ છે) ૩ માઈલ પર કુમાર, અને ૮ માઈલ પર કોનાગ ગામ છે. કોનાગ ગામ કંઈક પશ્ચિમ તરફ પડે છે. તેની પાસે ગિરૂઆ પરષંડામાં એક જિન પ્રતિમાજી છે, તેને લોકો બીજું નામ આપીને પૂજે છે. કોનાગથી પૂર્વમાં ૧૦ માઈલ પર ઓરા ગામ છે, તેની પાસે જ વડનદી છે, જે કયૂલ નદીમાં જઈને મળે છે. લછવાડથી પૂર્વમાં સકાઢેલ સિમરિયામાં બઢીસો વર્ષ પહેલાં બનેલાં પાંચ જિનાલયો છે, ત્યાંના લોકોએ તેમાંની પ્રતિમાઓને ઉઠાવી લઈ પાસેના તળાવમાં પધરાવી દીધી છે. એકાદ જિન પ્રતિમા કે બૌદ્ધ મૂર્તિને બહાર રહેવા દીધી છે. લછવાડથી અગ્નિખૂણે ૨ માઈલ પર બહેરંગા અને ૨॥ માઈલ પર બસઅુટ્ટી (વૈશ્યપટ્ટી) ગામો છે. આ દરેક ગામોમાં થોડાં વર્ષ પહેલાં જિનાલયો હતાં. હાલ ત્યાં કંઈ નથી.

ગીધોરના રાજા પોતાને રાજા નંદિવર્ધનના વંશજ તરીકે ઓળખાવે છે. અત્યારે તેની રાજધાની પરષંડામાં છે. ત્યાંના શિવાલયમાં સં. ૧૯૫૦માં એક શિલાલેખ ચોડ્યો છે, જે અસલમાં જન્મસ્થાનના દેરાસરનો છે.

પ્રાચીન માન્યતા પ્રમાણે લછવાડ પાસેનું આ જન્મસ્થાન તે જ અસલી ક્ષત્રિયકુંડ નગર છે, માહણા ગામ તે બ્રાહ્મણકુંડગ્રામ, બસઅુટ્ટી તે વૈશ્યપટ્ટન અને એ ભૂમિનો ઘેરાવો તે કુંડપુર નગર છે.

**૨. દિગંબર માન્યતા :**

દિગંબર સંઘ કેટલીએક બાબતોમાં શ્વેતાંબર જૈન સંઘથી જુદો પડે છે. તેમજ તે કેટલીક જૈન તીર્થ ભૂમિઓ માટે પણ પોતાનો જુદો મત ધરાવે છે. દિગંબરો ભ૦ મહાવીરનો જન્મ કુંડપુરમાં માને છે પરંતુ તેનો અર્થ "કુંડલપુર" એવો કરે છે અને કહે છે કે, રાજગૃહીના નાલંદા પાસેનું કુંડલપુર એ જ ભ૦ મહાવીરસ્વામીની જન્મભૂમિ છે.

શ્વેતાંબરો આ કુંડલપુરને **વડગાંવ** તરીકે ઓળખે છે, જેનાં બીજાં નામો ગુબ્બરગાંવ (ગુરુવરગ્રામ) અને કુંડલપુર છે. અહીં સં. ૧૬૬૪માં ૧૬ જિનાલયો હતાં, આજે એક શ્વેતાંબર જિનાલય, ધર્મશાળા, અને તે ધર્મશાળામાં વચ્ચે શ્રીગૌતમસ્વામીનું પાદુકામંદિર છે.

દિગંબરોની માન્યતા પ્રમાણે નાલંદા સ્ટેશનથી પશ્ચિમે ૨ માઈલ પરનું કુંડલપુર, એ જ ભ૦ મહાવીરનું જન્મસ્થાન ક્ષત્રિયકુંડ છે.

**૩. પાશ્ચાત્ય વિદ્વાનોની માન્યતા :**

ક્ષત્રિયકુંડ ક્યાં આવ્યું તે અંગે પાશ્ચાત્ય સંશોધકો ત્રીજો જ મત ધરાવે છે. તેઓ કહે છે કે વૈશાલી નગરી કે જેનું નામ હાલ **વેસાડપટ્ટી** છે, તે અથવા તેનું પરું, એ જ સાચું ક્ષત્રિયકુંડ છે.

પહેલવહેલાં પ્રો. હર્મન યાકોબી તથા ડૉ. એ. એફ. આર. હોર્નલે વગેરેએ આ નવી માન્યતાને જન્મ આપ્યો છે, અને પુરાતત્ત્વવેત્તા પં. શ્રીકલ્યાણવિજયજી મ. તથા

ઇતિહાસતત્ત્વમહોદધિ આ. શ્રીવિજયેંદ્રસૂરિજી વગેરેએ તેને ટેકો આપ્યો છે. એટલે આ મત સંશોધિત મતરૂપે વધુ વિશ્વાસપાત્ર બનતો જાય છે.

હવે આ વિષયમાં તેઓની જે જે વિચારણા કે તર્કણા છે તેને આપણે પ્રથમ તપાસી જઇએ, જેથી તેઓનું મંતવ્ય સમજી શકાય અને આપણી વિચારકળાનો વિકાસ થાય.

[૧] ડૉ. યાકોબીએ Sacred Books of the East "પૂર્વનાં પવિત્ર પુસ્તકો" એ નામની ગ્રંથમાળાના બાવીશમા મણકામાં 'આચારાંગસૂત્ર' અને 'કલ્પસૂત્ર'નો અંગ્રેજી અનુવાદ છપાવ્યો છે. તેની પ્રસ્તાવનાનો સાર આ પ્રમાણે છે:

"જૈનધર્મની ઉત્પત્તિ અને વિકાસની બાબતમાં કેટલાએક વિદ્વાનો આજે પણ ભુલ કરે છે તે ઠીક નથી. જૈન સાહિત્ય વિશાળ છે. તેમાં ઇતિહાસનાં સાધનો પુષ્કળ છે, જૈન આગમો પ્રાચીન છે, જે સંસ્કૃત સાહિત્યકાળ પહેલાનાં છે. ઉત્તરીય બૌદ્ધોનાં સૌથી પ્રાચીન ગ્રંથોના સમકાલીન છે.

"હવે બૌદ્ધોના એ ગ્રંથો જો બુદ્ધ અને બૌદ્ધધર્મનો ઇતિહાસ તૈયાર કરવામાં સાચાં સાધનરૂપે સ્વીકારાયાં છે તો તે જ કોટિનાં જૈનોનાં પવિત્ર પુસ્તકો તેમના ઇતિહાસનાં પ્રામાણિક સાધન તરીકે શા માટે ન સ્વીકારી શકાય? તે સમજી શકાતું નથી. ઘણા વિવેચકો જૈનધર્મની ઉત્પત્તિ તથા સ્થિતિને ખોટી રીતે રજુ કરે છે. કારણ કે તેઓની દૃષ્ટિ જૈનધર્મ એ બૌદ્ધધર્મની શાખા છે, એવા અનુમાનથી કલુષિત થયેલી છે અને થતી જાય છે. હું એ મિથ્યાભ્રમને

હઠાવવા પ્રયત્ન કરીશું, અને જૈન આગમો વાસ્તવિક પ્રમાણિકતા અને પ્રતિષ્ઠાને પાત્ર છે તે સાબિત કરી આપીશું. તેમાં પ્રથમ મહાવીર સબંધી વિચારણા કરીએ.

"મહાવીર તે કુંડપુરના રાજા સિદ્ધાર્થના પુત્ર હતા. જૈનો કુંડગ્રામને મોટું નગર અને સિદ્ધાર્થને પ્રતાપી રાજા માને છે. આ વર્ણન અતિશયોક્તિવાળું છે. 'આચારાંગસૂત્ર'માં કુંડગ્રામને સન્નિવેશ તરીકે જણાવ્યું છે. ટીકાકાર તેનો અર્થ "યાત્રિકો કે સાર્થવાહોનું વિશ્રામસ્થાન" એવો કરે છે. આથી એમ લાગે છે કે, તે સામાન્ય સ્થાન હશે. 'આચારાંગસૂત્ર'થી સમજાય છે કે, તે વિદેહમાં આવેલું હતું. 'મહાવગ્ગસૂત્ર'માં લખ્યું છે કે, ગૌતમબુદ્ધ કોટિગ્રામ પધાર્યા ત્યારે વૈશાલીના લિચ્છવીઓ તથા આમ્રપાલી વેશ્યા તેમને વાંદવા આવ્યાં હતાં. બુદ્ધ ત્યાંથી ચાલી ગાંતિકોના પાકા મકાનમાં જઈ ઊતર્યા. આમ્રપાલીએ તેની પાસેનું પોતાનું ઉદ્યાન બૌદ્ધ સંઘને ભેટ કર્યું. બુદ્ધ ત્યાંથી વૈશાલી ગયા, જ્યાં જૈન સિંહ સેનાપતિને બૌદ્ધધર્મી બનાવ્યો. એમાંનું કોટિગ્રામ તે કુંડગ્રામ અને ગાંતિકો તે જ્ઞાતક્ષત્રિયો હોય એમ લાગે છે. સિંહ પણ જૈન હતો એટલે માની શકાય છે કે, કુંડગ્રામ તે વિદેહની રાજધાની વૈશાલીનું પરું જ હતું. આ જ કારણે 'સૂત્રકૃતાંગ'માં મહાવીરને વૈશાલિક તરીકે ઓળખાવ્યા છે. ટીકાકારે તેના અનેક અર્થો બતાવ્યા છે તે તરફ બહુ ધ્યાન આપવા જેવું નથી. "વેસાલીએ"નો અર્થ "વૈશાલીના વતની" થાય છે. કુંડગ્રામ તે વિશાલાનું પરું છે, માટે વૈશાલિક એ મહાવીરનું વાસ્તવિક નામ ઠરે છે. 'સિદ્ધાર્થ એ રાજા નહીં પણ માત્ર અમીર હતો.' તેથી ઘણા સ્થળે સિદ્ધાર્થ અને ત્રિશલાને

ક્ષત્રિય અને ક્ષત્રિયાણી તરીકે વર્ણવેલાં છે. "ત્રિશલાને દેવી તરીકે ક્યાંય લખી નથી" સિદ્ધાર્થ જમીનદાર કે ઉમરાવની સત્તા ધરાવનાર ક્ષત્રિય હતો પણ મોટા લગ્ન સંબંધને લીધે મોટા સાથે સંબંધ ધરાવનાર હોઈ બીજા સરદારો કરતાં વધુ લાગવગવાળો હતો. ત્રિશલા વિદેહની રાજકન્યા હતી, રાજા ચેટકની બેન હતી, તેથી તે વિદેહા કે વિદેહદત્તા તરીકે વિખ્યાત હતી. ચેટક પણ વૈશાલીમાં રાજા નહીં કિન્તુ વૈશાલીના શાસક અમીર મંડળનો નેતા હતો. તેજૈન હતો તેથી બૌદ્ધોએ તેમ ઉલ્લેખ કર્યો નથી. એટલું જ નહીં કિન્તુ રાજા ચેટકના કારણે વૈશાલી જૈનધર્મનું કેન્દ્રસ્થળ બન્યું હતું; તેથી બૌદ્ધોએ વૈશાલીને 'પાખંડીઓના એક મઠ' તરીકે જાહેર કરી છે.

"સંક્ષેપમાં મહાવીર અને બુદ્ધ એ બંને સામંત મંડળમાં જન્મ્યા હતા, અમીરોને ઉપદેશતા હતા અને કુટુંબની લાગવગથી ઉત્કર્ષને પામ્યા હતા. શ્રેણિક રાજા ઉપર તે બંનેની અસર હતી. કોણિક પ્રથમ બુદ્ધપ્રેમી નહોતો પરંતુ પોતાના પિતા તથા નાનાને મારી જૈનોની સહાનુભુતિ ખોઈ બેઠો હતો. એટલે પાછળથી બૌદ્ધધર્મી બન્યો હતો વગેરે, વગેરે.

[ જૈન સાહિત્ય સંશોધક, ખં. ૧, અં. ૨, પૃષ્ઠ ૬૯ થી ૯૭ ]

એકંદરે ડૉ. યાકોબી માને છે કે, વૈશાલી પાસેનું કોટિગ્રામ એ જ ક્ષત્રિયકુંડ છે.

[૨] ડૉ. હોર્નલેએ ચંડનું 'પ્રાકૃતવ્યાકરણ' 'ઉપાસકદશાંગ' બંનેનો અનુવાદ અને જૈનપટ્ટાવલીઓ પ્રસિદ્ધ કરેલી

છે. ઇ. સ. ૧૮૯૮માં બંગાલ એશિયાટિક સોસાયટીની વાર્ષિક સભામાં પ્રમુખસ્થાનેથી તેમણે જે ભાષણ આપ્યું હતું, તે ભાષણનો સાર આ પ્રમાણે હતોઃ

"મહાવીર એ જૈનધર્મના પ્રવર્તક છે. 'તેમનું મૂળ નામ વર્ધમાન હતું.' બૌદ્ધો તેને "નાયપુત્ત" જ્ઞાત ક્ષત્રિયોના રાજકુમાર તરીકે ઓળખાવે છે. તે રાજકુળમાં જન્મ્યા હતા, તેમના પિતા સિદ્ધાર્થ જ્ઞાતજાતિના ઠાકોર હતા, વૈશાલીના કોલ્લાગ પરામાં તે રહેતા હતા, એથી મહાવીરને 'વૈશાલિક' કહેવામાં આવે છે. વૈશાલી તે વેસાડ, પટણાની ઉત્તરે ૨૭ માઈલ દૂર છે. તે સમયે એ શહેરના ૧ વૈશાલી, ૨ કુંડગ્રામ અને ૩ વાણિયગ્રામ એમ ત્રણ ભાગ હતા, જેમાં અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વાણિયા રહેતા હતા. આજે તેની નિશાની તરીકે ૧ વેસાડ, ૨ વાસુકુંડ અને ૩ બનિયા ગામો વિદ્યમાન છે. સિદ્ધાર્થનું લગ્ન વૈશાલીના ગણુરાજના પ્રમુખ રાજા ચેટકની બહેન (પુત્રી) ત્રિશલા સાથે થયું હતું. મહાવીર ઈ. સ. પૂર્વે ૫૯૯માં તેણીના પેટે જન્મ્યા, આથી તે ઊંચા કુળમાં જન્મ્યા એ સ્વતઃ સિદ્ધ છે. બુદ્ધ અને મહાવીર બંને આ જ કારણે શરૂઆતમાં પોતાની જ્ઞાતિના ક્ષત્રિયો તથા ઉચ્ચ કુલીનોના સંસર્ગમાં આવ્યા હતા. મહાવીરને યશોદા નામની પત્ની, અણોજ્જા નામની પુત્રી અને જમાલી નામનો જમાઈ હતો. મહાવીરે માતાપિતાના મરણ પછી ત્રીશ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. કોલ્લાગમાં જ્ઞાત ક્ષત્રિયોનું "દૂતિપલાશચૈત્ય" નામે ધર્મસ્થાન હતું, જેમાં પૂજ્ય પાર્શ્વનાથના સંપ્રદાયના મુનિઓ આવી ઉતરતા હતા. મહાવીરે પ્રથમ તે સંપ્રદાયમાં પ્રવેશ કર્યો, એકાદ વર્ષ પછી નગ્નતા

સ્વીકારી, બાર વર્ષ સુધી વિહાર કર્યો અને પછી "મહાવીર"ના ઉપનામ સાથે જિનપદ મેળવ્યું. તેમણે છેલ્લાં ત્રીશ વર્ષ સુધી ધર્મોપદેશ આપી પોતાના સંપ્રદાયની વ્યવસ્થા કરી. તેમને આ કામમાં મોસાળપક્ષના સંબંધને લીધે વિદેહ, મગધ અને અંગદેશની ઘણી સહાય હતી. તેઓ નેપાલનો સીમાડો અને પારસનાથની ટેકરી સુધી વિચર્યા હતા તેમને ગૌતમબુદ્ધ સાથે મેળાપ કે વિવાદ થયો નથી, પરંતુ ગોશાળા સાથે વાદવિવાદ થયો હતો. તેમને મુખ્ય શિષ્ય ૧૧ અને બીજા શિષ્યો ૪૨૦૦ હતા. તેઓ ઈ. સ. પૂર્વે ૫૨૭માં પાવાપુરીમાં નિર્વાણ પામ્યા. તેમના શિષ્ય સુધર્મા ત્યારે જીવતા હતા, જેના લીધે આજસુધી જૈનધર્મ ચાલે છે વગેરે વગેરે.

[ જૈ. સા. સં. ખં. ૧, અં. ૩, પૃ. ૧૯૪ થી ૧૯૬ ]

એકંદરે ડૉ. હોર્નલે માને છે કે, વૈશાલી પાસેનું કોલ્લાગ એ જ ક્ષત્રિયકુંડ છે, આજે તે સ્થાને વાસુકુંડ વિદ્યમાન છે.

ડૉ. હોર્નલેએ 'ઉપાસકદશાંગ'ના ભાષાંતરના પૃષ્ઠ ત્રીજામાં "વાણિયગ્રામ" પર પાદનોંધ આપી છે, તેનો સાર આ છે:

"વાણિયગામ તે વશાલીનું બીજું નામ છે. વૈશાલીમાં વૈશાલી, કુંડપુર અને વાણિયગામનો સમાવેશ થતો હતો, જેના અવશેષરૂપે આજે વેસાડ, વાસુકુંડ અને વાણિયા છે. આથી વૈશાલીને આ ત્રણે નામોથી સંબોધી શકાય. વાણિય-ગામની સાથે નગર શબ્દ જોડાયેલો છે એટલે તે મોટું નગર હતું. કુંડગ્રામ પણ વૈશાલીનું ત્રીજું નામ છે, તેથી જ મહાવીરની જન્મભૂમિ વૈશાલી છે અને મહાવીર પણ "વૈશાલિક"

કહેવાય છે. એક બૌદ્ધ કથામાં વૈશાલીના ત્રણ ભાગ વર્ણવ્યા છે. વૈશાલીથી આગળ કુંડપુર અને તેની આગળ કોલ્લાગ આવ્યું હતું. તેમાં જ્ઞાતક્ષત્રિયો રહેતા હતા, જે જાતિમાં મહાવીર જન્મ્યા હતા. કોલ્લાગની બહાર દુતિપલાસચૈત્ય યાને દુતિપલાસ ઉદ્યાન હતું, જેમાં વચ્ચે મંદિર અને આસપાસ ઉદ્યાન હતું. તે જ્ઞાતકુળનું જ હતું તેથી તેને ‘આચારાંગ’ અને ‘કલ્પસૂત્ર’માં नायसंडे उज्जाणे લખેલ છે. કુંડપુરની સાથે નગર શબ્દ જોડાયેલો છે, જે વૈશાલી અને કુંડપુર એક હોવાથી સાચો ઠરે છે. કુંડપુર સાથે ‘સન્નિવેશ’ શબ્દ પણ વપરાયો છે, તે કુંડપુર માટે નહીં કિન્તુ ઉત્તર તરફનું ક્ષત્રિયપરું અને દક્ષિણ તરફનું બ્રાહ્મણપરું તેના ભેદો માટે જ છે. અર્થાત્ સિદ્ધાર્થ વૈશાલી નગરના કોલ્લાગપરાના જ્ઞાતક્ષત્રિયોના મુખ્ય સરદાર હતા. આથી સ્પષ્ટ છે કે, મહાવીરની જન્મભૂમિ કોલ્લાગ જ હતી.

“જ્ઞાતવંશના ક્ષત્રિયો પાર્શ્વનાથને માનતા હતા, તેઓએ પોતાના ધર્મગુરુને ઉતારવા “દુતિપલાશચૈત્ય” સ્થાપ્યું હતું. મહાવીરે સંસાર છોડયો ત્યારે પ્રથમ કુંડપુર પાસે આવેલા જ્ઞાતકુળના આ દુઈપલાસચૈત્યમાં જઈ નિવાસ કર્યો હતો.

“એક બૌદ્ધ કથામાં વૈશાલીના ત્રણ ભાગો વર્ણવ્યા છે. પહેલા ભાગમાં ૭૦૦૦ સોનાના કળશવાળાં ઘરો હતાં, વચલા વિભાગમાં ૧૪૦૦૦ ચાંદીના કળશવાળાં ઘરો હતાં અને છેલ્લા વિભાગમાં ૨૧૦૦૦ તાંબાના કળશવાળાં ઘરો હતાં તેમાં ઉચ્ચ, મધ્યમ અને નીચ વર્ગના લોકો વસતા હતા. જૈન સૂત્રમાં વાણિયગામ માટે उच्चनीचमज्झिमकुलाइं લખેલ છે,

જેનો ઉક્ત વર્ણન સાથે મેળ ખાય છે વગેરે વગેરે.

[ જૈ. સા. સં. ખંડ ૧, અં. ૪, પૃ. ૨૧૮-૨૧૯ ]

એકંદરે ડૉ. હોર્નલે એમજ માને છે કે વૈશાલીનું કોલ્લાગ સન્નિવેશ એ જ ક્ષત્રિયકુંડ છે; વાસુકુંડ તેના અવશેષરૂપે હયાત છે.

(૪) પં. શ્રીકલ્યાણવિજયજી મહારાજ "શ્રમણ ભગવાન મહાવીર"માં જણાવે છે, તેનો સાર આ પ્રમાણે છે:

ભ૦ મહાવીરનો જન્મ લછવાડ પાસે ક્ષત્રિયકુંડમાં થયો, આ પરંપરાને હું સાચી માનતો નથી, તેનાં નીચે મુજબ અનેક કારણો છે:

(૧) સૂત્રોમાં ભ૦ મહાવીર માટે **विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले तीसं वासाइं ति कट्टु** પાઠ છે. અને "વેસાલીએ" નામ મળે છે. આથી માનવું પડે છે કે, ભગવાનનું જન્મ સ્થાન વિદેહમાં વૈશાલીના પરારૂપે હતું.

(૨) ક્ષત્રિયકુંડના રાજપુત્ર જમાલીએ ૫૦૦ રાજપુત્રો સાથે જૈન દીક્ષા લીધી હતી, તેથી નક્કી છે કે ક્ષત્રિયકુંડ મોટું નગર હતું. છતાં ભ૦ મહાવીરે અહીં એક પણ ચોમાસું કર્યું હોય એવો ઉલ્લેખ મળતો નથી. કારણ કે, ભ૦ મહાવીરે વૈશાલીના વાણિજ્યગામમાં ૧૨ ચોમાસાં કર્યાં ત્યારે ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ તેની પાસેનાં પરાં હતાં. તેથી તેને ઉક્ત બારે ચોમાસાનો લાભ મળ્યો હતો. આ સ્થિતિમાં ખાસ ક્ષત્રિયકુંડમાં ચોમાસું કે વિહાર ન કર્યો હોય અને શાસ્ત્રમાં તેનો ઉલ્લેખ ન થયો હોય એ સ્વાભાવિક છે.

(૩) ભ૦ મહાવીરે દીક્ષાને બીજે દિવસે કોલ્લાગ[૧૮] સંનિવેશમાં છઠ્ઠ તપનું પારણું કર્યું છે. જૈન સૂત્રો પ્રમાણે કોલ્લાગ બે મળે છે. ૧ વાણિજ્યગ્રામ પાસેનું અને ૨ રાજગૃહી પાસેનું. આ બન્ને સ્થાનો લછવાડથી ચાલીસેક માઈલથી પણ વધુ દૂર છે. ત્યાં પહોંચી બીજે દિવસે પારણું કરવાનું બની શકે નહીં. એટલે તર્કસંગત વસ્તુ એ જ છે કે, ભગવાને વૈશાલી પાસેના ક્ષત્રિયકુંડના જ્ઞાતખંડમાં દીક્ષા લીધી અને બીજે દિવસે વાણિજ્યગ્રામ પાસેના કોલ્લાગમાં જઈ પારણું કર્યું.

(૪) ભગવાને દીક્ષાના વર્ષે ક્ષત્રિયકુંડથી વિહાર કરી કમ્મારગ્રામ, કોલ્લાગ સન્નિવેશ, મોરાક સન્નિવેશ વગેરે સ્થાને વિચરી અસ્થિક ગ્રામમાં ચોમાસું કર્યું. બીજે વર્ષે મોરાક, વાચાલ, કનકખલ આશ્રમપદ, શ્વેતામ્બી જઈ રાજગૃહી આવીને ચોમાસું કર્યું. આ ઉલ્લેખ પ્રમાણે ભગવાન ચોમાસા બાદ શ્વેતાંબી જાય છે અને પાછા વળી ગંગા નદી વટાવીને રાજગૃહી પધારે છે. આથી ચોક્કસ છે કે, લછવાડવાળું ક્ષત્રિયકુંડ અસલી નથી. કારણ કે તેની પાસે શ્વેતાંબી નગરી જ નથી અને ત્યાંથી રાજગૃહી જતાં ગંગા ઊતરવી પડતી નથી. એટલે માનવું પડે છે કે, ક્ષત્રિયકુંડ ગંગાની ઉત્તરે વિહારમાં હતું. અર્થાત્ ક્ષત્રિયકુંડ વૈશાલી પાસે હતું.

[ 'પ્રસ્તાવના :' પૃષ્ઠ—XXV થી XXVIII ]

વૈશાલીની પશ્ચિમે ગંડકી નદી હતી. તેની પશ્ચિમે બ્રાહ્મણકુંડપુર, ક્ષત્રિયકુંડપુર, વાણિજ્યગ્રામ, કમ્મારગ્રામ, અને કોલ્લાગ સન્નિવેશ વગેરે પરાં હતાં. બ્રાહ્મણકુંડ અને ક્ષત્રિયકુંડ

એક બીજાથી પૂર્વે અને પશ્ચિમે પરાં હતાં. વચ્ચે બહુશાલ ચૈત્ય હતું. આ બન્ને પરાના પણ ઉત્તર અને દક્ષિણ એમ બબ્બે વિભાગો હતા. દક્ષિણ બ્રાહ્મણકુંડમાં બ્રાહ્મણોનાં વધુ ઘરો હતાં. જ્યારે ઉત્તર ક્ષત્રિયકુંડમાં ક્ષત્રિયોનાં ૫૦૦ ઘર હતાં. સિદ્ધાર્થ રાજા ઉત્તર ક્ષત્રિય કુંડપુરનો નાયક હતો. જ્ઞાતક્ષત્રિયોનો સ્વામી હતો અને તે જૈન હતો.

[ 'શ્રમણ ભગવાન મહાવીર' : પૃષ્ઠ ૫ ]

એકંદરે પં. કલ્યાણવિજયજી મ૦ એમજ માને છે કે, વૈશાલીનું એક પરું જ સાચું ક્ષત્રિયકુંડ નગર છે.

(૫) આ૦ શ્રીવિજયેંદ્રસૂરિ મહારાજે "વૈશાલી"-પુસ્તિકા પ્રકાશિત કરાવી છે. તેનો સાર આ પ્રમાણે છે:

(૧) ભગવાન મહાવીર વૈશાલિક કહેવાય છે. ક્ષત્રિયકુંડ પણ વૈશાલીની પાસે હતું, માટે આપણે 'વૈશાલી' સંબંધી વિચાર કરીએ (પૃ. ૧). ક્ષત્રિયકુંડ આર્ય દેશોમાં હતું. 'બૃહત્-કલ્પ[1] વગેરેના આધારે આર્ય દેશો સાડી પચીસ છે અને તેમાં પણ પૂર્વમાં અંગ–મગધ, દક્ષિણમાં વત્સ ( કોશામ્બી ) પશ્ચિમમાં સ્થૂણ (કુરુક્ષેત્ર), તેમજ ઉત્તરમાં કુણાલના સીમાડા સુધીમાં રહેલા દેશો અને તેનો મધ્ય ભાગ જ મુનિઓના વિહાર માટે આર્યભૂમિ[2] છે. આ પ્રદેશને બૌદ્ધો ૧૬ મહાજનપદો[3] તરીકે અને મનુજી મધ્ય ભારત તરીકે ઓળખાવે છે. (૧ થી ૬ )

(૨) વિદેહ તે સાડી પચીસ આર્ય દેશોમાંનો એક દેશ છે. તેની રાજધાની મિથિલા હતી. વિક્રમની પંદરમી સદીમાં તેનાં અનુક્રમે તીરભુક્તિ દેશ અને જગઈ નગર એવાં

નામો હતાં.[૪] બૌદ્ધ ગ્રંથો પ્રમાણે[૫] મિથિલા વિદેહની રાજધાની હતી, જે વજ્જી સંઘના આઠ પ્રમુખ સંઘોમાંની એક હતી. બ્રાહ્મણગ્રંથો પ્રમાણે[૬] માધવે વિદેહ વસાવ્યો અને નમિપુત્ર જનક મિથિલે મિથિલા વસાવી. વિદેહ ગંગાના ઉત્તર કાંઠે છે, તેથી તેનું બીજું નામ 'તીરભુક્તિ' પણ છે. જેનો ક્ષેત્રવિસ્તાર ઉત્તર–દક્ષિણમાં ૧૬ યોજન અને પૂર્વ–પશ્ચિમમાં ૨૪ યોજન છે. મિથિલાનાં મિથિલા, તીરભુક્તિ, વૈદેહી, નેમિકાનન, જ્ઞાનશીલ, કૃપાપીઠ ઇત્યાદિ બાર નામો મળે છે. નેપાલ પાસેની જનકપુરી તે જ મિથિલા લાગે છે. ( પૃ. ૯ થી ૧૦ )

( ૩–૪–૫ ) વિદેહની પ્રજાએ કામી રાજા કરાલને મારી મિથિલામાં સંઘરાજ્યની સ્થાપના કરી હતી. પછી વિદેહીસંઘ અને લિચ્છવીસંઘ જોડાઈ વજ્જીસંઘ બન્યો અને તેની રાજધાની વૈશાલી બની, જે ત્રણ કિલ્લાઓથી વીંટાયેલી હતી. પુરાણો કહે છે કે, નરવ્યાઘ્રના પુત્ર વિશાલ રાજાએ 'વૈશાલી'[૭] વસાવી. સંભવ છે કે, વૈશાલીને શરૂઆતમાં એક ગઢ હશે અને વસવાટ વધતાં વધતાં બીજો, ત્રીજો ગઢ બાંધ્યો હશે. આવી રીતે વૈશાલી એવું અનુરૂપ નામ મળ્યું છે. આજે વૈશાલી વિદ્યમાન નથી. તે સ્થાને આજે વેસાડ બનિયા, કામનછપરાગાછી, વાસુકુંડ અને કોલુવા ગામો વસેલાં છે, જે વૈશાલી, વાણિજ્ય, કર્માર, કુંડપુર અને કોલ્લાગની સ્મૃતિરૂપે હોય એમ લાગે છે. જ્ઞાત એ છ આર્ય જાતિઓમાંની એક છે. રાહુલ સાંકૃત્યાયન કહે છે કે, આ જાતિ આજે વેસાઢમાં જથરિયા તરીકે પ્રસિદ્ધ છે. ભ૦ મહાવીર જ્ઞાતજાતિમાં જન્મ્યા છે. તેથી "જ્ઞાત–પુત્ર" તરીકે વિખ્યાત

છે. ઈ. સ. ૧૯૦૩ થી ૧૯૧૪ સુધી વૈશાલીનું જે ખોદાણ-કામ થયું છે, તેના ખંડેરોમાં આજે એક માઈલના ઘેરાવાવાળો ગઢ છે. ગઢથી વાયવ્યમાં અશોક સ્તૂપ, મર્કટહ્રદ યાને રામકુંડ છે. પશ્ચિમે એક મંદિર પાસે જિન, બુદ્ધ અને શિવ વગેરેની ખંડિત પ્રતિમાઓ છે. ખોદાણમાંથી પ્રાચીન સિક્કાઓ પણ મળ્યા છે. ગઢથી વાયવ્યમાં ૧ માઈલ પર બનિયા ગામ પાસે અશોક સ્તંભ છે, ત્યાં બૌદ્ધ સંઘારામ પણ હતો. બે માઈલ દૂર કોલવા ગામ છે. (ઈશાન તરફ વાસુકુંડ અને પૂર્વમાં કામનછપરાગાછી ગામો છે.) કોલવા, બનિયા અને વેસાડની પૂર્વે નદીનો જૂનો પટ છે, જેનું નામ ન્યોરીનાળા (નેવલી-નાળા) છે. આજે ત્યાં ખેતી થાય છે (પૃ. ૧૦ થી ૨૦). ચીની યાત્રી ફાહિયાન લખે છે કે, વૈશાલીની[૧૬] દક્ષિણે ૩ લી પર આમ્રપાલીનો બાગ છે. બુદ્ધ પરિનિર્વાણ માટે પોતાના શિષ્યો સાથે ચાલ્યા. વૈશાલીના પશ્ચિમ દરવાજા પાસે ઊભા રહી જમણી તરફ વૈશાલી પર નજર ફેંકતા બોલ્યા કે, બસ! આ મારી છેલ્લી વિદાય છે. આ સ્થાને લોકોએ સ્તૂપ બનાવ્યો છે (પૃ. ૧૯). શ્રેણિકની લિચ્છવી રાણીએ અજાતશત્રુને જન્મ આપ્યો તે અજાતશત્રુ "વૈદેહી પુત્ર"[૫] કહેવાય છે (પૃ. ૧૧).

(૬) વેસાડની ઈશાનમાં રહેલું 'વાસુકુંડ' તે જ પ્રાચીન ક્ષત્રિયકુંડ છે આ. નેમિચંદ્રસૂરિ 'મહાવીરચરિય'માં તેને 'मज्झिमदेसमंडन' તરીકે ઓળખાવે છે. આથી ભગવાન મધ્ય દેશ એટલે વિદેહના હતા એમ લાગે છે. 'આચારાંગસૂત્ર'માં 'णाए नायपुत्ते नायकुलनिव्वत्ते, विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसुमाले तीसं वासाइं विदेहंसि त्ति' પાઠ છે અને ત્રિશલા રાણી માટે 'तिसलाइ वा विदेहदिन्नाइ वा पियकारिणी वा'

પાઠ છે, જેમાં ભગવાનને વિદેહ તરીકે અને ત્રિશલા રાણીને વિદેહ કન્યા તરીકે ઓળખાવ્યા છે. અહીં “વિદેહ” એ નામ માતાના કુળ સાથે સંબંધ રાખે છે. ત્રિશલા માતા વૈશાલીના રાજા ચેટકની બહેન હતી. આ કુટુંબ વિદેહ તરીકે વિખ્યાત હતું. તેથી ત્રિશલા રાણી વિદેહદત્તા નામે ઓળખાય છે અને ભગવાનને પણ મોસાળનું વિદેહ નામ મળ્યું છે. ભગવાન વિદેહમાં ત્રીશ વર્ષ રહ્યા હતા. ‘કલ્પસૂત્ર’ અને તેની ટીકાઓમાં પણ આ જ વર્ણન મળે છે. આથી સ્પષ્ટ છે કે, ભગવાનનો વિદેહ સાથે વિશેષ સંબંધ છે. દિગંબર આ૦ પૂજ્યપાદની ‘દશભક્તિ’માં અને આ૦ જિનસેનના ‘હરિવંશપુરાણ’માં ભગવાનનો જન્મ વિદેહના કુંડપુરમાં બતાવ્યો છે. આ દરેક પ્રમાણોથી પુરવાર થાય છે કે, ક્ષત્રિયકુંડ તે મધ્યમ દેશ એટલે આર્યાવર્તના વિદેહમાં એક નગર રૂપે હતું (પૃ. ૨૧ થી ૨૩).

‘સૂત્રકૃતાંગ’ અને ‘ભગવતી’માં ભગવાનને વૈશાલિક તરીકે સંબોધ્યા છે, એટલે ભગવાન વિદેહના હોવાથી “વિદેહ” તરીકે અને વૈશાલી નગરી સાથેના વિશેષ સંબંધથી “વૈશાલિક” તરીકે પ્રસિદ્ધ હતા. કહેવાની મતલબ એ છે કે, ક્ષત્રિયકુંડ તે વૈશાલીનું પરું કે તેની પાસેનું એક નગર હતું. (પૃ. ૨૨–૨૩).

‘ભગવતીસૂત્ર’માં વર્ણન છે કે ભગવાન બ્રાહ્મણકુંડના બહુશાલ ચૈત્યમાં પધાર્યા. બ્રાહ્મણકુંડની પશ્ચિમે ક્ષત્રિયકુંડ ગ્રામ હતું. ત્યાંના વતની જમાલી ક્ષત્રિયે બહુશાલ ચૈત્યમાં ભગવાન પાસે જઈ ૫૦૦ રાજપૂતો સાથે દીક્ષા લીધી. આથી

ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ પાસે પાસે હોવાનો સંભવ છે.

બૌદ્ધશાસ્ત્રો જણાવે છે કે, રાજગૃહીથી કુશીનારા ૨૫ યોજન થાય. વચમાં નાલંદા, પાટલિગ્રામ, ગંગા નદી, કોટિગ્રામ, નાદિકા, વૈશાલી વગેરે સ્થાનો આવે છે. નાદિકા તે ગાંતિકા ગ્રામનું બીજું નામ છે. આ ગામ[૧૭] બે વિભાગમાં વહેંચાયેલું છે. વચમાં તળાવ છે એકમાં મોટા પિતાના અને બીજામાં નાના પિતાના પુત્રો રહેતા હતા. બસ ! આ ગાંતિકા ગ્રામ એટલે જ્ઞાતક્ષત્રિયોનું નગર તે જ આપણું ક્ષત્રિયકુંડ છે, જે વજ્જી દેશમાં છે. બુદ્ધની છેલ્લી યાત્રાથી પ્રતીત થાય છે કે, વૈશાલીની દક્ષિણે, વૈશાલી અને કોટિગ્રામની વચ્ચે ક્ષત્રિયકુંડ હતું. અમારી આ માન્યતા અનેક પ્રમાણોથી પુષ્ટ છે. (પૃ. ૨૩ થી ૨૬).

(૭) ડૉ. હોર્નલે વગેરેએ આ સંબંધમાં ભૂલો પણ કરી છે, જે આ પ્રમાણે છે:

ડૉ. યાકોબી તથા ડૉ. હોર્નલે માને છે કે વૈશાલી, વાણિજ્યગ્રામ, અને કુંડગ્રામ તે એક જ નગર છે. કોલ્લાગ તેનો મહોલ્લો છે, જેમાં ભ૦ મહાવીર જનમ્યા છે. દૂતિપલાશચૈત્ય અને જ્ઞાતખંડ ઉદ્યાન પણ એક જ છે. આ તેઓની ભૂલ છે. કારણ કે વૈશાલી, બ્રાહ્મણકુંડ અને ક્ષત્રિયકુંડ ગંડકી નદીને પૂર્વ કાંઠે હતાં. કર્મારગ્રામ કોલ્લાગ, વાણિજ્યગ્રામ અને દૂતિપલાશ ગંડકીને પશ્ચિમ કાંઠે હતાં. ભગવાન ક્ષત્રિયકુંડમાં જન્મ્યા હતા. તેમણે જ્ઞાતખંડ ઉદ્યાનમાં દીક્ષા લીધી હતી. તેમણે સ્થળ માર્ગે થઇ કર્મારગ્રામ પહોંચી, ત્યાં રાત્રિવાસ કર્યો. સવારે કોલ્લાગ સન્નિવેશમાં[૧૮] જઇ પારણું કર્યું. ભગવાન

વૈશાલીથી ગંડકી નદી વટાવી વાણિજ્યગ્રામ પધાર્યા હતા, જ્ઞાતખંડ ઉદ્યાન કુંડગ્રામ પાસે હતું. દ્યુતિપલાશ ઉદ્યાન વાણિજ્યગ્રામની ઈશાને હતું. વગેરે વગેરે વર્ણન પાઠોથી સ્પષ્ટ છે કે, તે દરેકે દરેક સ્થાનો જુદાં જુદાં હતાં. જો કે કોઈક બે નગરોનો સંયુક્ત શબ્દ પ્રયોગ મળે છે પણ તે દિલ્હી–આગરા, જોધપુર–જયપુર, બનિયા–વેસાડ વગેરેની જેમ માત્ર નિકટતા દર્શાવવા પૂરતાં જ છે.

તે બન્ને વિદ્વાનો 'સન્નિવેશ'નો જે અર્થ કરે છે તે પણ ભૂલભરેલો છે. કેમકે ચૂર્ણિ, ટીકા અને શબ્દકોષોમાં સન્નિવેશના અર્થો નગર, ગામ, નગર બહારનો પ્રદેશ, રચના, ઘોષ, પડાવનું ગામ, પડાવ વગેરે આપ્યા છે એટલે કુંડપુર સન્નિવેશ વગેરેમાં સન્નિવેશનો અર્થ ગામ થાય તે બરાબર છે. વળી તેઓ માને છે કે, સિદ્ધાર્થ અને ત્રિશલાનું વર્ણન રાજા અને દેવી તરીકે નહિ કિન્તુ ક્ષત્રિય અને ક્ષત્રિયાણી તરીકે મળે છે. આથી એમ લાગે છે કે, સિદ્ધાર્થ જ્ઞાત ક્ષત્રિયોનો સરદાર કે અમીર હતો. તેઓની આ માન્યતા પણ ભૂલભરેલી છે. કેમકે સિદ્ધાર્થ રાજા હતો, તેનાં અનેક પ્રમાણો છે.

બૌદ્ધોના 'એકપણ્ણજાતક'માં[૧૩] ખુલાસો છે કે, વજ્જીગણ સંઘમાં ૭૭૦૭ સાભાસદો હતા. તે દરેક રાજાઓ હતા. તેઓના હાથ નીચે એકેક ઉપરાજા, સેનાપતિ તથા કોષાધ્યક્ષ રહેતા હતા. આથી ચોક્કસ છે કે ગણસંઘના સભાસદો લિચ્છવી, મલ્લકી અને તેના ઉપરી ચેટક વગેરે દરેક રાજા જ હતા. સિદ્ધાર્થ પણ તેમાંના એક રાજા જ હતા.

'પ્રવચનસારોદ્ધાર'ની ટીકા, 'અભિધાનચિંતામણિ' અને શબરસ્વામીકૃત 'પૂર્વમીમાંસા'ની ટીકામાં ક્ષત્રિય અને રાજા શબ્દોને એકાર્થક બતાવ્યા છે. 'કલ્પસૂત્ર'માં[૨૨] સિદ્ધાર્થ રાજાને દંડનાયક, યુવરાજ, કોટવાલ વગેરે ૧૯ પદાધિકારી-ઓથી વીંટાયેલા વર્ણવ્યા છે. સાથોસાથ રાજા અને નરેંદ્ર શબ્દોથી સંબોધ્યા છે. દિગંબરોનાં 'દશભક્તિ', 'મહાવીર ચરિત્ર' અને 'શ્વેતાંબરીય શ્રીહેમચંદ્રાચાર્યના 'વીરચરિત્ર'માં ત્રિશલાને દેવી તરીકે સંબોધી છે. આ દરેક પ્રમાણોથી સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણી હતાં, એ નિર્વિવાદ સત્ય છે. ડૉ. હોર્નલે માને છે કે, બૌદ્ધકથામાં વૈશાલીના સ્વર્ણકળશવાળાં, રજત-કળશવાળાં તથા તામ્રકળશવાળાં ઘરોના ત્રણ ભાગો વર્ણવ્યા છે અને 'ઉપાસકદશાંગ'માં વાણિયગામનાં ઊંચ, નીચ તથા મધ્યમ એમ ત્રણ કુળો સૂચવ્યાં છે. આ બન્ને વર્ણનપાઠો એકરૂપે જ છે. તેમની આ કલ્પના ભ્રમણા રૂપ છે. કેમકે 'ઉપાસકદશાંગ'માં તો તે સ્થાને શ્રીગૌતમસ્વામીએ પ્રભુ પાસે કયા કુળની ભિક્ષા લેવી, તેની આજ્ઞા માગી છે. બીજાં સૂત્રોમાં પણ અન્યાન્ય નગરોના ભિક્ષાવર્ણનમાં આવા જ પાઠો છે. આ પાઠને બૌદ્ધ કથાના વૈશાલી વર્ણનના પાઠ સાથે કઈ રીતે સરખાવી શકાય?

શ્રીમતી સ્ટીવન્સને તો ડૉ. હોર્નલેની ભૂલોને કાયમ રાખી તેમાં એક નવી ભૂલનો વધારો કર્યો છે કે, 'ભ૦ મહાવીર વૈશ્યકુલોત્પન્ન હતા.'[૯] આ તો તેની ભયંકર ભૂલ છે.

શ્રીબલદેવ ઉપાધ્યાયે 'ધર્મ ઔર દર્શન' પૃ૦ ૮૫ માં અને તેના જ આધારે પં. કલ્યાણવિજયજીએ 'શ્રમણ

ભગવાન મહાવીર' પૃ૦ ૫માં ગંડકી નદીને પૂર્વ કાંઠે વૈશાલી અને પશ્ચિમ કાંઠે બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ, વાણિજ્યગ્રામ, કર્મારગામ, અને કોલ્લાગ વગેરે હોવાનું જણાવ્યું છે. તે પણ તેઓની ભૂલ જ છે.

ગોપાળદાસ જીવાભાઈ પટેલે 'શ્રીમહાવીર કથા'માં સિદ્ધાર્થને ક્ષાત્રય અને રાજા માન્યા છે. વિદેહ, મિથિલા, વૈશાલી અને વાણિજ્યગ્રામને એક માન્યાં છે. કુળનો અર્થ કુટુંબને બદલે ઘર કર્યો છે. આનંદ શ્રાવકને કોટુમ્બિકને બદલે જ્ઞાતકુળનો માન્યો છે. આ પ્રમાણે અનેક ભૂલો કરેલી છે, જેમાંની ઘણી ભૂલોનો ખુલાસો ઉપર આવી ગયો છે. ( પૃ. ૨૬ થી ૩૫ ).

(૮) શ્વેતાંબરો લછવાડ પાસે કુંડપુર માને છે અને દિગંબરો નાલંદા પાસે કુંડલપુર[૧૧] માને છે, તે ભ્રમણા છે. કેમકે ભગવાનનાં વિદેહ, વૈશાલિક વગેરે વિશેષણો, બહુશાલ ચૈત્યમાં પધારવું, વશાલીમાં ૧૨ ચોમાસાં વગેરેથી ભગવાનનો વશાલી સાથેનો સંબંધ પ્રતીત થાય છે, સાક્ષરવર્ય કલ્યાણ-વિજયજી પણ ' શ્રમણ ભગવાન મહાવીર'ની ભૂમિકામાં આ જ વસ્તુને પુષ્ટ કરે છે. 'અભિધાન રાજેન્દ્ર'માં ક્ષત્રિયકુંડ પાસે જ્ઞાતખંડ ઉદ્યાન, સ્થળ માર્ગે કર્મારગ્રામ તથા કોલ્લાગ અને વૈશાલી પાસે વાણિજ્યગ્રામ, દૂતિપલાશચત્ય અને કોલ્લાગ બતાવ્યાં છે, તેથી પણ એ જ વાત પુષ્ટ થાય છે. (પૃ. ૩૫ થી ૪૦)

(૯) લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ તે અંગદેશમાં છે. પર્વત ઉપર છે. તેની તળેટી પાસે નાળું છે, પણ ગંડકી નદી નથી, તે વૈશાલીથી દૂર છે. તે ગંગાની દક્ષિણે છે એટલે

તે જન્મસ્થાન ક્ષત્રિયકુંડ નથી; જ્યારે વૈશાલી પાસેનું ક્ષત્રિયકુંડ સાચું છે. અમે ઈ. સ. ૧૯૧૪માં આ સ્થાનનું નિરીક્ષણ કર્યું છે. અહીંના લોકો આ સ્થાનને "જન્મસ્થાન" માને છે. ફરક એ છે કે, ગંડકી નદીનો પ્રવાહ બદલાઇ ગયો છે એટલે વાણિયાગ્રામ, કમોરગ્રામ અને કોલ્લાગ નદીની પૂર્વ તરફ આવી ગયાં છે. ( પૃ. ૪૦–૪૧ )

એકંદરે ઇતિહાસતત્ત્વમહોદધિ આ. શ્રીવિજયેંદ્રસૂરિ એમ જ માને છે કે, વશાલીનું પરું વાસુકુંડ જ ક્ષત્રિયકુંડ છે. ગાંતિક તેનું બીજું નામ છે.

## ત્રણ માન્યતાઓ:

ક્ષત્રિયકુંડ ક્યાં આવ્યું ? આ માટે ઉપર મુજબ ત્રણ મતો પ્રવર્તે છે. ટૂંકામાં કહીએ તો શ્વેતાંબરો લછવાડ પાસે ક્ષત્રિયકુંડને અને દિગંબરો નાલંદા પાસે કુંડલપુરને તેમજ સંશોધકો વૈશાલી પાસે વેસાડ, કોટિગ્રામ, કોલ્લાગ, વાસુકુંડ કે ગાંતિક ગ્રામને ક્ષત્રિકુંડ માને છે.

આમાંનો બીજો મત દિગંબરોનો છે, જો કે દિગંબર શાસ્ત્રોમાં ભ૦ મહાવીરસ્વામીનો જન્મ કુંડપુરમાં જ બતાવ્યો છે.[૧૦] પરંતુ તેમાં તેરાપંથે ઘણી દિગંબર માન્યતાઓના મનમાન્યા અર્થ કર્યા છે, તેવું કંઈક આ બાબત માટે પણ બન્યું છે. એટલે અર્વાચીન દિગંબરો કુંડપુરનો અર્થ કુંડલપુર[૧૧] કરી ત્યાં ભગવાનનો જન્મ માને છે. તેઓની માન્યતા પ્રમાણે નાલંદા પાસેનું કુંડલપુર એ ભગવાનની જન્મભૂમિ છે. નાલંદા એ ઈતિહાસ પ્રસિદ્ધ સ્થાન છે. ભ૦ મહાવીરસ્વામીએ ૧૪

ચોમાસાં ત્યાં કર્યાં છે. નાલંદા પાસે કુંડપુર હતું, એનો એક પણ ઉલ્લેખ મળતો નથી. તે કુંડપુર નાશ પામ્યું તેનો ય પુરાવો મળતો નથી અને આજે પણ ત્યાં કુંડપુર નામનું કોઈ સ્થાન જ નથી. આજે ત્યાં કુંડલપુર છે. આવી પરિસ્થિતિ હોવાથી દિગંબરો પણ તે કુંડલપુરને નિશ્ચયથી ક્ષત્રિયકુંડ હોવાનું માનતા નથી. સ્પષ્ટ વાત છે કે, કુંડલપુરને કુંડપુર ઠરાવનાર સબળ પ્રમાણ એકે નથી. એટલે વધુ પ્રમાણો ન મળે ત્યાં સુધી આ સ્થાનને ક્ષત્રિયકુંડ માનવાનું મુલતવી રાખી આગળ વધીએ.

હવે ક્ષત્રિયકુંડ લછવાડ પાસે આવ્યું કે વૈશાલી પાસે? એમાં પહેલા અને ત્રીજા મતનો નિર્ણય કરવાનું બાકી રહે છે.

**સપ્રમાણ-વિચારણા:**

ક્ષત્રિકુંડ ક્યાં આવ્યું? આ માટે આધાર સ્તંભો તો માત્ર જ્ઞાત, વિદેહ, વૈશાલિક, ગણરાજ, કુંડપુર, ક્ષત્રિયકુંડ, બ્રાહ્મણકુંડ, બ્રાહ્મણગ્રામ, કર્માર, કોલ્લાગ, ગાંતિક, જળમાર્ગ, વિહારમાર્ગ, વિહારસ્થાનો વગેરે વગેરે શબ્દોના પ્રયોગો મળે છે તે જ છે. અને તેના આધારે જ આપણે સત્ય પામી શકીએ તેમ છીએ.

એટલે આપણે હવે તે તે શબ્દો અને તે અંગેની માન્યતાઓ છે, તેના આધારે ક્ષત્રિયકુંડની વાસ્તવિક ક્ષેત્રસ્થિતિ ઇત્યાદિનો સ્વતંત્ર વિચાર કરીએ.

**૧. આર્યદેશ અને ક્ષત્રિયકુંડ:**

ભારતવર્ષના મધ્ય ખંડમાં સાડી પચીસ આર્યદેશો છે.[૧] તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ અને પ્રાયઃ વિહારભૂમિઓ

તે દેશોમાં જ આવેલી છે. લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ તથા વૈશાલી પાસેનું વાસુકુંડ આર્યદેશમાં છે.

મુનિઓને પણ સામાન્ય રીતે તો સાડી પચીસ દેશોમાં વિચરવાની આજ્ઞા છે. છતાં પણ 'બૃહત્કલ્પ'માં [૨]અંગ-મગધ, વત્સ ( કૌશામ્બી ), સ્થૂણ ( કુરુક્ષેત્ર ), અને કુણાલની સરહદ સુધીના દેશોને મુનિઓના વિહાર માટે તત્કાલીન આર્યભૂમિ તરીકે બતાવ્યા છે, એ તે સમયે તે દેશોમાં ધર્મપ્રધાનતા વિશેષ હતી એના કારણે જ બતાવ્યા છે. જો એમ ન હોય તો તે સીમાડા બહાર ભગવાનની કલ્યાણક ભૂમિઓ છે તેમજ વીતભય, કોટિકવર્ષ, ભદ્રિકા, ઋજુવાલુકા, પાવાપુરી, વગેરે વિહાર ભૂમિઓ છે તે કેમ હોય ? આથી સાડી પચીસ આર્યદેશો છે અને મધ્યના અમુક દેશો પ્રધાન ધર્મભૂમિ છે એમ માનવું એ તર્કસંગત સમન્વય છે. બૌદ્ધશાસ્ત્રોમાં અને 'શ્રીભગવતીસૂત્ર'માં સોળ મહાજનપદો[૩] બતાવ્યા છે, જેનું ક્ષેત્રફળ વિશાળ છે, તે પણ સાડી પચીસ આર્યદેશોમાંના જ છે, એટલે સાડી પચીસ દેશો જ તત્કાલીન વિહારભૂમિ છે અને તત્કાલીન ધર્મભૂમિ છે, જેમાં વળી સામ્રાટ્ સંપ્રતિ પછી ઘણો જ વધારો થયો છે. મૂળ વાત એ છે કે, વાસુકુંડ અને ક્ષત્રિયકુંડ બન્ને આર્યદેશોમાં જ છે.

## ૨. પાટનગર વૈશાલી:

તે સમયે વૈશાલી ગણરાજ્યની પ્રધાન રાજધાની હતી.

ઇતિહાસ કહે છે કે, વિદેહની[૪] પ્રજાએ કન્યા પર આક્રમણ કરનાર મહાકામી કરાલ રાજાને મારી નાખી,[૭]

મિથિલામાં ગણુ રાજ્યની સ્થાપના કરી. સમય જતાં વૈશાલીના લિચ્છવીઓ પણ તેમાં સામેલ થયા. પરિણામે એ ગણુ-શાસકોનો વૃજ્જીસંઘ કાયમ થયો અને તેની રાજધાની મિથિલાને બદલે વશાલી બની. વૃજ્જીસંઘ (વજ્જીસંઘ) નો અર્થ વ્રજસંઘ, સમૂહસંઘ કે લોકશાસન થાય છે. સુરભીપુરમાં ભગવાન મહાવીરસ્વામીને વંદન કરનાર પાંચ રથનૈયકવાળા[૧૨] રાજાઓ પણ ગણુરાજો હોય એમ સંભવે છે. મગધ અને અંગદેશની દક્ષિણે પણ ગણુ રાજ્યો સ્થાપિત થઈ ગયાં હતાં. મિશ્રબંધુઓ 'કુરુવંશના પ્રાચીન ઇતિહાસ'માં જણાવે છે કે, હજારીબાગ જિલ્લો અને માનભૂમિનો પ્રદેશ તે સમયે મલ્લ (મલય) તરીકે પ્રસિદ્ધ હતો. મલ્લોનું પણ ગણુરાજ્ય સ્થાપિત થઈ ચૂકયું હતું. **ગણુ રાજ્યોમાં સભાસદોની સમિતિદ્વારા રાજશાસન ચાલતું હતું.**[૧૩]બૌદ્ધોના 'એકપણ્ણજાતક' ગ્રંથના ઉલ્લેખ પ્રમાણે ગણુસંઘના ૭૭૦૭ સભ્યો હતા અને તે દરેક રાજા તરીકે મનાતા હતા, જેના હાથ નીચે ઉપરાજા, સેનાધિપતિ, ભંડારી એમ દરેક જાતના અમલદારો રહેતા હતા. ગણુ રાજ્યોની પાટનગરી વૈશાલી હતી અને ગણુરાજાઓનો વડો રાજા **મહારાજા ચેટક** હતો. આ ગણુતંત્રમાં પ્રજાની ભાવનાને મહત્તા અપાતી હતી. મહારાજા ચેટકના સમય સુધી ગણુતંત્રનો ખૂબ જ વિકાસ થયો હતો. મગધરાજ કોણિકે મહારાજા ચેટકને મારી નાખી પ્રજાતંત્ર વાદને ફટકો માર્યો, ત્યારથી લોકશાસનવાદનો વિકાસ રુંધાવા લાગ્યો. અંતે ગુપ્તવંશના રાજવીઓના પતન સાથે આ લોકશાસન વ્યવસ્થાનું પણ પતન થયું.

આ ઇતિહાસથી જાણી શકાય છે કે, તે સમયે વૈશાલી એ

ગણરાજ્યોનું કેન્દ્ર નગર હતું. લિચ્છવી જાતિનો ચેટક રાજા ત્યાંનો મહારાજા હતો. તે સમયે લિચ્છવીઓની પ્રતિષ્ઠા ખૂબ જામેલી હતી. મહારાજા ચેટક પોતાની કન્યા જેવા તેવા વંશમાં આપતો જ નહોતો, અને એ જ કારણે તેણે મગધરાજ શ્રેણિકને પોતાની કન્યા આપવાની સાફ ના સંભળાવી હતી. એ સમયે વિદેહ દેશ સભ્યતા અને સંસ્કૃતિની ચરમ સીમાએ પહોંચ્યો હતો. ત્યારે વિદેહની કન્યા કે લિચ્છવીની કન્યા લેવી એ એક અભિમાનની વસ્તુ લેખાતી હતી. સાથોસાથ વિદેહ કન્યા કે લિચ્છવી કન્યાના પુત્ર થવું એ પણ સન્માનભર્યું ગણાતું હતું. ઇતિહાસમાં વિદેહ, વિદેહી, વિદેહદત્તા, વૈદેહીપુત્ર, વદેહદત્ત, લિચ્છવી દૌહિત્ર[૧૪] અને કુમારદેવીપુત્ર (?) વગેરે વગેરે વિશેષણો કે નામો મળે છે, તે આ જાતની પ્રશંસાના કારણે જ છે.

તે સમયે જેમ વૈશાલી વગેરે ગણ રાજ્યો હતાં. તેમ મગધ, અંગ, માળવા, સિંધુ, સૌવીર વગેરે એકહથ્થુ સત્તા-વાળા એકસત્તાક અનેક રાજ્યો પણ હતાં. એકસત્તાક રાજ્યોની વ્યવસ્થા એક જ રાજાની ઇચ્છા પ્રમાણે ચાલતી હતી.

મહારાજા ચેટકના શાસનકાળમાં વૈશાલી એ ઉન્નત દશાવાળું નગર હતું.

### ૩. વૈશાલી અને ગંડકી નદી:

ભ૦ મહાવીર વૈશાલીથી વિહાર કરી નાવ વડે ગંડકી નદી[૧૫]પાર કરી વાણિજ્ય ગામ પધાર્યા હતા. આથી વૈશાલી અને વાણિજ્ય ગ્રામની વચ્ચે આડી પાણીથી ભરેલી ગંડકી નદી હતી, એ ઐતિહાસિક વાત છે.

પં. કલ્યાણવિજયજી મ. ગંડકીની પૂર્વમાં વૈશાલી અને પશ્ચિમ કાંઠે કુંડપુર, વાણિજ્યગ્રામ, કર્મારગ્રામ તથા કોલ્લાગ હોવાનું માને છે. જ્યારે આ. શ્રીવિજયેંદ્રસૂરિ આ માન્યતાને ભ્રમણા રૂપ જાહેર કરી ગંડકીની પૂર્વ કાંઠે વશાલી તથા કુંડગ્રામને અને પશ્ચિમી કાંઠે કર્માર ગ્રામ, કોલ્લાગ તથા વાણિજ્યગ્રામને સ્થાપે છે. એ કે કુંડગ્રામની સ્થાપના માટે એ બન્ને વિદ્વાનોમાં જ મતભેદ છે પરંતુ શાસ્ત્રમાં કુંડગ્રામ અને કર્માર ગ્રામની વચ્ચે જળમાર્ગ અને સ્થળમાર્ગ એમ બે માર્ગો [૨૯]બતાવ્યા છે, તેના હિસાબે તો આ બન્નેય માન્યતાઓ ખોટી ઠરે છે. બાકી વૈશાલી પાસે ગંડકી નદી હતી, એ નક્કર વાત છે.

શાસ્ત્રમાં ક્ષત્રિયકુંડ પાસે ગંડકી નામની નદી હોવાનો કે ગંડકીને કાંઠે કુંડપુર હોવાનો એક પણ ઉલ્લેખ નથી. એટલે ક્ષત્રિયકુંડ પાસે ગંડકી નદી હતી એમ માનવું એ સપ્રમાણ નથી.

ફલસ્વરૂપ માનવું પડે છે કે, વૈશાલી અને વાણિજ્ય ગ્રામની વચ્ચે માત્ર જળમાર્ગ જ હતો, સ્થળમાર્ગ કે પૂલ નહોતો.

### ૪. વૈશાલીનાં ગામોઃ

'દીઘનિકાય'માં બુદ્ધનો વિહાર આ રીતે બતાવ્યો છેઃ વૈશાલી, ભંડગ્રામ, હસ્તિગ્રામ, આમ્રગ્રામ, જંબુગ્રામ, ભોગ-નગર અને પાવા. 'સુત્તનિપાત્ત'માં વર્ણન છે કે અજિત વગેરે ૧૬ જટાધારીઓ અલ્લકથી નીકળી કોશાંબી, સાકેત (અયોધ્યા), શ્રાવસ્તી, શ્વેતાંબી, કપિલવસ્તુ, કુશીનારા, મંદિર,

પાવા, ભોગનગર વશાલી થઈ મગધપુર (રાજગૃહી) પહોંચ્યા. 'મહાપરિનિવ્વાણસુત્ત'માં બુદ્ધનો અંતિમ વિહાર બતાવ્યો છે કે, અંબલત્થિકા, નાલંદા, પાટલિગ્રામ (પટણા), ગંગાનદી, કોટિગ્રામ, નાદિકા, વશાલી અને ભંડગ્રામ વગેરે.[16]

ચીની યાત્રી ફાહિયાન લખે છે કે, બુદ્ધદેવ પોતાના શિષ્યો સાથે પરિનિર્વાણ માટે જતા હતા ત્યારે આમ્રપાલી વેશ્યાના બાગથી વશાલી પાસે થઈ ભંડગ્રામ ગયા હતા. તેમની જમણી દિશામાં વૈશાલી હતી વગેરે.

'શ્રીઆચારાંગ સૂત્ર' તથા 'કલ્પસૂત્ર'માં ઉલ્લેખ છે કે, ભ૦ મહાવીરે વૈશાલી નગરી અને વાણિજ્ય ગ્રામની નિશ્રાએ બાર ચોમાસાં કર્યાં.[30]

'ઉપાસકદશાંગ સૂત્ર'માં વર્ણન છે કે, વાણિજ્ય ગ્રામ નગર હતું. ત્યાં જિતશત્રુ રાજા હતો. તેના ઈશાન ખૂણામાં દ્રુતિપલાશ ચૈત્ય હતું. તથા વાણિજ્ય ગ્રામની બહાર ઈશાનમાં જ કોલ્લાગ[18] નામનો સન્નિવેશ હતો. ભ૦ મહાવીરસ્વામી દ્રુતિપલાશ ચૈત્યમાં સમોસર્યા. ભ૦ ગૌતમસ્વામી પ્રભુની આજ્ઞા લઈ વાણિજ્ય ગ્રામમાં ગોચરીએ ગયા અને પાછા વળતાં પાસેના કોલ્લાગ સન્નિવેશમાં જ્યાં જ્ઞાતકુળો હતાં અને તેઓની પોષધશાળા હતી, ત્યાં પધાર્યા.

'હેમી વીરચરિત્ર' સ. ૪, શ્લો. ૧૩૯માં લખ્યું છે કે, ભ૦ મહાવીર વૈશાલીથી નીકળી, નાવમાં બેસી, ગંડકી નદીને પાર કરી વાણિજ્ય ગ્રામ પધાર્યા.[15]

આ વર્ણનપાઠોના આધારે વૈશાલી નગરીનો નકશો નીચે મુજબ તૈયાર થાય. વશાલીની દક્ષિણે અનુક્રમે નાદિકા,

કોટિગ્રામ અને ગંગા નદી. નાદિકાનું બીજું નામ આંતિક ગ્રામ[૧૭] હતું. વૈશાલીની એક તરફ જળભરી વહેતી ગંડકી નદી, તેને સામે કાંઠે વાણિજ્ય ગ્રામ, તેના ઇશાન ખૂણામાં પાસે પાસે દૂતિપલાશ ચૈત્ય અને કોલ્લાગ સન્નિવેશ, વૈશાલીથી સંભવત: વાયવ્યમાં ભોગનગર ઇત્યાદિ.

આંતિક ગ્રામમાં જ્ઞાતક્ષત્રિયોની વસ્તી હતી. કોલ્લાગમાં જ્ઞાતક્ષત્રિયોનાં ઘરો અને ઉપાશ્રય હતા. આ બંને સ્થાનોમાં જ્ઞાત ઉદ્યાન હતું જ નહીં. દૂતિપલાશચૈત્ય ઉદ્યાન હતું, જેની વચ્ચે ચૈત્ય પણ હતું.

વૈશાલી અને વાણિજ્ય ગ્રામ પાસે પાસે હતાં, તેનું જોડિયું નામ પણ મળે છે, તે આજ કાલના દિલ્હી–આગરા અને મહુવા–દાઠા વગેરેની જેમ નિકટતા દર્શાવવા માટે જ છે.

વૈશાલી પાસે ઉપર લખ્યાં છે તે સિવાય બીજાં કયા કયા ગામો હતાં તેની નોંધ મળતી નથી. ક્ષત્રિયકુંડ કે બ્રાહ્મણકુંડ તેની પાસે હતાં, તેનો પણ કોઈ ઉલ્લેખ મળતો નથી. આ સ્થિતિમાં વૈશાલી–કુંડપુર કે વૈશાલી–ક્ષત્રિયકુંડ એવાં જોડિયાં નામ હોવાની આશા તો રખાય જ કેમ?

### ૫. વૈશાલી અને બેસાઢ:

વૈશાલી નાશ પામી છે પણ આજે તેના સ્થાને બેસાડ-ગઢ, જે પટણાની ઉત્તરે ૨૭ માઇલ દૂર છે, તેનાથી નૈઋત્યમાં એક સ્તૂપ છે. વાયવ્યમાં બનિયા ગામ અને અશોકનો સ્તૂપ છે. વાયવ્યોત્તરમાં કોલવા ગામ છે. ઈશાનમાં વાસુકુંડ ગામ છે અને પૂર્વમાં કામનછપરાગાછી છે. નૈઋત્યીય

સ્તૂપ, બનિયા, અને કોલ્હાવાની પશ્ચિમે ન્યૌરીનાળા કે નેવલીનાળા નામનો નદી પટ છે.

પ્રાચીન કાળનાં વૈશાલી, વાણિજ્ય ગ્રામ અને કૌલ્લાગની સાથે અર્વાચીન વેસાડ, બનિયા અને કોલવાની માત્ર નામ-સામ્યતા છે, જ્યારે વેસાડ અને બનિયાની વચ્ચે ગંડકી નદી નથી ઈત્યાદિ ભિન્નતા પણ છે. નદીનું વહેણ પલટાઈ ગયું હોય કે ગામોનાં સ્થાનો બદલાઈ ગયાં હોય પરંતુ આ વેસાડ અને બનિયાની વચ્ચે આજે તો નદી નથી એ વાત ચોક્કસ છે.

ગાંતિક ગામ વશાલીની દક્ષિણે હતું, વેસાડની દક્ષિણે નથી. વાસુકુંડ ગ્રામ વૈશાલીની ઇશાને નહોતું, જે આજે વેસાડ ગઢની ઇશાનમાં છે. આ બંને એક ક્ષત્રિયકુંડ કેમ બની શકે ? કુંડપુરને બદલે વાસુકુંડ શબ્દ બને તેનો આધાર પાઠ પણ મળતો નથી. કદાચ કલ્પના કરીએ તો પણ કુંડ-ગ્રામને સ્થાને વાસુકુંડ બન્યું છે એમ માનવા કરતાં વૈશ્ય-ગ્રામને સ્થાને વાસુકુંડ બન્યું છે; એમ માનવું એ વધુ તર્કસંગત છે.

જુદા જુદા પ્રમાણોથી અહીં તો એટલું જ ચોક્કસ તારવી શકાય છે કે, વૈશાલીના સ્થાને આજે વેસાડગઢ વિદ્યમાન છે.

### ૬. પાટનગર કુંડપુર:

'આચારાંગ સૂત્ર' 'ભગવતી સૂત્ર' 'કલ્પસૂત્ર' અને 'આવશ્યક નિર્યુક્ત'માં [૧૯] ક્ષત્રિયકુંડ માટે કુંડપુરનગર, માહણ કુંડગામનગર, ક્ષત્રિયકુંડ ગામનગર, દક્ષિણ બ્રાહ્મણ કુંડપુર સન્નિવેશ, ઉત્તર ક્ષત્રિયકુંડપુર સન્નિવેશ, અને

બ્રાહ્મણગામ[20] વગેરે શબ્દો વપરાયા છે. તેથી સમજાય છે કે, કુંડપુર નગર હતું. તેના બે ભાગ હતા. ૧ પૂર્વમાં બ્રાહ્મણ કુંડનગર અને ૨ પશ્ચિમમાં ક્ષત્રિય કુંડનગર. તે બંનેના પણ બબ્બે વિભાગો હતા. ૧ ઉત્તર બ્રાહ્મણકુંઠ અને ૨ દક્ષિણ બ્રાહ્મણકુંડ. આ વિભાગોમાં બ્રાહ્મણોનાં ઘર વિશેષ હતાં. ૩ ઉત્તર ક્ષત્રિયકુંડ એ વિભાગમાં ક્ષત્રિયોનાં ઘણાં ઘરો હતાં અને ૪ દક્ષિણ ક્ષત્રિયકુંડ.

બ્રાહ્મણકુંડ પાસે બહુશાલ ચૈત્ય હતું, જેમાં ઉદ્યાનની વચ્ચે ચૈત્ય હતું. ક્ષત્રિયકુંડની પાસે જ્ઞાતખંડવન ઉદ્યાન હતું. આ ઉદ્યાનમાં ચૈત્ય નહોતું.[21]

સન્નિવેશના અર્થો અનેક થાય છે, તેમાં “ સાર્થવાહો અને મુસાફરો ઊતરે એવું સ્થાન ” એ પણ એક અર્થ છે. જેમ અત્યારે અમુક અમુક કોશને આંતરે મુસાફરોની સગવડતા માટે ડાકબંગલા હોય છે, સૈન્ય માટે પડાવ સ્થાનો હોય છે, મિનારાઓ હોય છે, તેમ પ્રાચીન કાળમાં મુસાફરો માટે અમુક કોશને આંતરે શહેરમાં, ગામમાં, નેસડામાં કે વેરાન જંગલમાં જળાશય પાસે સન્નિવેશો રહેતાં હતાં. ક્ષત્રિયકુંડ નગર હતું, પરંતુ તેની પાસે સન્નિવેશ પણ હતો એટલે તે સન્નિવેશ તરીકે પણ વિખ્યાત હતું અને તેથી શાસ્ત્રમાં તેનો ‘ સન્નિવેશ ’ તરીકે પણ પરિચય મળે છે. કુંડપુરના રાજપૂત જમાલી વગેરે ૫૦૦ રાજપુત્રોએ અને પ્રિયદર્શના વગેરે ૧૦૦૦ રાજકન્યાઓએ એકીસાથે ભ૦ મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી. આ આંકડા પરથી ત્યાં ક્ષત્રિયો મોટી સંખ્યામાં વસતા હતા, એ સહેજે સમજી શકાય તેમ છે. એ ક્ષત્રિ-

ઓમાં જ્ઞાત પ્રમુખ અનેક જાતિઓ હતી. બ્રાહ્મણકુંડમાં બ્રાહ્મણનાં ઘરો ઘણાં હતાં, અને એ જ રીતે કુંડપુરમાં વૈશ્યો-વેપારીઓ તથા વસવાયા વગેરે પણ સારી સંખ્યામાં રહેતા હતા.

કુંડપુરના નગર વિભાગો, ઘરો, સન્નિવેશો અને ઉદ્યાનોના આંકડાઓથી ખાતરીપૂર્વક કહી શકાય તેમ છે કે, ભગવાન મહાવીરસ્વામીના સમયે કુંડપુર એક મોટું જાહોજલાલીવાળું શહેર હતું. ભ૦ મહાવીર માટેનાં સ્વપ્ન, જન્મ અને દીક્ષાના પ્રસંગનું વર્ણન પણ કુંડપુરને નગર તરીકે જાહેર કરે છે.

'કલ્પસૂત્ર'માં કુંડપુરના રાજપરિકરના[22] વર્ણનમાં નરેંદ્ર, ગણરાજો, દંડનાયક, યુવરાજ, કોટવાલ, દાણી, કુટુંબના મોવડી, મંત્રી, મહામંત્રી, જ્યોતિષી, પ્રતીહાર, દ્વારપાલ, અમાત્ય, દાસ, પીઠમર્દક (અંગરક્ષક), નાગરિકો, વ્યાપારી શેઠ, સેનાપતિ, સાર્થવાહ, દૂત અને સંધિપાલ વગેરેની યાદી આપેલી છે. આ રાજ રસાલો કુંડપુરને રાજધાની તરીકે પુરવાર કરે છે એટલે જેમ વૈશાલી નગરી હતી અને લિચ્છવીઓની રાજધાની હતી તેમ કુંડપુર નગર હતું અને જ્ઞાત ક્ષત્રિયોની રાજધાનીનું શહેર પણ હતું.

કુંડપુર કયા સ્થાને હતું, તેનો શાસ્ત્રીય ઉલ્લેખ મળતો નથી, કિન્તુ ભગવાન મહાવીરસ્વામીના વિહારમાં બ્રાહ્મણગ્રામ બતાવ્યું છે. આ બ્રાહ્મણગ્રામ તે જ બ્રાહ્મણકુંડ ગામ હોય તો નક્કી છે કે કુંડપુર ગંગાની દક્ષિણે હતું. ભગવાન રાજગૃહીથી વિચરતાં કોલ્લાગ, સુવર્ણખલ અને બ્રાહ્મણગામ

થઇ ચંપા પધાર્યા હતા અને તેમણે ત્યાં જ ચોમાસું કર્યું હતું.[૨૦] આ ઉલ્લેખ ઉપરથી માની શકીએ છીએ કે, કુંડપુર એ ગંગાની દક્ષિણે રાજગૃહી અને ચંપાની વચ્ચે હતું. કુંડપુરનું સ્વતંત્ર ગણરાજ્ય હતું. તેની વાયવ્યમાં મગધ રાજ્ય, ઉત્તરમાં મોદગિરિનો પ્રદેશ અને દક્ષિણમાં મલયનું રાજ્ય હતું.

પ્રાચીન ક્ષત્રિયકુંડ પહાડી ઘાટી ઉપર હતું, તેનો એક પણ ઉલ્લેખ મળતો નથી પરન્તુ અમુક વર્ણન સ્થાનો ઉપરથી કલ્પના થાય છે કે, પ્રાચીન ક્ષત્રિયકુંડ કદાચ પહાડી ઘાટીમાં વસ્યું હશે. તે આ પ્રમાણે છે:

૧. ભગવાન જ્યારે જ્યારે અહીં પધાર્યા ત્યારે ત્યારે બ્રાહ્મણકુંડ ગામના બહુશાલ ચૈત્યમાં રહ્યા હતા. આથી સમજી શકાય છે કે ક્ષત્રિયકુંડ પહાડી પર હશે, માર્ગ કઠણ હશે માટે જ તેઓ બ્રાહ્મણકુંડમાં સ્થિરતા કરતા હશે.

૨. વૈશાલી પાસે દૂતિપલાશ ચૈત્ય હતું. સંભવ છે કે તેમાં બે ત્રણ પલાશનાં ઝાડો ખાસ ધ્યાન ખેંચે તેવાં હશે, જ્યારે ક્ષત્રિયકુંડ પાસે બહુશાલ ચત્ય હતું. તેમાં શાલનાં ઝાડો વધુ પ્રમાણમાં હશે. શાલઝાડ બહુ હોય એ હિસાબે પણ ત્યાં પહાડી કે ઊંચી નીચી ભૂમિ હોવાનું કલ્પી શકાય છે.

૩. ક્ષત્રિયકુંડથી કર્માર ગામ જવા માટે જળમાર્ગ અને સ્થળમાર્ગ એમ બે જાતના માર્ગો હતા. આ સ્થિતિ પહાડી જમીન હોવાના કારણે જ વધુ સંભવિત છે.

આ કારણોથી ક્ષત્રિયકુંડ પહાડી ઘાટી ઉપર હશે એમ અનુમાન કરી શકાય.

૪. પ્રાચીન કાળની રાજધાનીઓ પહાડી પર વધારે સુરક્ષિત લેખાતી હતી. કુંડપુર પણ ગણરાજ્યની રાજધાનીનું શહેર હતું એટલે પહાડી ઉપર હોય એ શક્ય છે.

## ૭. ક્ષત્રિયકુંડ અને નદી વગેરે:

'આવશ્યક નિર્યુક્તિ'ની ટીકામાં પાઠ છે કે, જ્ઞાતખંડ ઉદ્યાનથી કર્મારગ્રામ જવાના બે રસ્તા હતા. એક રસ્તો[૨૯] પાણીમાં થઈને નીકળતો હતો અને બીજો રસ્તો કોરી જમીન પર ચાલીને જવાનો હતો. આથી કુંડપુરની પાસે નદી હતી એમ માની શકાય છે. આ નદીનું નામ મળતું નથી તેમજ તેમાં બારે માસ પાણી વહેતું કે નહીં તે જાણવાનું કંઈ સાધન નથી. તેમાં કાર્તિક માસમાં પાણી વહેતું હતું એમ તે વર્ણન પરથી જાણી શકાય છે. આ નદી એવી રીતે ઊભી પડી હતી કે, થોડા વધુ ચક્રાવો લઈએ તો તેને છોડીને પણ સીધા કર્મારગ્રામ જઈ શકાય તેમ હતું.

નદીને સામે કાંઠે ગામ હોય તો નદીને ઓળંગવી જ પડે પરંતુ નદીને આ કાંઠે જ ગામ હોય અને નદી પણ વળાંક ખાઈ આગળ વધી વચમાં આવી બીજો વળાંક લઈ પાછી આવી જતી હોય ત્યારે નદીને કિનારે કિનારે સ્થળમાર્ગે ચાલી સામે ગામ પહોંચી જવાય. આ રીતે નદી હોય ત્યારે તેને ઓળંગવાની જરૂર રહેતી નથી.

આવા વળાંકો પહાડી નદીઓમાં વિશેષ હોય છે. ચાણુસમા અને પિંપર, લછવાડ અને ક્ષત્રિયકુંડ, બાપાનો બંગલો અને કાલીકાંકર તથા બેતુર બહાદુર અને એલીચપુર

વચ્ચે આ જ રીતે નદીમાર્ગો અને સ્થળમાર્ગો પડ્યા છે.

ક્ષત્રિયકુંડ પહાડી ઘાટી પર તો છે જ. પહાડ પરથી સમતલ ભૂમિમાં આવવા માટે નદી કાંઠાનો માર્ગ વધારે સરળ હોય છે. પ્રાચીન કાળમાં અહીં પણ નદી પાસે એક એવો રસ્તો હશે કે જ્યાંથી પસાર થતાં મુસાફરને નદીના ઊભા પટે ચાલવું પડે અથવા નદીના બે વહેણો ઓળંગવાં પડે. પહાડથી સમતલ ભૂમિમાં આવવા માટે ચડાવ ઉતારવાળો કઠણ માર્ગ પણ હોય છે, તેમ અહીં નદીથી દૂર બીજો એવો રસ્તો હતો કે જ્યાં ચાલતાં વચ્ચે નદી આવે જ નહીં. ક્ષત્રિયકુંડથી કર્મારગામ જવા માટે આવી રીતના બે માર્ગો હશે એમ લાગે છે.

હવે એ પણ કબૂલ કરવું પડે છે કે, વૈશાલીવાળી ગંડકી નદી અને ક્ષત્રિયકુંડની પહાડી નદી તે બંને એક નથી. તે બંનેનાં વહેણોની દિશાઓ પણ જુદી જુદી છે. ગંડકી નદી આડી વહેતી હતી એટલે વૈશાલીથી વાણિજ્યગ્રામ જવાનો એક જળમાર્ગ જ હતો, સ્થળમાર્ગ હતો જ નહીં. જ્યારે ક્ષત્રિયકુંડની પહાડી નદી રસ્તાની પાસે પાસે ઊભી વહેતી હતી. વહેણના વળાંકને લીધે પાસેના એક રસ્તામાં વચ્ચે આવી જતી હતી, જ્યારે દૂરના બીજા રસ્તાની વચ્ચે આવતી ન હતી. એટલે ક્ષત્રિયકુંડથી કર્મારગામ જવા માટે જળમાર્ગ અને ભૂમિમાર્ગ એમ બે માર્ગો હતા.

જેમ ગંડકી નદી અને આ પહાડી નદી તે બંને જુદી જુદી નદીઓ છે, તેમ તે પરનાં વૈશાલી નગર અને ક્ષત્રિયકુંડ નગર પણ જુદાં જુદાં નગર છે.

## ૮. ક્ષત્રિયકુંડનાં ગામોઃ

'આવશ્યક નિર્યુક્તિ,' તેના પર 'હારિભદ્રીયા ટીકા' 'કલ્પસૂત્ર–સુબોધિકા' 'મહાવીર ચરિયં' વગેરેમાં ભગવાન શ્રીમહાવીરનો વિહારક્રમ આ પ્રમાણે મળે છે:[૨૯]

ભ૦ મહાવીરે કાર્તિક વદિ ૧૦ ને ત્રીજે પહોરે ક્ષત્રિય-કુંડથી નીકળી કુંડપુરની વચ્ચે પસાર થઇ બહાર જ્ઞાતખંડ ઉદ્યાનમાં જઈ દીક્ષાનો સ્વીકાર કર્યો પછી કર્મારગ્રામ તરફ વિહાર કર્યો. ત્યાં જવાના બે માર્ગો હતા, એક જળમાર્ગ, અને બીજો સ્થળમાર્ગ. ભગવાન જમીન માર્ગે ચાલી મુહૂર્ત કાળ જેટલો દિવસ બાકી હતો ત્યારે કર્માર ગ્રામ જઈ પહોંચ્યા. ત્યાં રાતે ગોવાળિયાએ ઉપસર્ગ કર્યો, એટલે ઈંદ્રે આવી સહાય કરવા ઇચ્છા બતાવી પણ ભગવાને સાફ ના સંભળાવી દીધી. ભગવાન બીજે દિવસે સવારે કોલ્લાગ સન્નિવેશ પધાર્યા અને ત્યાં તેઓએ બહુલ બ્રાહ્મણને ઘરે ક્ષીરથી છઠ્ઠતપનું પારણું કર્યું. 'મહાવીર ચરિયં'ના લેખ પ્રમાણે અહીં જ તેમણે અર્ધવસ્ત્રનું દાન કર્યું. ભગવાન ત્યાંથી મોરાક સન્નિવેશ પધાર્યા. આઠ માસ વિચરી પુનઃ મોરાકના તાપસાશ્રમમાં ચોમાસુ કરવા પધાર્યા અને અર્ધા માસ પછી અપ્રીતિનું કારણ જાણી પાંચ અભિગ્રહ લઈ અસ્થિક ગામના શૂલપાણિ યક્ષના મંદિરમાં જઈ રહ્યા. પાસે વેગવતી નદી હતી, ત્યાં ચોમાસુ કરી મોરાકમાં પારણું કર્યું વગેરે વગેરે.

આપણે ઉપર જોઇ ગયા છીએ કે, કુંડપુર બે ભાગમાં વહેંચાયેલું હતું. તેની પાસે જ્ઞાતખંડવન[૨૧] અને બહુશાલ

ચૈત્ય હતાં. પ્રસ્તુત વિહારપાઠથી સ્પષ્ટ છે કે, કુંડપુરની બહાર જ્ઞાતખંડવન હતું. ત્યાંથી કર્મારગ્રામ જવાના બે માર્ગ હતા. કર્મારગ્રામ પાસે હતું, તેનાથી આગળ કોલ્લાગ, મોરાક, અસ્થિકગ્રામ અને વેગવતી નદી હતાં.

### ૯. વૈશાલી અને ક્ષત્રિયકુંડ:

વૈશાલી નગરી અને ક્ષત્રિયકુંડ નગર એ બંને એક અથવા નિકટમાં હોય એમ લાગતું જ નથી. શાસ્ત્રોમાં વૈશાલી વાણિજ્યગ્રામ, રાજગૃહી–નાલંદા, ચંપા–પૃષ્ટચંપા, અને બ્રાહ્મણકુંડ–ક્ષત્રિયકુંડ વગેરે જોડિયાં નામો મળે છે. વૈશાલી–બ્રાહ્મણકુંડ કે વૈશાલી–ક્ષત્રિયકુંડ એ રીતનાં નામ મળતાં નથી.

'શ્રીભગવતી'માં '**तस्स णं माहणकुंडगामस्स नयरस्स पच्चत्थिमेण पत्थणं खत्तियकुंडगामे णामं नयरे होत्था.**' બ્રાહ્મણકુંડ અને ક્ષત્રિયકુંડ પાસે પાસે હતાં, એવો પાઠ મળે છે, કિન્તુ આ બંને અથવા આમાંનું એક વૈશાલી પાસે હતું એવો એક પણ પાઠ મળતો નથી. ઊલટું વૈશાલી અને ક્ષત્રિયકુંડ દૂર દૂર અને ભિન્ન ભિન્ન હતાં, તેના પર્યાપ્ત પાઠો મળી રહે છે. જેમ કે, વૈશાલી પાસે વાણિજ્યગ્રામ હતું. ક્ષત્રિયકુંડ પાસે બ્રાહ્મણકુંડ ગામ તથા કર્મારગ્રામ હતું. વૈશાલી પાસે દૂતિપલાશ ચૈત્ય હતું. ક્ષત્રિયકુંડ પાસે બહુશાલ ચત્ય હતું. વૈશાલી પાસે ઉદ્યાન નહોતું. ક્ષત્રિયકુંડ પાસે જ્ઞાતખંડ[૨૧] ઉદ્યાન હતું. વૈશાલી પાસે નાદિકા[૧૭] અને કોલ્લાગમાં જ્ઞાતક્ષત્રિયો રહેતા હતા. ક્ષત્રિયકુંડના ઉત્તર વિભાગમાં જ્ઞાતક્ષત્રિયો વિશેષ રહેતા હતા. વૈશાલી પાસે ગંડકી[૧૫] નદી હતી. ક્ષત્રિયકુંડ પાસે પહાડી નદી હતી વગેરે

વગેરે. માત્ર વૈશાલી પાસે તેમજ ક્ષત્રિયકુંડ પાસે 'કોલ્લાગ સન્નિવેશ' છે એટલી સામ્યતા છે પરંતુ તે સામ્યતા ટકી શકે એવી નથી, કારણ કે કોલ્લાગો ઘણાં હતાં.

જો વૈશાલી અને ક્ષત્રિયકુંડ નજીકમાં કે એક હોત તો જ્યારે મગધરાજ કોણિકે વૈશાલી ભાંગી અને હળથી ખેડી નાખી ત્યારે ક્ષત્રિયકુંડનો પણ નાશ થયો હોત અને તે રાજ્ય પણ વીખરાઈ ગયું હોત પરંતુ તેમ થયું નથી. શાસ્ત્રપાઠ મળે છે કે, ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ સુધી ક્ષત્રિયકુંડ કાયમ હતું અને ત્યાં નંદિવર્ધન રાજા વિદ્યમાન હતો. આ રીતે પણ વૈશાલી તથા ક્ષત્રિયકુંડ જુદાં જુદાં તથા દૂર દૂર હતાં એમ સાબિત થાય છે.

### ૧૦. ક્ષત્રિયકુંડ અને વેસાડગઢ વગેરે:

પ્રાચીન વૈશાલી અને પ્રાચીન ક્ષત્રિયકુંડ એકરૂપે કે પાસે પાસે નહોતાં તો પછી અર્વાચીન વેસાડગઢ અને ક્ષત્રિય-કુંડને એક અથવા નિકટમાં હોવાનું મનાય જ કેમ? વળી આજે તો વેસાડગઢની પાસે જોઈએ તો તે સ્થાને નદી પણ નથી. આથી ભિન્નતામાં એક વધારો થાય છે.

કોટિગ્રામ કે ગાંતિકગ્રામ એ ક્ષત્રિયકુંડ ન હોઈ શકે? કેમકે તેનો કુંડગ્રામ કે ક્ષત્રિયકુંડ તરીકે પરિચય મળતો નથી. જૈન અને બૌદ્ધોના સમકાલીન શાસ્ત્રોમાં એક સ્થાનને બરાબર કોટિગ્રામ તરીકે અને બીજા સ્થાનને સ્પષ્ટરીતે ક્ષત્રિયકુંડ તરીકે ઓળખાવેલ છે. એટલે ચોક્કસ છે કે તે ભિન્ન ભિન્ન સ્થાનો છે.

કોલ્લાગ સન્નિવેશ પણ ક્ષત્રિયકુંડ ન જ હોઈ શકે.

કારણ કે ઉપલબ્ધ વિહારપાઠોથી સ્પષ્ટ છે કે, તે ક્ષત્રિય-કુંડથી દૂર અને જુદો હતો.

વળી ભગવાનના વિહારમાં ૧ વાણિયગ્રામ પાસેનું કોલ્લાગ, ૨ ક્ષત્રિયકુંડ પાસેનું કોલ્લાગ અથવા કોલ્લા અને ૩ નાલંદા પાસેનું કોલ્લાગ; એમ ત્રણ કોલ્લાગ સન્નિવેશો[૧૮] મળે છે. ચંપા પાસે કાલાય ગામ હોવાનું પણ મળે છે. એટલે કોલ્લાગની શબ્દભ્રમણાથી તેની પાસેના સ્થાનોને એક અથવા નિકટમાં માની લેવાય નહીં. કોલ્લાગ અનેક છે, તેમ વાણિજ્યગ્રામ અને ક્ષત્રિયકુંડ પણ તેનાથી જુદાં છે.

વાસુકુંડ એ ક્ષત્રિયકુંડ હતું. એ કલ્પના પણ નિરાધાર જ છે.

### ૧૧. ક્ષત્રિયકુંડ અને વાસુકુંડ:

આજના વેસાડગઢની ઇશાનમાં વાસુકુંડ છે. આધુનિક વિદ્વાનો માને છે કે, તે જ પ્રાચીન ક્ષત્રિયકુંડ છે પણ તેનું કોઈ પ્રમાણ મળતું નથી.

ભગવાને વૈશાલીમાં વાણિજ્યગામની નિશ્રાએ એક નહિ, બે નહિ પણ બાર બાર ચોમાસાં કર્યાં ત્યારે સમજી શકાય છે કે, વૈશાલી અને વાણિજ્યગ્રામની વચ્ચે નાવથી ઊતરી શકાય એવી જળપૂર્ણ નદી હોવાને કારણે મુનિઓને ગોચરીનો પરિષહ પડે, ગૃહસ્થોને પ્રભુવંદન અને ઉપદેશ શ્રવણનો અંતરાય નડે એ સ્વાભાવિક છે. હવે જો વૈશાલીની ઈશાનમાં ક્ષત્રિયકુંડ નગર હોત તો ભગવાન કુંડપુરમાં વધુ ચોમાસાં કરત. ભગવાનની જન્મભૂમિ, જ્ઞાતક્ષત્રિયોની મોટી વસ્તી, બ્રાહ્મણોની મોટી વસ્તી, જ્ઞાતખંડવન, બહુશાલ ચૈત્ય

ઉદ્યાન, અને નદીની ગડબડ નહિ ઈત્યાદિ કારણે ઉક્ત ચોમાસાનો લાભ કુંડપુરને જ વધુ મળત પણ તેમ બન્યું નથી. ભગવાને કુંડપુરમાં એક પણ ચોમાસુ કર્યું નથી. સ્પષ્ટ વાત છે કે, ક્ષત્રિયકુંડ વૈશાલીની પાસે જ ન હતું, પછી ક્ષત્રિયકુંડને–કુંડપુરને એ લાભ મળે જ ક્યાંથી? એટલું જ નહિ વૈશાલી અને કુંડપુર પાસે પાસે હતાં તેનો ઈશારો સરખો પણ મળતો નથી તો પછી વેસાડ પાસેનું વાસુકુંડ એ જ કુંડપુર છે એમ મનાય જ કેમ?

ક્ષત્રિયકુંડ અને વાસુકુંડ એ બન્નેમાં 'કુંડ' શબ્દનું સામ્ય છે, પરંતુ ઇતિહાસસિદ્ધ અને પ્રસિદ્ધ એવા કુંડ-પુર કે ક્ષત્રિયકુંડને સ્થાને વાસુકુંડ એવું નામ પડે, એ કોયડો અણઉકેલ બની જાય છે. વાસુકુંડ તે ક્ષત્રિયકુંડ નહિ પણ વૈશ્યગામ હોય એ વસ્તુ વધુ તર્કસંગત છે.

વાસુકુંડની પાસે બ્રાહ્મણકુંડ ગામ નથી. કર્માર ગામ પણ નથી. કામનછપરાગાછીને કર્મારગ્રામ માની લઈએ પરંતુ દિશા ફેર છે. વાસુકુંડની વાયવ્યમાં કોલવા ગામ છે, તેની પહેલાં કર્મારગ્રામ જોઈએ, જ્યારે આ કામનછપરા તો વાસુકુંડની દક્ષિણે છે. એટલે વિહારની દિશા ઊલટી પડે છે. વાસુકુંડ અને કર્મારની વચ્ચે નદી પણ નથી. કોલવા પછી મોરાક અને અસ્થિક ગ્રામ પણ મળતાં નથી. આ વિજયેંદ્ર-સૂરિ મહારાજ 'દીઘનિકાય'માં[૧૬] બતાવેલ વૈશાલી, ભંડગ્રામ, હસ્તિગ્રામ અને જંબૂગ્રામમાંના હસ્તિગ્રામને અસ્થિકગ્રામ તરીકે માને છે, જે ચોકખો શબ્દભ્રમ જ છે. ભગવાન મહાવીર અસ્થિકગ્રામ પધાર્યા અને ગૌતમબુદ્ધ હસ્તિગ્રામ

ચાને હાથીખાલ ગયા. એ બંને ગામોને એક માની લેવાં, એ તો માત્ર કલ્પના જ છે.

બીજી વાત એ છે કે, આ. વિજયેંદ્રસૂરિ મહારાજ "શક્તિસંગમતંત્ર"ના[૬] આધારે પશ્ચિમમાં ગંડકી નદી સુધી જ "વિદેહ ભૂમિ" માને છે. એ રીતે તો આ હાથીખાલને તેઓ વિદેહની જ અંતર્ગત માને છે, જે ઠીક જ નથી.

આમ ચારે બાજુનો વિચાર કરીએ તો પ્રાચીન ક્ષત્રિયકુંડને સ્થાને આજે વાસુકુંડ છે; એમ માનવું પ્રમાણુ-સંગત નથી.

### ૧૨. પ્રાચીન ક્ષત્રિયકુંડ અને અર્વાચીન ક્ષત્રિયકુંડ:

પ્રાચીન ક્ષત્રિયકુંડ અને અર્વાચીન ક્ષત્રિયકુંડમાં ઘણી જાતની એકતા મળે છે. ક્ષત્રિયકુંડ તૂટીને અનેક ગામડાંઓમાં વહેંચાઈ ગયું છે. ગામડાંઓમાં દીપાકરહર, ગાયઘાટ વગેરે સૂચક નામો છે. જન્મસ્થાન અને માહણા પાસે પાસે છે, માહણા ગામે ભૂમિ પલટો કર્યો હોય એમ પણ લાગે છે. ક્ષત્રિયકુંડ પાસે કુરાવવન છે પછી બહવાર નદી થઈને કર્માર ગામ જવાય છે. સ્થળ રસ્તે પણ કર્માર ગામ જવાય છે. કર્માર ગામમાં બ્રાહ્મણોની વસ્તી છે. લછવાડથી વાયવ્યમાં ૩ માઈલ કુમ્માર ગામ, ત્યાંથી વાયવ્યમાં ૫ માઈલ દૂર કોનાગ ગામ અને તેનાથી પૂર્વમાં ૧૦ માઈલ પર મોરા ગામ છે. મોરા પાસે વઢ નદી છે, જે કયૂલ નદીના ફાંટા રૂપે છે. આ નામો ભગવાનના શરૂઆતના વિહારમાંના જ્ઞાતખંડવન, જળમાર્ગ–સ્થળમાર્ગે કર્મારગ્રામ, કોલ્લાગ સન્નિવેશ, મોરાક સન્નિવેશ અને અસ્થિકગ્રામ પાસેની

વેગવતી નદી વગેરે નામો સાથે બરાબર મળતાં આવે છે. લછવાડથી અગ્નિખૂણામાં 'બસણુદ્રી' ગામ છે, તેને વૈશાલીના બનિયા ગામ સાથે સરખાવી શકાય. સંભવ છે કે, તે એક સમયે 'વૈશ્યપટ્ટન' હશે. વર્તમાન ક્ષત્રિયકુંડની ચારે બાજુ નાનાં મોટાં ગામોમાં જિનાલયો હતાં પણ હાલમાં નથી.

આજનું ક્ષત્રિયકુંડ પહાડ ઉપર છે. આ પહાડી તે ખરેખર પહાડી નહિ કિન્તુ પહાડી ઘાટી છે, અને તે ઘાટી પણ ખંડાલા જેવો મહોટો ઘાટ નહિ કિન્તુ જયપુર અને દોસા, જયપુર અને આંબેડનો કિલ્લો, અજમેર અને પુષ્કર, ચિતોડ અને ગઢ, પાતુર અને શ્રીપુર તથા સિરોહી અને બ્રાહ્મણવાડા વચ્ચે જેવો ચડાવ-ઉતાર છે તેવી નાનકડી ઘાટી છે. ક્ષત્રિયકુંડની દક્ષિણે તો મતનાજી તરફ સપાટ સમતલ ભૂમિ છે. ક્ષત્રિયકુંડ માત્ર આવી રીતે પહાડ ઉપર છે એમ માની શકાય. પ્રાચીન કાળની રાજધાનીઓ પહાડી ઉપર રહેતી હતી. ક્ષત્રિયકુંડ પણ રાજધાનીનું શહેર છે એટલે પહાડી ઉપર હોય એ સ્વાભાવિક છે અને રાજધાનીના લાક્ષણિક સ્થાપત્ય પ્રમાણે એ બરાબર પણ છે.

### ૧૩. સિદ્ધાર્થ રાજા:

સિદ્ધાર્થ રાજા તે કુંડપુર નગરનો રાજા હતો. તે જ્ઞાત જાતિનો ક્ષત્રિય હતો. આ રાજાનાં 'આચારાંગ સૂત્ર' અને 'કલ્પસૂત્ર' વગેરેમાં ૧ સિદ્ધાર્થ, ૨ શ્રયાંસ અને ૩ યશાંસ (યશસ્વિન્) એમ ત્રણ નામો મળે છે. તેમનું વિદેહ, વિદેહી, વશાલિક એવું કંઈ નામ મળતું નથી એટલે સિદ્ધાર્થ રાજાને વિદેહદેશ સાથે કે વૈશાલી નગરી સાથે કંઇ પણ ઉલ્લેખનીય સંબંધ હોય એમ લાગતું નથી.[૨૨]

'શ્રીકલ્પસૂત્ર'માં સિદ્ધાર્થ રાજા માટે ૧ ક્ષત્રિય, ૨ રાજા અને ૩ નરેંદ્ર એવા શબ્દો વપરાયા છે, જે એકાર્થક શબ્દો છે.

અહીં વપરાયેલો ક્ષત્રિય શબ્દ ખાસ સૂચક શબ્દ છે. તેનાથી તાત્કાલીન રાજકીય તેમજ ધાર્મિક બાબતો પર સારો પ્રકાશ પડે છે. જેમકે—

(૧) આ૦ વિજયેંદ્રસૂરિજી લખે છે કે, શબરસ્વામીએ "પૂર્વમીમાંસા"ની ટીકામાં, આ૦ શ્રીનેમિચંદ્રસૂરિ મહારાજના "પ્રવચનસારોદ્ધાર"ની ટીકામાં અને ક૦ સ૦ આ૦ શ્રીહેમચંદ્રસૂરિએ "અભિધાનચિંતામણિ કોષ"માં ક્ષત્રિયનો અર્થ રાજા કરેલો છે એટલે સિદ્ધાર્થ ક્ષત્રિય કહો કે સિદ્ધાર્થ રાજા કહો એ સરખી વાત છે. અહીં વિશેષતા એટલી જ છે કે, રાજા હીન જાતિનો નહિ કિન્તુ શુદ્ધ ક્ષત્રિય હતો, એ સૂચવવા માટે જ ક્ષત્રિય શબ્દ વપરાયો છે.

(૨) મહારાજા ચેટકના શબ્દો જાહેર છે કે, તે પોતાની કન્યા ઊંચ ક્ષત્રિયને જ આપતો હતો. તેમણે મગધરાજ શ્રેણિકને પોતાની એક પુત્રી આપવાની સાફ ના સંભળાવી હતી, જ્યારે સિદ્ધાર્થ રાજાને પોતાની બેન અને સિદ્ધાર્થ પુત્ર નંદિવર્ધનને પોતાની એક પુત્રી આપી હતી. આથી ચોક્કસ છે કે સિદ્ધાર્થ રાજા ક્ષત્રિયોમાં પણ ઉચ્ચ ક્ષત્રિય હતો.

(૩) શાસ્ત્રોમાં ઉગ્ર ભોગ ક્ષત્રિય, ઈક્ષ્વાકુ જ્ઞાત કૌરવ અને હરિવંશને આર્યવંશ તરીકે ઓળખાવ્યા છે. આમાંના ક્ષત્રિયનો અર્થ રાજન્ય થાય છે એટલે ક્ષત્રિય શબ્દ જ શ્રેષ્ઠતાસૂચક છે.[૨૩]

(૪) લિચ્છવી મહારાજા ચેટક, જ્ઞાતવંશી રાજા સિદ્ધાર્થ, વાહીક રાજા કૌણિક, અને શાકય રાજા શુદ્ધોદન એ દરેક ક્ષત્રિયો હતા. કિન્તુ લિચ્છવી અને જ્ઞાત એ પ્રધાન મનાતા હશે.

(૫) "આવશ્યક નિર્યુક્તિ"માં તીર્થંકરના પિતાનાં નામો[૨૪] છે, જેમાં ઘણા રાજાઓને ક્ષત્રિય તરીકે જ ઉલ્લેખ્યા છે. કેમકે અહીં ક્ષત્રિય શબ્દની પ્રધાનતા છે એટલે "કલ્પસૂત્ર"માં વપરાયેલ ક્ષત્રિય શબ્દ સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીની તત્કાલીન મહત્તા સૂચવવા માટે છે.

(૬) "તીર્થંકરો શુદ્ધ ક્ષત્રિય કુળમાં જન્મે." આ કથનમાં ક્ષત્રિયવટની કિંમત છે.[૨૫] ભ૦ મહાવીરસ્વામી જ્ઞાતકુળમાં જન્મ્યા હતા. એ રીતે પણ જ્ઞાતવંશ પ્રધાનવંશ મનાય છે અને સિદ્ધાર્થ રાજા શુદ્ધ ક્ષત્રિય ગણાય છે.

(૭) ભગવાન શ્રીમહાવીર પ્રધાન ક્ષત્રિય હતા.[૨૬] આથી પણ કુલીન રાજ્યવંશના અનેક નબીરાઓએ તેમની પાસે દીક્ષા લીધી હતી.

"કલ્પસૂત્ર"માં સિદ્ધાર્થ રાજાને નરેંદ્ર[૨૨] તરીકે સંબોધી દંડનાયક વગેરે રાજમંડળથી વીંટાયેલ વર્ણવ્યા છે, જે તેમના નરેંદ્રપદને બરાબર પુરવાર કરે છે.

સિદ્ધાર્થ પછી કુંડપુરના સિંહાસને તેનો મોટો પુત્ર નંદિવર્ધન બેસે છે. પચીસેક વર્ષો જતાં મગધરાજ કૌણિક વૈશાલીને ભાંગે છે અને ગધેડાના હળથી ખેડાવી નાખે છે પરંતુ વૈશાલીથી દૂર હોવાને કારણે કુંડપુર આબાદ બચી જાય છે. ભગવાનના નિર્વાણ સમયે પણ કુંડપુરની રાજધાની અને તેનો રાજા નંદિવર્ધન વિદ્યમાન હતા. રાજાએ કાર્તિક

શુદિ ૧ ને દિવસે ભગવાનના વિયોગનો શોક પાળ્યો, અને બીજે દિવસે એટલે કા. શુ. ૨ ને દિવસે પોતાની બેન સુદર્શનાને ત્યાં અન્ન લીધું.

એકંદરે આથી નક્કી થાય છે કે, સિદ્ધાર્થ રાજા કુંડપુરના ક્ષત્રિય રાજા હતા, તે વિદેહ દેશના નહોતા અને ક્ષત્રિયકુંડ પણ વિદેહમાં **વૈશાલી**ની નિકટમાં નહોતું.

**૧૪. ત્રિશલા રાણી:**

સિદ્ધાર્થ રાજાને **ત્રિશલા** નામની રાણી હતી, જે વૈશાલીના મહારાજા ચેટકની બહેન હતી અર્થાત્ તે **વિદેહની રાજકન્યા** હતી.

"આચારાંગ સૂત્ર" અને "કલ્પસૂત્ર"માં તેનાં ૧ ત્રિશલા, ૨ **વિદેહદત્તા** અને ૩ પ્રિયકારિણી; એ ત્રણ નામ સૂચવ્યાં છે.[૨૭]

સિદ્ધાર્થ રાજાનો "વિદેહ" તરીકે પરિચય મળતો નથી, જ્યારે ત્રિશલા રાણીનું "વિદેહદત્તા" એવું નામ જ મળે છે, જે તેના વિદેહકન્યા હોવાના કારણે યથાર્થ છે. ત્રિશલા રાણી 'લિચ્છવીકન્યા' હોવાના કારણે શુદ્ધ ક્ષત્રિયાણી લેખાતી હતી, તેથી "કલ્પસૂત્રમાં" તેને 'ક્ષત્રિયાણી' તરીકે અને બીજાં શાસ્ત્રોમાં તેને રાણી તથા દેવી તરીકે સંબોધેલ છે. "આવશ્યક નિર્યુક્તિ"માં[૨૪] ચોવીસ તીર્થંકરોની માતાનાં નામો છે, જે રાણીઓ હોવા છતાં ત્યાં તેઓને માટે દેવી શબ્દ વપરાયો નથી. કારણ સ્પષ્ટ છે કે અહીં ક્ષત્રિયાણી શબ્દ જ કિંમતી છે. તે સમયે વિદેહનું સ્થાન એવું ઊંચુ હતું કે બીજા દેશોમાં ત્યાંની કન્યા તથા તે કન્યાની સંતતિ પણ સન્માનનીય લેખાતી હતી. અને તે વિદેહની સંજ્ઞાથી પણ ઓળખાતી હતી.

આ જ કારણે ત્રિશલા રાણી "વિદેહદત્તા" નામથી અને તેમના પુત્ર ભગવાન મહાવીર "વૈદેહદત્ત" બિરુદથી પ્રસિદ્ધિ પામ્યા છે. ત્રિશલા રાણીની ભત્રીજી જયેષ્ઠા પણ "ફૂઈની પાછળ ભત્રીજી"ના ન્યાયે ત્રિશલા રાણીની જ પુત્રવધૂ બનેલી છે. મગધરાજ શ્રેણિકની પત્ની ચિલ્લણા વિદેહકન્યા તરીકે અને તેનો પુત્ર કોણિક "વૈદેહી પુત્ર" તરીકે પ્રસિદ્ધ છે. ગુપ્તવંશી રાજા ચંદ્રગુપ્તની પત્ની કુમારદેવી 'લિચ્છવી કન્યા' તરીકે અને સમ્રાટ સમુદ્રગુપ્ત 'લિચ્છવી દૌહિત્ર' તરીકે વિખ્યાત છે.

આ નામો અને બિરુદોનું મૂળ કારણ તત્કાલીન વિદેહ-દેશની ઉત્તમતા જ છે, માટે ત્રિશલા રાણીનું વિદેહદત્તા એવું નામ છે તે યથાર્થ જ છે.

### ૧૫. ભગવાન મહાવીર:

જ્ઞાતક્ષત્રિય સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલા રાણીએ ચૈત્ર શુદિ ૧૩ની મધ્યરાતે ભ૦ મહાવીરસ્વામીને જન્મ આપ્યો. "આચારાંગસૂત્ર" "કલ્પસૂત્ર" અને "આવશ્યક ચૂર્ણિ"માં ભગવાનનાં ૧ વર્ધમાન, ૨ શ્રમણ અને ૩ શ્રમણ ભગવાન મહાવીર એમ ત્રણ સાર્થક નામો સૂચવ્યાં છે.[૨૭]

વળી તે જ સૂત્રોમાં ભગવાનનાં ૧ જ્ઞાત, ૨ જ્ઞાતપુત્ર, ૩ જ્ઞાતકુલ નિર્વૃત્ત (જ્ઞાતકુલચંદ્ર), ૪ વિદેહ, ૫ વૈદેહદત્ત, ૬ વિદેહજાત શરીરી, અને ૭ વિદેહસુકુમાલ વગેરે બિરુદો આપ્યાં છે. "કલ્પસૂત્ર"માં જ્ઞાતકુલ નિર્વૃતને સ્થાને જ્ઞાતકુલચંદ્ર પાઠ છે. આમાંનાં પહેલાં ત્રણ વિશેષણો પિતાપક્ષનાં છે, પછીનાં ત્રણ વિશેષણો માતાપક્ષનાં છે અને છેલ્લું વિશેષણ

રાજવીપક્ષનું છે. છેલ્લા ચાર વિશેષણોનો અર્થ ટીકાના આધારે ૪ વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરસ્ર સંસ્થાન દેહવાળા, ૫ વદેહીદત્ત, ૬ વિદેહજાપુત્ર, અને ૭ ઐશ્વર્ય, સુકુમાલ (અનંગ જેવા સુકુમાલ) એવો થાય છે. આ૦ વિજયેંદ્રસૂરિ મ૦ જણાવે છે કે ભગવાનને માતૃપક્ષક તરીકે "વિદેહ" નામ મળેલું છે.

સિદ્ધાર્થ રાજા 'વિદેહ' તરીકે પ્રસિદ્ધ નથી, માત્ર ત્રિશલા રાણી અને ભગવાન મહાવીર 'વિદેહ' સંકેતવાળા છે. આથી સ્પષ્ટ છે કે, ભ૦ મહાવીર વિદેહદેશના નહોતા. તેમ ક્ષત્રિયકુંડ પણ વિદેહદેશમાં નહોતું. પરંતુ એટલું ચોક્કસ છે કે, ભગવાનનો મોસાળના કારણે વિદેહદેશની સાથે ઘનિષ્ઠ સંબંધ હતો.

"સૂત્રકૃતાંગ સૂત્ર" અને "ભગવતી" પિંગલક શ્રાવક વર્ણન તથા જયંતી વર્ણનમાં અને "આવશ્યક ચૂર્ણિ"માં ભગવાન મહાવીરનું "વૈશાલિક" [૨૮]નામ આપ્યું છે, આનો અર્થ એ થાય છે કે, ભગવાન મહાવીરસ્વામીનો વૈશાલી સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. આ. શીલાંકસૂરિ "સૂત્રકૃતાંગ"ની ટીકામાં ખુલાસો કરે છે કે, ભગવાન વૈશાલીકન્યાના પુત્ર હતા. વિશાલ કુલવાળા હતા અને વિશાલ વચનવાળા હતા તેથી તેઓ વૈશાલિક કહેવાય છે. (અ. ૨ ઉ. ૩)

ભગવાનનાં વૈશાલી સાથેના સંબંધનાં કારણો નીચે મુજબ લેખાય છે: મહારાજા ચેટક અને રાજા સિદ્ધાર્થ એ બન્ને ઉચ્ચ ક્ષત્રિય હતા, ગણરાજ હતા, તેમજ જૈનધર્મી હતા. ચેટકરાજે સિદ્ધાર્થ રાજા સાથે પોતાની બેન ત્રિશલા

અને તેમના પુત્ર નંદિવર્ધન સાથે પોતાની પુત્રી જ્યેષ્ઠાને પરણાવી હતી. ભગવાન મહાવીર લિચ્છવીઓના ભાણેજ થતા હતા. ભગવાન મહાવીર ઉચ્ચ ક્ષત્રિય હતા જ અને મહાત્યાગી ઘોર તપસ્વી તથા ઉગ્રવિહારી જૈન શ્રમણ બન્યા. ભગવાન મહાવીર તીર્થંકર થયા, અનેક કુલીન રાજા, રાણી, રાજકુમાર, રાજકન્યા વગેરે તેમના શિષ્ય બન્યા. પ્રખ્યાત રાજાઓ ભક્ત બન્યા. ભગવાને જૈનધર્મને ઉન્નત બનાવ્યો સ્યાદ્વાદને વિકસાવ્યો, લિચ્છવીઓને જૈનધર્મમાં વધુ સ્થિર કર્યા, વૈશાલીમાં બાર ચોમાસાં કર્યાં, વૈશાલીને જૈનધર્મનું કેંદ્ર બનાવ્યું વગેરે કારણે ભગવાનનો વૈશાલી સાથે ઘનિષ્ઠ સંબંધ મનાતો હતો અને લોકો ભગવાન મહાવીરને "વૈશાલિક" તરીકે ઓળખતા હતા.

આજે પણ લોકો ગાંધીજીને સાબરમતીનો સંત, પૂ. આ. વિજયધર્મસૂરિ મહારાજને કાશીવાળા, આ. વિજયવલ્લભસૂરિને પંજાબી, પંજાબ કેસરી અને મુનિ કપૂરવિજયજીને કાશીવાળા તરીકે સંબોધે છે, તે તેઓના તે તે સ્થાનના ઘનિષ્ટ સંબંધને કારણે જ. ઘનિષ્ઠ સંબંધ છે તે સાચું, પણ તેઓ ત્યાં ત્યાં જન્મ્યા નથી. એ જ રીતે ભગવાન મહાવીરનો વૈશાલી સાથે ઘનિષ્ઠ સંબંધ છે પરંતુ ભગવાન વૈશાલીમાં જન્મ્યા નથી એ વાત ચોક્કસ છે.

બૌદ્ધ ગ્રંથો જણાવે છે કે, વૈશાલીમાં બૌદ્ધધર્મનું વર્ચસ્વ નહોતું કેમકે ગૌતમબુદ્ધે વૈશાલીમાં એક જ ચોમાસું કર્યું હતું. તેમના અનુયાયીઓ પણ ત્યાં વેશ્યા આમ્રપાલી અને સિંહ સેનાપતિ વગેરે ગણ્યાગાંઠયા હતા, અને બુદ્ધ

વૈશાલીને “ પાખંડીઓના એક મઠ ” તરીકે ઓળખાવેલ છે.

આપણે જાણીએ છીએ કે, લિચ્છવીઓ બળવાન હતા, જ્ઞાતિ વ્યવસ્થા, ગણતંત્ર સંચાલન અને સ્વધર્મપાલનમાં એક્કા હતા, તેમ અભિમાની પણ હતા. તેથી જ તેઓ પોતાની કન્યા સામાન્ય કુળમાં આપતા નહોતા. શ્રેણિક જેવા રાજા મહારાજાઓને પણ મચક આપી નહોતી. ઈતર-ધર્મીઓને બહુમાનતા નહોતા, જો કે તેઓ ન્યાયની સામે નમ્ર હતા અને ભગવાન મહાવીરના ઉપદેશથી વિશેષ નમ્ર તથા સમભાવી બન્યા હતા. કિન્તુ તેમની અભિમાનની માત્રાઓ સમૂળ નાશ પામી ન હતી. ફળ સ્વરૂપ મગધ-રાજ શ્રેણિકે ચેટકની રાજકન્યા ચેલ્લણાનું હરણ કરાવ્યું અને તેણીની સાથે લગ્ન કર્યું; મગધરાજ કોણિકે વૈશાલીનો વિનાશ કર્યો. મનુ મહારાજે લિચ્છવીઓને વ્રાત્ય કહી નિંદ્યા, અને ગૌતમબુદ્ધે વશાલીને “ પાખંડીઓના મઠ ” તરીકે જાહેર કરી.

પણ આમાં એક વાત વીજળી જેવી ચમકે છે તે એ છે કે, વૈશાલી જૈનધર્મનું કેંદ્ર હતું. લિચ્છવીઓ ભગવાન મહાવીરના અનન્ય ભક્તો હતા. બસ, આ જ કારણે ભગવાન મહાવીર “ વૈશાલિક ” તરીકે ઓળખાતા હતા.

ભગવાન મહાવીર ૩૦ વર્ષ સુધી આસક્તિ વગર ઘરમાં રહ્યા અને ૪૨ વર્ષ સુધી નિર્મમભાવે મુનિપણામાં રહ્યા. એમ દેહની મમતા ન હોવાના કારણે પણ તેઓ ‘ વિદેહ ’ જ મનાય છે.

ભગવાનનાં ચ્યવન, જન્મ અને દીક્ષા ક્ષત્રિયકુંડમાં,

કેવળજ્ઞાન ઋજુવાલુકા નદીને કિનારે અને નિર્વાણપ્રાપ્તિ અપાપામાં થયેલ છે.

### ૧૬. ગંગા પાર વિહારઃ

ભગવાન મહાવીરસ્વામીએ ૪૨ વર્ષના દીક્ષાકાળમાં અનેક શહેરો, ગામો, સન્નિવેશો, નદીઓ અને જંગલોમાં વિહાર કર્યો છે. તેઓ ઉગ્ર વિહારી હતા. દૃષ્ટાંત તરીકે– ભગવાને ૧૦મું ચોમાસુ શ્રાવસ્તિમાં કર્યું. ત્યાંથી હસ્તિશીર્ષ, સિદ્ધાર્થપુર, આલંભિયા, શ્વેતાંબી, શ્રાવસ્તિ, કોશામ્બી વારાણસી, ગંગા નદી, રાજગૃહી, મિથિલા તરફ વિચરી વૈશાલીમાં આવી ૧૧મું ચોમાસુ કર્યું. આવા ઉગ્ર વિહારી હતા. તેઓએ અનેક સ્થાનોમાં વિહાર કર્યો છે જેની સંપૂર્ણ યાદી મળતી નથી. માત્ર જ્યાં જ્યાં વિશેષ ઘટના બની, તે તે સ્થાનની નોંધ મળે છે અને તે પણ ટૂંકા શબ્દોમાં જ લખાયેલ છે.

ભગવાનનો વિહારક્રમ આ પ્રમાણે મળે છેઃ ક્ષત્રિય-કુંડના જ્ઞાતવનમાં દીક્ષા, કર્મારગ્રામમાં પહેલો રાત્રિવાસ, ગોવાળિયાનો ઉપસર્ગ, કોલ્લાગ સન્નિવેશમાં છઠ્ઠ તપનું પારણું, અર્ધવસ્ત્રદાન, મોરાક સન્નિવેશમાં કુલપતિની વિનતિ, આઠ મહિના સુધી વિહાર, મોરાકમાં તથા અસ્થિક ગામમાં પહેલું ચોમાસુ, અસ્થિક ગામમાં શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ, મોરાક સન્નિવેશમાં ચોમાસી પારણું, દક્ષિણ વાચાલાથી જતાં સ્વર્ણવાલુકા નદીને કાંઠે વસ્ત્રપતન, સ્વર્ણવાલુકા અને રૌપ્ય-વાલુકાનું ઉલ્લંઘન, ઉત્તર વાચાલાના વનખંડમાં ચંડકોશિકને પ્રતિબોધ, ઉત્તર વાચાલા અને શ્વેતાંબીમાં પ્રદેશીએ કરેલો સત્કાર, સુરભીપુરમાં શ્વેતાંબી જનારા પાંચ રથવાલા નિરય

રાજાઓનું વંદન, ગંગા પાર કરતાં નાવમાં સુદંષ્ટ્રનો ઉપસર્ગ, (થૂણાક સન્નિવેશ) રાજગૃહીના નાલંદા પાડામાં બીજું **ચોમાસુ.** કોલ્લાગ સન્નિવેશમાં ચોમાસી પારણું વગેરે વગેરે.[૨૯]

ભગવાને જુદી જુદી નદીઓને અનેકવાર વટાવી છે. વૈશાલીમાં ૧૨ ચોમાસાં,[૩૦] અને રાજગૃહીમાં ૧૪ ચોમાસાં થયાં. ત્યાં જતાં આવતાં અવારનવાર ગંગા પાર ગયા હતા, પણ તેનીયે પૂરી નોંધ મળતી નથી. એટલે ગંગા તટે ભગવાનના પદચિહ્ના દેખી પુષ્પ સામુદ્રિકનું આગમન, અસ્થિકગ્રામ પાસે **વેગવતી નદી,** સ્વર્ણવાલુકાને કાંઠે વસ્ત્રપતન, ગંગા પાર કરતાં સુદંષ્ટ્રનો ઉપસર્ગ, **ગંડકી** નદીનું નાવથી ઉલ્લંઘન ઇત્યાદિ વિશેષ ઘટનાઓ સિવાય નદીઓનાં નામો નોંધાયાં નથી.

ભગવાન સુરભીપુરથી રાજગૃહી જતાં નાવવડે ગંગા **નદીને** ઊતર્યા હતા અને ત્યાં જ તેમને પુષ્પ જ્યોતિષી મળ્યો હતો. ગંગા ઓળંગવાનો આ એક જ પ્રસંગ નોંધાયો છે પણ આથી એમ ન કહી શકાય કે, ભગવાન આની પહેલાં કે પછી ગંગા નદીને ઊતર્યા જ નથી. કેમકે ભગવાને અનેક વાર ગંગા પાર કરી છે એ ચોક્કસ બીના છે.

અહીં પં૦ કલ્યાણવિજયજી મ૦ માને છે કે, ભગવાન ગંગા પાર કરી બીજું ચોમાસુ રાજગૃહી પધાર્યા, તે પહેલાં તેમણે ગંગાને ઓળંગી નથી. ત્યાં સુધી તેઓ ગંગાની ઉત્તર ઉત્તરમાં વિચર્યા છે અને એ જ હિસાબે ગંગાની ઉત્તરે વૈશાલી પાસે ક્ષત્રિયકુંડ હોવાનું સિદ્ધ થાય છે વગેરે વગેરે.

તેઓની આ માન્યતાનું કારણ, ભગવાનનો તે પહેલાં ગંગા ઓળંગવાનો પ્રસંગ શાસ્ત્રમાં નોંધાયો નથી એ જ છે. જો કે ભગવાને ગંગા નદીને અનેકવાર વટાવી છે પરંતુ માત્ર તેમાંનો એક જ ઉલ્લેખ કરાયો છે. એ ચોક્કસ વાત છે, છતાંય પંન્યાસજી મહારાજે માત્ર નોંધાયેલ પ્રસંગને જ પ્રધાનતા આપી, આવી કલ્પના કરી છે, તે ઠીક નથી.

સાચી વાત એ છે કે, ભ૦ મહાવીર મોરાકના ચોમાસા પછી ગંગા પાર કરીને શ્વેતાંબી પધાર્યા અને ત્યાંથી પાછા ફરી બીજી વાર ગંગા વટાવીને રાજગૃહી પધાર્યા. પરંતુ ગયા ત્યારે કોઈ વિશેષ ઘટના બની નહીં, એટલે તેની નોંધ લેવાઈ નથી. પાછા આવ્યા ત્યારે ગંગામાં જ ઉપસર્ગ નડ્યો એટલે એ ગંગા ઉલ્લંઘનની ઉપસર્ગના કારણે જ નોંધ લેવાઈ છે. નહિ નોંધાયેલા ગંગા પારના વિહારો અનેક થયા છે આ સ્થિતિમાં નોંધાયેલા એકના એક પ્રસંગને આગળ કરીને તેના ભરોસે કંઈ નિર્ણય આપી શકાય નહીં. એટલે આ પ્રસંગના આધારે ક્ષત્રિયકુંડને ગંગાની ઉત્તરે માની શકાય નહીં.

### ૧૭. ક્ષત્રિયકુંડમાં વિહાર :

ભગવાને બેતાલીસ વર્ષના દીક્ષાકાળ દરમિયાન ક્ષત્રિય-કુંડ–બ્રાહ્મણકુંડમાં અનેક વાર વિહાર કર્યા છે પરંતુ તેની વ્યવસ્થિત નોંધ મળતી નથી. નોંધપાત્ર માત્ર બે–ત્રણ પ્રસંગો મળે છે તે આ પ્રમાણે છેઃ

(૧) ભગવાન બીજું ચોમાસુ કરી ચંપા જતાં અહીં બ્રાહ્મણગ્રામમાં પધાર્યા હતા. અહીં નંદ અને ઉપનંદ બ્રાહ્મ-ણના બે પાડા હતા. સાથે રહેલા ગોશાલાએ અહીં ઉપનંદના

પાડાને તેજાલેશ્યાથી બાળી નાખ્યો હતો. અને આ નોંધપાત્ર ઘટના બનવાથી જ અહીં ગામનો ઉલ્લેખ થયેલો છે.

(૨) ભગવાન બ્રાહ્મણકુંડ ગામના બહુશાલ ચૈત્યમાં સમોસર્યા ત્યારે ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીએ તેમની પાસે દીક્ષા લીધી.

(૩) ભગવાન બહુશાલ ચૈત્યમાં સમોસર્યા ત્યારે ભગવાનના જમાઈ રાજપુત્ર જમાલીએ ૫૦૦ ક્ષત્રિય કુમારો સાથે અને પુત્રી પ્રિયદર્શનાએ ૧૦૦૦ રાજકન્યાઓ સાથે દીક્ષા લીધી.

જો કે ભગવાન અહીં અનેક વાર પધાર્યા છે પરંતુ ખાસ નોંધપાત્ર ઘટના ન બનવાથી બીજા ઉલ્લેખો મળતા નથી, એ સહેજે માની શકાય તેમ છે.

બીજી મુદ્દાની વાત તો એ છે કે, ભગવાને ક્ષત્રિયકુંડ-પુરમાં એક પણ ચોમાસુ કર્યું નથી.[૩૦]

પં૦ કલ્યાણવિજયજી મ. આ પ્રસંગને અનુલક્ષીને તર્કણા કરે છે કે, ક્ષત્રિયકુંડમાંથી ૫૦૦ ક્ષત્રિય કુમારો અને ૧૦૦૦ ક્ષત્રિય કન્યાઓએ એક સાથે દીક્ષા લીધી હતી. આ આંકડાથી પુરવાર થાય છે કે, ક્ષત્રિયકુંડમાં ક્ષત્રિયોનાં ઘરો ઘણાં હતાં, જે દરેક ભગવાનના ઉપાસક હતા. છતાંય ભગવાને અહીં એક પણ ચોમાસુ કર્યું નથી એનું કારણ એ જ હોઈ શકે કે, ક્ષત્રિયકુંડ નગર વૈશાલી નગરીની પાસે હતું એટલે ભગવાનનાં વાણિજ્યગામનાં ૧૨ ચોમાસાનો લાભ ક્ષત્રિયકુંડને મળતો હતો. વળી ક્ષત્રિયકુંડ વૈશાલી પાસે હતું એ આ રીતે પણ નિશ્ચિત થાય છે વગેરે.

વિ. સં. ૪૦૦૧નો વિદ્વાન અમદાવાદ પાસેના પાલડી ગામને જ પોરબંદર તરીકે સિદ્ધ કરવા, ૧ તે બંદર હતું, કારણ કે નદી કાંઠે હતું. ૨ ત્યાં ગાંધીજીએ આશ્રમ સ્થાપ્યો નથી કારણ કે જનતા સાબરમતીના આશ્રમનો લાભ લઈ શકે એટલું તે નજીકમાં હતું. ૩ ગાંધીજી સાબરમતીના સંત કહેવાય છે કારણ કે તે અમદાવાદ પાસે સાબરમતીના કિનારે પાલડી ગામમાં જન્મ્યા હતા. સાબરમતીનો આશ્રમ અને પાલડી જુદી જુદી કે દૂર દૂર નથી. આવી આવી ફેંકોલોજી ચલાવે તો તેને કોણ રોકી શકે ?

પંન્યાસજી મહારાજની ક્ષત્રિયકુંડને વૈશાલીનું પરું સિદ્ધ કરનારી અને ઉક્ત સંશોધક વિદ્વાનની પોરબંદરને અમદાવાદનું પરું સિદ્ધ કરનારી આ વિચારધારામાં બુદ્ધિ-ગમ્ય તર્કસંગતિ છે, પ્રૌઢ કલ્પનાસૃષ્ટિ છે પણ તે વાસ્તવિક નથી, એ જ ખેદની વાત છે. કેમકે આ તર્કણાની વિરુદ્ધમાં તો અનેક દલીલો છે.

આ. વિજયેંદ્રસૂરિજી પંન્યાસજીએ દોરેલ ક્ષત્રિયકુંડની ભૌગોલિક સ્થાપનાને ભૂલભરેલી બતાવે છે અને આપણે "વૈશાલી અને ક્ષત્રિયકુંડ" વગેરે પ્રકરણોમાં બીજી બીજી ખામીઓ જોઈ ગયા છીએ, એટલે "ભગવાને ક્ષત્રિયકુંડનું ચોમાસું કર્યું નથી" એ વાતને સામે ધરીને ક્ષત્રિયકુંડને વૈશાલીનું પરું માનવું, એમાં કાંઈ વજૂદ જેવું નથી.

"ભગવાને ક્ષત્રિયકુંડમાં ચોમાસું કર્યું નથી" એ એક સમસ્યા તો છે જ. તેનો ખુલાસો બે રીતે થઈ શકે છે.

ક્ષત્રિયકુંડ એ પહાડી નગર હતું. ત્યાં જવા આવવાને

પણ બહુ સુગમતા નહોતી. સંભવ છે કે, આ જ કારણે ભગવાન બ્રાહ્મણકુંડના બહુશાલ ચૈત્યમાં પધારતા હશે. તેની પાસે જ બહવાર નદી છે, જેનો અર્થ ઘણુંપાણી એવો થાય છે. ઘણું પાણી અને ઘણી વનસ્પતિના કારણે તે ચોમાસા યોગ્ય ક્ષેત્ર ન હોય અને તેથી ભગવાને ત્યાં ચોમાસું ન કર્યું હોય તો તે પણ બનવાજોગ છે.

બીજો ખુલાસો એ જ હોઈ શકે કે, ભારતના ધર્માચાર્યો કે સંતો પોતાની જન્મભૂમિમાં જવા આવવાનું બહુ પસંદ કરતા ન હતા અને આવી જાતનું વર્તન તે એક ભારતીય સંસ્કૃતિનું અંગ લેખાતું હતું. ગૌતમબુદ્ધ, સંત કબીર, દયાનંદ સરસ્વતી અને ગાંધી વગેરે અનેકના જીવનમાંથી આપણને આ વસ્તુ બરાબર મળી આવે છે.

ગમે તે હો, કિન્તુ ક્ષત્રિયકુંડ વૈશાલીની પાસે હતું, તેની તરફેણમાં નહીં પણ વિરોધી પુરાવા મળે છે. એટલે "ભગવાને ક્ષત્રિયકુંડમાં વિહાર કર્યો છે કિન્તુ ચોમાસુ કર્યું નથી." આ ઘટનાના આધારે ક્ષત્રિયકુંડ જેવા મોટા શહેરને વૈશાલીની નિકટમાં કલ્પી લેવું એ સપ્રમાણ નથી.

### ૧૮. ક્ષત્રિયકુંડ અને પાવાપુરી:

ભ૦ મહાવીર છેલ્લું ચોમાસુ પાવાપુરી પધાર્યા અને ૭૨ વર્ષની ઉંમરે દીવાળીની રાત્રે ત્યાં જ નિર્વાણ પામ્યા. ભગવાનના મોટા ભાઈ અને ક્ષત્રિયકુંડના રાજા નંદિવર્ધનને આ સમાચાર તરત જ પહોંચાડવામાં આવ્યા હતા. તે રાજાએ આ સાંભળી ખાવા–પીવાનું છોડી દીધું અને આખો દિવસ ગમગીનીમાં પસાર કર્યો. બીજે દિવસે એટલે કાર્તિક

શુદિ ૨ના દિવસે તેની બેન સુદર્શનાએ ભાઈને સમજાવી શાંત પાડી અન્નજળ લેવરાવ્યાં. તે સમયથી કા. શુ. ૨ ને દિવસે "ભાઈ બીજ"નું પર્વ ચાલુ થયું છે.

ખરેખર! દીવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એ ત્રણે પર્વ ભ૦ મહાવીરસ્વામીનાં ચિરકાલીન સંભારણાં છે.

આ ઘટનામાંથી અહીં આપણને એટલું જ પ્રસ્તુત છે કે, ક્ષત્રિયકુંડ અને પાવાપુરી નિર્વાણના સમાચાર જલદી મોકલી શકાય એટલાં પાસે પાસે હતાં. આ પાવાપુરી ગંગાની ઉત્તરે ભંગી દેશની રાજધાની હતી એ નહિ, કિન્તુ ગંગાની દક્ષિણે રાજગૃહીની પૂર્વમાં મધ્યમ પાવા હતી તે જ છે. ભગવાન મધ્યમ પાવામાં નિર્વાણ પામ્યા છે. ત્યાંથી વૈશાલી લગભગ ૮ યોજન (૬૫ માઈલ) અને લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ લગભગ ૪ યોજન (૩૬ માઈલ) થાય છે.

તે સમયે લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ તે ક્ષત્રિયકુંડ હતું, તેથી જ ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણના સમાચાર રાજા નંદિવર્ધનને જલદી સવારે જ મળી ગયા હતા. આ રીતે લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ સાચું હોવાનું વધારે સિદ્ધ થાય છે.

## તારવણી

આપણે જોઈ ગયા કે ક્ષત્રિયકુંડ કયાં આવ્યું? તેના ઉત્તરમાં ત્રણ પક્ષો તરફથી ૧ લછવાડ પાસે, ૨ નાલંદા પાસે, અને ૩ વૈશાલી પાસે–એમ ત્રણ સ્થાનો રજુ કરવામાં આવ્યાં છે અને તેની પરીક્ષા માટે આપણે ઉપર ક્ષત્રિયકુંડના આધાર સ્તંભો, ઉપલબ્ધ થતા શબ્દ પ્રયોગો, તેના અર્થો તે

અંગેની માન્યતાઓ, ક્ષેત્રમેળ, અને બીજી જરૂરી બાબતોનો વિચાર કર્યો છે. આ ઉપરથી એ ત્રણે સ્થાનો ક્ષત્રિયકુંડ બનવાને માટે કેટલાં હકદાર છે, તે નીચે પ્રમાણે તારવી શકાય છે.

૧. લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ તે આર્યદેશમાં છે, વિદેહ દેશમાં નથી. ગંગા અને મોદગિરિ પ્રદેશની દક્ષિણે પહાડી ઘાટી ઉપર છે. તે વશાલીનું ઉપનગર નહીં પણ સ્વતંત્ર રાજધાનીનું શહેર હતું. તેની પાસે જ્ઞાતખંડવન હતું, બહુશાલ ચૈત્ય હતું, બ્રાહ્મણકુંડ જોડિયું ગામ હતું, ઊભા પ્રવાહવાળી નદી હતી. તેની પાસે માહણા, કમાર, કોલ્લાગ, મોરા, વસુપટ્ટી ગામો છે, બહવાર નદી છે, જળ-સ્થળ માર્ગ છે. મોરાક પાસે વડ નદી છે. સિદ્ધાર્થ રાજા, ત્રિશલા રાણી, નંદિવર્ધન રાજા, ભ૦ મહાવીર અને જમાલી વગેરે અહીં થયા છે. (માતા ત્રિશલા રાણી વિદેહનાં હતાં અને ભ૦ મહાવીર પોતે વૈશાલીમાં વિશેષ વિચર્યા છે તેથી વૈદેહીદત્ત તથા વૈશાલિક પણ કહેવાય છે.) ભ૦ મહાવીર અહીં વિચર્યા છે પણ ચોમાસુ રહ્યા નથી. અહીંથી પાવા-પુરી પાસે પડે છે પણ વેસાડપટ્ટી, ગંડકી નદી અને વાણિજ્ય ગ્રામ ઘણાં દૂર છે.

૨. નાલંદા પાસેનું કુંડલપુર–તે આર્યદેશમાં છે. ગંગાની દક્ષિણે મગધના રાજ્યમાં હતું. સમતલ ભૂમિમાં છે, અને તેની પાસે બ્રાહ્મણકુંડ, કમાર ગામો નથી. પાસે કોલ્લાગ ગામ હતું. પાવાપુરી અહીંથી નજીકમાં છે. વેસાડપટ્ટી, ગંડકી નદી કે વાણિજ્ય ગ્રામ અહીંથી ઘણાં દૂર હતાં–દૂર છે. બીજા

કોઈ વધુ પુરાવા મળતા નથી.

૩. વેસાડ પાસેનું વાસુકુંડ–તે આર્યદેશમાં છે. વિદેહ રાજ્યમાં છે, ગંગાની ઉત્તરે છે, સમતલ ભૂમિમાં છે. તે વૈશાલીનું ઉપનગર હતું. તેની પાસે વૈશાલી, ગંડકી નદી, વાણિજ્ય ગ્રામ, દ્દુતિપલાશ ચૈત્ય અને કોલ્લાગ સન્નિવેશ હતાં. આજે બેસાડ, બનિયા અને કોલવા ગામ છે. તેની અને કોલવાની વચ્ચે કુર્મારગામ, નદીનો જળમાર્ગ અને સ્થળમાર્ગ હોવા જોઈએ તે નથી. માત્ર સ્થળમાર્ગ છે. તેની પાસે કામનછપરાગાછી છે, જે ઊલટી દિશામાં છે. વૈશાલી અને ક્ષત્રિયકુંડ પાસે પાસે હોવાનો પુરાવો મળતો નથી એટલે તે દૂર દૂર હતાં, આજે પણ દૂર દૂર છે. કુંડપુરમાંથી વાસુકુંડ શબ્દ બની શકે નહીં. કુંડપુર, બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ અને પાવાપુરી અહીંથી દૂર દૂર હતાં અને આજે પણ દૂર દૂર છે. સિદ્ધાર્થ રાજા અહીં થયા નથી કેમકે તેમને 'વિદેહ'ની ઉપાધિ નહોતી. રાજા નંદિવર્ધન પણ અહીં થયા નથી, કેમકે મગધરાજ કોણિકે વૈશાલી અને તેનાં પરાંનો નાશ કરી ત્યાં પોતાની સત્તા સ્થાપી, ત્યારે નંદિવર્ધન વૈશાલીથી દૂર ક્ષત્રિયકુંડમાં રાજ્ય કરતા હતા. માતા ત્રિશલા વિદેહનાં હતાં, તેથી ભગવાન 'વદેહીદત્ત' કહેવાયા. ભગવાન વૈશાલી વિભાગમાં વિશેષ વિચર્યા છે તેથી 'વૈશાલિક' પણ કહેવાયા છે. સિદ્ધાર્થ રાજા અને નંદિવર્ધન રાજા અહીં થયા નથી, તેમ ભગવાન પણ અહીં જન્મ્યા નથી.

એકંદરે ૧ ક્ષત્રિયકુંડ, ૨ કુંડલપુર અને ૩ વાસુકુંડ એ ત્રણે સ્થાનો આજે વિદ્યમાન છે, તેમાં ક્ષત્રિયકુંડ હોવાનું

હકદાર કોણ છે? તે તેના પુરાવાઓ ઉપરથી નક્કી કરી શકાય તેમ છે, જે પુરાવાઓની ગામવાર યાદી ઉપર આપી છે. ઉપલબ્ધ પુરાવાઓ અને વર્ણનનો સરવાળો–બાદબાકી કરીએ, તો તારવણી એજ નીકળે છે કે–

લછવાડ પાસેનું ક્ષત્રિયકુંડ એ જ પ્રાચીન ક્ષત્રિયકુંડ છે, એ જ ભગવાન મહાવીર સ્વામીનું ખરું જન્મસ્થાન છે.

# ક્ષત્રિયકુંડ

## પા દ નોં ધ

[ ટિપ્પણી ]

# पादनोंध

*१ आर्यदेश—

(१) रायगिह मगह (२) चंपा, अंगा तह (३) तामलित्ति बंगाय।
(४) कंचणपुरं कलिंगा, (५) वाणारसी चेव कासी य ॥१॥

(६) साकेत कोसला (७) गयपुरं च कुरु (८) सोरियं कुसट्टा य।
(९) कंपिलं पंचाला, (१०) अहिछत्ता जंगला चेव ॥२॥

(११) बारवई य सुरट्ठा, (१२) विदेह मिहिला य (१३) वच्छ कोसंबी।
(१४) नंदिपुरं संडिब्भा, (१५) भद्दिलपुरमेव मलया य ॥३॥

(१६) वेराड वच्छ (१७) वरणा, अच्छा तह य (१८) मत्तियावइ दसन्ना।
(१९) सुत्तीवइ य चेदी, (२०) वीयभयं सींधु सोवीरा ॥४॥

(२१) महुरा य सूरसेणा, (२२) पावा भंगी य, (२३) मासपुरि वट्टा।
(२४) सावत्थी य कुणाला, (२५) कोडिवरिसं च लाढा य ॥५॥

(२६) सेयविया विय नगरी, केगइ—अद्धं च आरियं भणियं।
जत्थुपत्ति जिणाणं, चक्कीणं रामकण्हाणं ॥६॥

[ 'बृहत्कल्पसूत्र' उ० १, पृ० ९१३. ]

***२ मुनिविहारभूमि—**

कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा पुरत्थिमेणं जाव अंग मगहाओ एत्तए, दक्खिणेणं जाव कोसंबीओ, पच्चत्थिमेणं जाव थूणा विसयाओ, उत्तरेणं जाव कुणाला विसयाओ एत्तए। एताव ताव कप्पइ। एताव ताव आरिए खेत्ते। णो से कप्पइ एत्तो बाहिं। तेण परं जत्थ नाण-दंसण-चरित्ताइं उस्सप्पंति त्ति बेमि।

[ 'बृहत्कल्पसूत्र' उ० १ सू० ५० ]

.... .... ...., परूक्तितो अह इदाणि खेत्तम्मि।
चउद्दिसि समणुण्णायं, मोत्तूण परेण पडिसेहो।

— नि० ३२४० ॥

नि० ३२४२, व्याख्या— कल्पते निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा पूर्वस्यां दिशि यावदंग-मगधान् एतुं विहर्तुम्। अंगा नाम चम्पाप्रतिबद्धो जनपदः। मगधा-राजगृहीप्रतिबद्धो देशः। दक्षिणस्यां दिशि यावत् कौशाम्बीमेतुम्। प्रतीच्यां दिशि स्थूणाविषयं यावदेतुम्। उत्तरस्यां दिशि कुणाला विषयं यावदेतुम्। सूत्रे पूर्व-दक्षिणादिपदेभ्यस्तृतीयानिर्देशो लिङ्गव्यत्ययश्च प्राकृतत्वात्। एतावत् तावत् क्षेत्रमधीकृत्य विहर्तुं कल्पते। कुतः? इत्याह—एतावत् तावद् यस्मादार्यक्षेत्रम्। नो "से" तस्य निर्ग्रन्थस्य निर्ग्रन्थ्या वा कल्पते "अतः" एवंविधाद् आर्यक्षेत्राद् बहिर्विहर्तुम्।

ततः परं बहिर्देशेषु अपि सम्प्रतिनृपतिकालादारभ्य यत्र ज्ञान—

दर्शन-चारित्राणि "उत्सर्पन्ति" स्फातिमासादयन्ति तत्र विहर्तव्यम् ।
'इति' परिसमाप्तौ । ब्रवीमि, इति तीर्थंकर-गणधरोपदेशेन, न तु
स्वमनीषिकयेति सूत्रार्थः ॥

[ श्रीजैन आत्मानंद सभा—भावनगर, प्रकाशित
'बृहत्कल्पसूत्र' भा० ४, पृ० ९०७ ]

साएयम्मि पुरवरे, सभूमि भागम्मि वद्धमाणेण ।
सुत्तमिणं पण्णत्तं, पडुच्च तं चेव कालं तु ॥ नि० ३२६१ ॥

मगहा कोसंबीया, थूणाविसओ कुणालविसओ य ।
एसा विहारभूमी, एतावंताऽऽरियं खेत्तं ॥ नि० ३२६२ ॥

***२, १६ जनपद—**

१ काशी, २ कोशल, ३ अंग, ४ मगध, ५ वज्जी, ६ मल्ल, ७ चेतिय (चेदी), ८ वंश (वत्स), ९ कुरु, १० पांचाल ११ मच्छ (मत्स्य), १२ शूरसेन, १३ अस्सक (अश्मक), १४ अवन्ती, १५ गन्धार, १६ कम्बोज । [ बौद्ध ग्रन्थो ]

१६ जनपद—

अज्जो त्ति ! समणे भगवं महावीरे समणे निग्गंथे आमंतेत्ता, एवं वयासी—जावतिएणं अज्जो ! गोसालेणं मंखलिपुत्तेणं ममं वहाए सरीरगंसि तेये निसट्ठे, सेणं अलाहि पज्जत्ते सोलसण्हं जणवयाणं । तं जहा अंगाणं बंगाणं मगहाणं मलयाणं मालवगाणं अत्थाणं वत्थाणं कोत्थाणं पाढाणं लाढाणं वज्जाणं मोलीणं कासीणं कोसलाणं अवाहाणं

सुंभुत्तराणं घाताए वहाए उच्छादणयाए भासीकरणयाए। (सूत्र-५५४)

[ 'भगवतीसूत्र' श० १५, पृ० ३७९ ]

***४ विदेह-मिथिला-( 'वैशाली' पुस्तिकाना आधारे )**

विदेह-मिथिला य ॥३॥　　( 'बृहत्कल्प' उ० १ )

मिहिल-विदेहा य ॥　　( 'प्रवचनसारोद्धार' )

इहेव भारहे वासे पूव्वदेसे विदेह नाम जणवओ, संपइकाले **तिरहुत्ति** देसो त्ति भण्णइ। तत्थ.......मिहिला नाम नयरी हुत्था, संपयं जगइ त्ति पसिद्धा। ( आ० जिनप्रभसूरिकृत-'तीर्थकल्प'. )

(४) तीरभुक्त्युपरिकाधिकरणस्य।

(५) तीरभुक्तौ विनयस्थितिस्थापकाधिकरणस्य।

(६) तीरकुमारामात्याधिकरणस्य।

(७) वैशाल्यधिष्ठानाधिकरण।

( वैशालीथी मळेली मुद्राओ, 'वैशाली' पृ० १६ )

***५ वज्जीसंघ, वैदेहीपुत्र, आठ संघ—**

"The Vajjis like the Licchavis, are often associated with the city of Vesali, Which was not only the Capital of the Licchavi clan, but also the metropolis of the entire confederacy. 'A Buddhist tradition quoted by Rockhill' (Life of the Buddha P. 62) mentions the city of Vesali as consisting of three districts. These districts were

probably at one time the seats of three different clans."

Geography of Early Buddhism (P. 12)

अर्थात्–वैशाली न केवल लिच्छवियोंकी राजधानी थी, अपितु सम्पूर्ण वज्जी संघकी राजधानी थी। वैशालीके अन्तर्गत तीन परकोटे थे।

" Ajatasatru is called Vedehiputto or Vaideheputtra......goes to show that king Bimbisara established matrimonial alliance with the Licchavis by marrying a Licchavi princess."

Geography of Early Buddhism (P. 13.)

अजातशत्रुको वैदेहीपुत्र कहा जाता था। इससे प्रगट है कि बिम्बिसार (श्रेणिक)ने लिच्छवी राजकुमारीसे ब्याह करके लिच्छवियोंके साथ समझौता किया हुआ था।

"Mithila was the capital of the Videhas and is celebrated in the Epics as the land of king Janak. At the time of Buddha the Videha country was one of the eight constituent principalities of the Vajjian confederacy. Of these eight Principalities the Licchavis of Vesali and the Videhas of Mithila were, howere, the most important."

Geography of Early Buddhism (P. 30)

अर्थात्–मिथिला विदेहकी राजधानी थी। महात्मा बुद्धके समय वज्जी संघके आठ प्रमुख संघोंमेंसे एक थी।

( 'वैशाली' पुस्तिकाना आधारे )

*६ **विदेह-मिथिला** ( वैशाली पुस्तिकाना आधारे )

जुओ 'शतपथब्राह्मण' अ० ४ आ० १ सूत्र० १०–१९

गंडकीतीरमारभ्य, चम्पारण्यान्तकं शिवे ।

विदेहभूः समाख्याता, तीरभुक्त्याभिधो मनुः ॥ ('कृत्तिसंगमतंत्र')

मिथिला–वैदेही

( 'बृहद्विष्णुपुराण,' मिथिलाखंड, पाराशर-मैत्रेय संवाद )

गंगाहिमवतोर्मध्ये, नदीपञ्चदशान्तरे ।
तैरभुक्तिरिति ख्याती, देशः परमपावनः ॥
कौशिकीं तु समारभ्य, गंडकीमधिगम्य च ।
योजनानि चतुर्विंशद् व्यायामः परिकीर्तितः ॥

गंगाप्रवाहमारभ्य, यावद्धैमवतं वनम् ।
विस्तारः षोडशः प्रोक्तो, देशस्य कुलनन्दनः ॥

मिथिला नाम नगरी, तत्रास्ते लोकविश्रुता ।
पञ्चभिः कारणैः पुण्या, विख्याता जगतीत्रये ॥

( 'बृहद्विष्णुपुराण' )

मिथिला तैरभुक्तिश्च, वैदेही नैमिकाननम् ।
ज्ञानशीलं कृपापीठं, स्वर्णलाङ्गलपद्धतिः ॥

जानकी जन्मभूमिश्च, निरपेक्षा विकल्मषा ।
रामानन्दकुटी विश्व–भावनी नित्यमङ्गला ॥

— इति द्वादश नामानि मिथिलायाः ॥

सदा भुवनसम्पन्नो, नदीतीरेषु संस्थितः ।
तीरेषु भुक्तियोगेम, तैरभुक्तिरिति स्मृतम् ॥

('बृहद्विष्णुपुराण' मिथिलाखंड)

गंगायाः उत्तरतो विदेहदेशः। देशोऽयं, जनकानां राज्यम् । अस्यैव नामान्तरं मिथिला । राज्यस्य राजधान्या अपि मिथिलैव नामधेयं बभूव । ... ... मिथिलानाम्ना नृपतिना स्थापितं मिथिलाराज्यमिति पुराणानि कथयन्ति ॥ ('भारत भूगोल' पृ० ३७)

निमेः पुत्रस्तु तत्रैव, मिथिर्नाम महान् स्मृतः ।
पूर्वं भुजबलैर्येन, तैरहुतस्य पार्श्वतः ॥

निर्मितं स्वीयनाम्ना च, मिथिलापुरमुत्तमम् ।
पुरी जन्मसामर्थ्यात् , जनकः स च कीर्तितः ॥

('भविष्यपुराण')

अराजकभयं नृणां, मन्यमाना महर्षयः ।
देहं ममन्थुः स्म निमेः, कुमारः समजायत ॥

जन्मना जनकः सोऽभूत् , वैदेहस्तु विदेहजः ।
मिथिलो मथनाज्जातो, मिथिला येन निर्मिता ॥

('भागवत-पुराण')

*७ भारतीय इतिहासकी रूपरेखा पृ० ३१०—३११

*८ वैशाली—

इक्ष्वाकोस्तु नरव्याघ्रपुत्रः परमधार्मिकः ॥११॥

अलंबुषायामुत्पन्नो, **विशाल** इति विश्रुतः ।
तेन चासीदिह स्थाने, **विशाले**ति पुरी कृता ॥१२॥
('रामायण' आदिकांड, सर्ग–४७)

विशालो वंशकृद् राजा, **वैशालीं** निर्ममे पुरीम् ॥२३॥
('भागवतपुराण' स्कं० ९ अ० २)

*९ जूओ श्रीमती स्टीवन्सननुं 'हीस्ट्री ओफ जैनिझम' पृ० २१,२२

अर्वाचीन विद्वानोए वैशालिक भगवानने विशालाना बनाव्या, अने श्रीमती स्टीवन्सने वैश्य जातिना ज बनावी दीधा ।

*१० **कुण्डपुर**– (दिगम्बर-शास्त्रपाठ 'वैशाली' पुस्तिकामांथी)

सिद्धार्थनृपतितनयो, भारतवास्ये विदेहकुण्डपुरे
(दि० आ० पूज्यपादकृत 'दशभक्ति')

तत्राखण्डलनेत्राली-पद्मिनीखण्डमण्डलम् ।
सुखाम्भःकुण्डमाभाति, नाम्ना कुंडपुरं पुरम् ॥५॥
(दि० आ० जिनसेनकृत 'हरिवंशपुराण' खं० १ स० २)

दिश्यायुस्तदिति कुण्डपुरं सुरेन्द्राः ॥६१॥
(दि० कवि असगकृत, 'वर्धमानचरित्र' स० १७)

*११ **कुंडलपुर गाम**—

नालन्दासे सटा हुआ लगभग दो मीलकी दूरी पर एक कुंडलपुर नामक गांव ।

('जैन सिद्धांत भास्कर,' भा० १० कि० २ पृ० ६०)

***१२ नैयक गणराजाओ—**

पंचरहे निज्जरायाणो ॥ आवश्यक नि० ४६८॥

व्याख्या– तत्थंतराए णेज्जगा रायाणो पंचहिं रथेहिं एंति पएसिरण्णो पासे, तेहिं तत्थ सामी वंदिओ पूइओ य।

+नैयकाः गोत्रतः, प्रदेशे निजा इत्यपरे।

***१३ गणराजाओ**– ('वैशाली' पुस्तिकामांथी)

तत्थ निच्चकालं रज्जं कारेत्वा वसंतानं येव राजूनं सत्तसहस्सानि सत्तसतानि सत्त (७७०७) च राजानो होंति। तत्तका चेव उपराजानो, तत्तका सेनापतिनो, तत्तका भंडागारिका।

(फौसबोल संपादित, 'एकपण्णजातक' सं० १४९, १, ५०४)

***१४ लिच्छवी दौहित्र—**

प्रथम महाराजा चंद्रगुप्तनो पुत्र महाराजा समुद्रगुप्त "लिच्छवी दौहित्र" तरीके पण ओळखाय छे.

(गुप्तवंशना सिक्काओ, 'वैशाली'नी भूमिका)

***१५ गंडकी नदी, वाणिज्यगाम—**

नाथोऽपि सिद्धार्थपुरात्, वैशालीं नगरीं ययौ।
शंखः पितृसुहृत्तत्राभ्यानर्च गणराट् प्रभुम् ॥१३८॥

ततः प्रतस्थे भगवान्, ग्रामं वाणिजकं प्रति।
मार्गे गंडकिकां नाम, नदीं नावोत्ततार च ॥१३९॥

(आ० हेमचंद्रसूरिकृत, 'महावीरचरित्र' सर्ग–४)

***१६ गौतमबुद्ध-विहारमार्ग—**

A भगवान् वैशालीसे भण्डग्राम, हस्तिग्राम, आम्रग्राम, जम्बूग्राम और भोगनगर होते हुए पावा आए थे।

('दीघनिकाय' २, ३। 'धर्मदूत' क्रमांक १४१ पृ० १२२)

B कोसम्बि चापि साकेतं, सावत्थिं च पुरुत्तमं।
सेतव्यं कपिलवत्थुं, कुसिनारं च मन्दिरं॥
पावं च भोगनगरं, वेशालिं मागधं पुरं।

('सुत्तनिपात', 'धर्मदूत' क्र० १४१, पृ० १२५)

C अम्बलत्थिका, नालन्दा, पाटलिग्राम, कोटिग्राम, नादिका, वैशाली।

(गौतमबुद्धकी अंतिम यात्रा,
'महापरिनिब्बाणसुत्त' 'वैशाली', पृ० २६)

D भगवान् वैशालीवनं अविशरण दक्षिणेन।
सर्वकार्येन नामावलोकितेन व्यलोकयति॥
इदं आनन्द! तथागतस्य अपश्चिमं वैशालीदर्शनम्।
न भूयो आनन्द! तथागतो वैशाली आगमिष्यति॥

('वैशाली अभिनन्दनग्रन्थ' पृष्ठ १५.)

E नगरके दक्षिण तीन ली पर अम्बपाली वेश्याका बाग है, जिसे उसने बुद्धदेवको दान दिया कि वे उसमें रहें। बुद्धदेव परिनिव्वाणके लिये जब सब शिष्यों सहित वैशाली नगरके पश्चिम द्वारसे निकले तो दाहिनी ओर वैशाली नगरको देख कर शिष्योंसे कहा यह मेरी अंतिम विदा है। पीछे लोगोने वहां स्तूप बनवाया।

(चीनी भिक्षु 'फाहियान-यात्रा', 'वैशाली' पृ० १९)

*१७ नातिक गाम—( 'वैशाली' पुस्तिकाना आधारे )

नादिकाति एतं तलाकं निस्साय द्विण्णं चुल्लपितु महापितु पुत्तानं द्वे गामा, नादिकेति एकस्मिं ञातिगामे ।

( 'दीघनिकाय-सुमंगलविलासिनी टीका' )

ञातिकेति, द्विन्नं ञातकानां गामे ।

( 'संयुक्तनिकाय', बुद्धघोष कृत 'सारत्थपकासिनी' )

*१८ कोल्लाग सन्निवेस-कोल्लयग्गाम, कोल्ला—

A—वैशाली पासेनुं कोल्लाग ।

तेणं कालेणं तेणं समएणं वाणियग्गामे णामं णयरे होत्था, वण्णओ, तस्स णं वाणियग्गामस्स णयरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए दूइपलासे चेइए ( सू० ३ )

तस्स णं वाणियग्गामस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थ णं कोल्लाए णामं सन्निवेसे होत्था ( सू० ३ )

जेणामेव दुइपलासे चेइए जेणेव समणे भगवं महावीरे (सू० ३)

वाणियग्गामे णयरे मज्झं मज्झेणं णिग्गच्छइ २ त्ता जेणेव कोल्लाए सन्निवेसे जेणेव नायकुले जेणेव पोसहसाला तेणेव उवागच्छइ ( सूत्र—१२ )

तए णं से भगवं गोयमे वाणियग्गामे नगरे जहा पन्नत्तीए तहा जाव भिक्खायरियाए अडमाणे अहापज्जत्तं भत्तपाणं संमं पडिग्गहेइ २ त्ता वाणियग्गामाओ पडिनिग्गच्छइ २ त्ता कोल्लायस्स सन्निवेसस्स

अदूरसामंतेणं वीईयमाणे बहुजणसद्दं णिसामेइ, बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ ४। (सूत्र १५)

जेणेव कोल्लाए सन्निवेसे जेणेव आणंदे समणोवासए जेणेव पोसहसाला तेणेव उवागच्छइ ( सूत्र १५ )

( 'उवासगदशांग' सूत्र अ० १ )

B—क्षत्रियकुंड पासेनुं कोल्लाग ।

चक्कपुरं १७ रायपुरं १८, मिहिला १९ रायगिहमेव २० बोधव्वं।
वीरपुरं २१ बारवई २२, कोअगडं २३ कोल्लयग्गामो २४।
॥ नि० ३३२५ ॥

गोवनिमित्तं सक्कस्स, आगमो वागरेइ देविंदो ।
कोल्लाबहुले छट्ठस्स, पारणे पयसवसुहारा ॥ नि० ४६१ ॥
( 'आ० नि०' हारि० )

C—राजगृही पासेनुं कोल्लाग ।

कुल्लागबहुल पायस दिव्वा ।। नि० ४७४, पृ. २०१

D—चंपा पासेनुं कोल्लाग ।

कोलाए सुन्नगारे ।। नि० ४७६ ॥ पृ. २०१

## *१९ क्षत्रियकुंडनां नामो—

A कुण्डग्गामं नगरं कुण्डपुर नयर,

कुण्डग्गाम नगरं । ( 'कल्पसूत्र' सू. ६६, १००, )

कुण्डपुर नयर। ('कल्पसूत्र' सू० १००, १०१, ११५,)

अह चित्तसुद्धपक्खस्स, तेरसीपुव्वरत्तकालंमि।
हत्थुत्तराहिं जाओ कुण्डग्गामे महावीरो ॥भा० ६१॥ (भाष्यम्)

हत्थुत्तरजोएणं, कुंडग्गामंमि खत्तिओ जच्चो।
वज्जरिसहसंघयणो, भविअजणविबोहओ वीरो ॥नि० ४५९॥

एवं अभिथुव्वंतो, बुद्धो बुद्धारविंदसरिसमुहो।
लोगंतिगदेवेहिं, कुंडग्गामे महावीरो ॥भा० ८८॥

जाव य कुंडग्गामो, जाव य देवाण भवणआवासा।
देवेहिं य देवीहिं य, अविरहिअं संचरंतेहिं ॥भा० ९१॥

('आवश्यकनिर्युक्ति-भाष्य'
हारि० वृत्ति पृ० १८० थी १८४)

अत्थि इह भरहवासे, मज्झिमदेसस्स मंडणं परमं
सिरिकुण्डगामनयरं, वसुमइरमणीतिलयभूयं॥

(आ० नमिचंद्रसूरिकृत 'महावीरचरियं')

B खत्तियकुंडग्गाम, नगर, सन्निवेश—

खत्तिअकुंडग्गामे, सिद्धत्थो नाम खत्तिओ अत्थि।
सिद्धत्थभारिआए, साहर तिसलाइकुच्छिंसि ॥५२॥ (भा०)

(आ० नि० पृ० १७९)

गमनिका-क्षत्रियकुण्डग्रामे सिद्धार्थो नाम क्षत्रियोऽस्ति, तत्र सिद्धार्थ-भार्यायाः संहर त्रिशलायाः कुक्षाविति गाथार्थः ॥५२॥ (भा०)

उत्तरखत्तियकुंडसंनिवेस ('आचारांग,' श्रु०२, चू०३, भावना, सूत्र–३९९,४०२,४०२)

खत्तियकुंडग्गाम नयर ('भगवतीसूत्र', श० )

खत्तियकुंडगाम नयर ('कल्पसूत्र', सू० २०,२५,२७,२९,६७)

C माहणकुंडग्गाम, नयर, सन्निवेश—

दाहिण माहणकुंडसन्निवेश ('आचारांगसूत्र' श्रु०२, चू०३, भावना, सूत्र–३९९, ३९९, ३९९)

माहणकुण्डग्गाम नयर

('कल्पसूत्र' सूत्र, २, १४, १९, २०, २२, २५, २७, २९)

माहणकुंडग्गाम नयर ('भगवतीसूत्र' श० )

माहणकुंडग्गामे, कोडालसगुत्तमाहणो अत्थि।
तस्स घरे उववण्णो, देवाणंदाई कुच्छिंसि ॥४५७॥

अस्या व्याख्या–पुष्पोत्तराच्च्युतो ब्राह्मणकुण्डग्रामे नगरे कोडालसगोत्रो ब्राह्मणः ऋषभदत्ताभिधानोऽस्ति, तस्य गृहे उत्पन्नः देवानन्दायाः कुक्षाविति गाथार्थः ॥४५७॥

('आवश्यक-निर्युक्ति', हारि० वृत्ति, पृ० १७८)

***२० बंभणगाम—**

रायगिहि तंतुसाला, मासक्खमणं च गोसाले। नि० ४७२॥

कुल्लागबहुलपायस दिव्वा गोसाल दट्ठु पव्वज्जा ।
बाहिं सुवण्णखलए पायसस्थाली नियइ गहणं ॥नि० ४७४॥

बंभणगामे नंदोवनंद उवनंद तेय पच्चद्धे ।
चंपा दुमासखमणे, वासावासं मुणी खमइ ॥नि० ४७५॥

( 'आवश्यकनियुक्ति', तथा जूओ नोंध* २९)

## *२१ ज्ञातखंड वन—

A आसमपयंमि पासो, वीरजिणिंदो अ नायसंडंमि ।
अवसेसा निक्खंता, सहसंबवणंमि उज्जाणे ॥ नि० २३१ ॥

एवं सदेवमणुआसुराएॅ परिसाएॅ परिवुडो भयवं ।
अभिथुवंतो गिराहिं, संपत्तो नायसंडवणं ॥ भा० १०५ ॥

बहिआ य णायसंडे, आपुच्छित्ताण नायए सव्वे ।
दिवसे मुहुत्तसेसे, कुमारगामं समणुपत्तो ॥ भा० १११ ॥

( 'आवश्यक-निर्युक्ति-भाष्य',
हारि० टीका, पृ० १३७,१८६,१८७)

B जेणेव नायसंडे उज्जाणे तेणेव उवागच्छइ ( सू० ४०२ )

( 'आचारांग' श्रु० २, चू० ३, भावनाध्ययन )

C कुण्डपुरं नगरं मज्झं मज्झेणं णिगच्छइ, णिगच्छित्ता जेणेव नायखंडवणे उज्जाणे जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ ।

( 'कल्पसूत्र', सू० ११ )

***२१ बहुसाल अ चेइय, बहुसालए चेइये–**

(भगवती सूत्र, श०)

***२२ सिद्धार्थ राजा—**

A सिद्धत्थेण रन्ना। (कल्पसूत्र सूत्र–५५, ६५)

B किं बहुणा! कप्परुक्खए इव अलंकिय-विभूसिए नरिंदे, सकोरिंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामरेहिं उद्धुवमाणेहिं मंगलजयसद्दकयालोए, अणेग गणनायग दंडनायग राईसर तलवर माडंबिय कोडुंबिय मंति महामंति गणग दोवारिय अमच्च चेड पीढमद्दग नगरनिगम सिट्ठि सेणावइ सत्थवाह दूय संधिवाल सद्धिं संपरिवुडे, धवल-महामेहनिग्गए इव गहगणदिप्पंतरिक्खतारागणाण मज्झे ससि व्व पिय-दंसणे, नरवई नरिंदे नरवसहे नरसीहे अब्भहिय रायतेय लच्छीए दिप्पमाणे मज्जणघराओ पडिनिक्खमइ। (सूत्र–६२)

C तंसि रायकुलंसि साहरिए।
सिद्धत्थराय भवणंसि साहरंति। (सूत्र–८८)

D धणेणं धन्नेणं रज्जेणं रट्ठेणं बलेणं वाहणेणं कोसेणं कोट्ठागारेणं पुरेणं अंतेउरेणं जणवएणं जसवाएणं वड्ढित्था। (सूत्र–८९)

सुवण्णेणं धणेणं धन्नेणं रज्जेणं जाव सावइज्जेणं पीइसक्कारेणं अईव अईव अभिवड्ढामो। सामन्तरायाणो वसमागया। (सूत्र १०६)

('कल्पसूत्र')

## *२३ आर्यकुल–जाति—

A कुल आर्य–

उग्गकुल-भोगखत्ति अ, कुलेसु इक्खागनायकोरव्वे ।
हरिवंसे अ विसाले, आयंति तहिं पुरिससीहा ।

('आवश्यक-भाष्य' गा० ५० )

B जातिआर्य–

अंबट्ठा य कलंदा, विदेहा विदकाति य ॥
हारिया तुंतुणा चेव, छ एता इब्भजातिओ ॥

( 'बृहत्कल्पसूत्र' २०१ नि० ३२६४ )

C कुल आर्य ( उत्तमकुल )–

उग्गा भोगा राइन्न खत्तिया तह य णात कोरव्वा ।
इक्खागा विय छट्ठा, आरिया होइ नायव्वा ॥

( 'बृहत्कल्पसूत्र' ३०१ नि० ३२६५ )

D विविध कुलो– बहवे उग्गा भोगा राइन्ना इक्खागा णाया कोरव्वा खत्तिया खत्तियपुत्ता भडा भडपुत्ता,

( 'भगवतीसूत्र' श० ९ उ० ३३ सू० ३८३ )

E माहणा भडा जोहा मल्लई लेच्छई अन्ने य बहवे० ॥

( 'उववाइसूत्र' )

***२४ क्षत्रिय राजाओ—**

नाभी १ जिअसत्तू २, अजिआरी ३ संवरे ४ इअ ।
मेहे ५ धरे ६ पइट्ठे ७ अ, महसेणे ८ अ खत्तिए ॥३८७॥
सुग्गीवे ९ दढरहे १०, विण्हू ११ वसुपूज्जे १२ अ खत्तिए ।
कयवम्मा १३ सीहसेणे १४ अ, भाणू १५ विससेणे १६ इअ ॥३८८॥
सूरे १७ सुदंसणे १८ कुंभे १९, सुमित्तु २० विजए २१ समुद्दविजए २२ अ
राया अ अस्ससेणे २३, सिद्धत्थेऽविय खत्तिए ॥३८९॥

('आवश्यकनिर्युक्ति' हारि० पृ० १६१)

सिद्धत्थो णाम खत्तिओ अत्थि ॥ आ० भाष्य ५२ ॥
('आ० नि०' गा० ३८५–३८६मां जिनमाता नाम)

***२५ क्षत्रिय वट—**

रायकुलेसु वि जाया, विसुद्धवंसेसु खत्तिअकुलेसु ॥गा० २२२॥

टीका—एते हि महावीरप्रभृतयः पञ्चतीर्थकृतो राजकुलेष्वपि विशुद्धवंशेषु क्षत्रियकुलेषु, राजकुलं हि किञ्चिदक्षियकुलमपि भवति, यथा नंदराजकुलं, अत उक्तं क्षत्रियकुलेषु जाताः ।

('आवश्यक-नियुक्ति' गा० २२२,
आ० मलयगिरिया वृत्ति, पृ० २०४)

क्षत्रिय वंशं विनापि राजकुलानि स्युरित्याह-क्षत्रिय कुलेष्विति॥२२२॥

('आ० नि०' गा० २२२,
आ० माणेकशेखरकृत टीका, पृ० ६३)

*२६ खत्तियवर वसहा! — ('कल्पसूत्र' सू० १११)

*२७ भगवान श्रीमहावीरस्वामी वगेरे नामो—

A उत्तरखत्तियकुंडपुरसंनिवेसंसि नायाणं खत्तियाणं, सिद्धत्थस्स खत्तियस्स कासवगुत्तस्स (सूत्र० ३९९)

समणे भगवं महावीरे कासवगुत्ते, तस्स णं इमे तिन्नि नामधिज्जा एवमाहिज्जंति, तं जहा-अम्मापिउसंति वद्धमाणे १, सहसंमइए समणे २, भीमं भयभेरवं उरालं अचलयं परीसहसह त्ति कट्टु देवेहिं से नामं कयं समणे भगवं महावीरे ३, समणस्स णं भगवओ महावीरस्स पिया कासवगुत्तेणं, तस्स णं तिन्नि नाम०, तं० सिद्धत्थेइ वा सिज्जंसेइ वा जसंसेइ वा, समणस्स णं० अम्मा वासिट्ठस्स गुत्ता, तीसे णं तिन्नि ना०, तं०—तिसला इ वा विदेहदिन्नाइवा पियकारिणी इवा, समणस्स णं भ० पित्तिअए सुपासे कासवगुत्तेणं, समण० जिट्ठे भाया नंदिवद्धणे कासवगुत्तेणं समणस्स णं जेट्ठा भइणी सुदंसणा कासवगुत्तेणं समणस्स णं भग० भज्जा जसोया कोडिन्नागुत्तेणं, समणस्सणं० धूया कासवगोत्तेणं, तीसे णं दो नामधिज्जा एवमा० अणुज्जाइ वा पियदंसणाइ वा, समणस्स णं भ० नत्तूई कोसियागुत्तेणं, तीसे णं दो नाम० तं० सेसवई इ वा जसवई इ वा, (सूत्र ४००) समणस्स णं ३ अम्मापियरो पासावच्चिज्जा समणोवासगायावि हुत्था (सू० ४०१)

('आचारांगसूत्र' श्रु० २, चू० ३ भावनाध्ययन)

तेणं कालेणं २ समणे भ० नाए नायपुत्ते नायकुलनिव्वत्ते

विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले, तीसं वासाइं विदेहंसित्ति कट्टु। (सू० ४०२)

('आचारांग' श्रु० स्कं० २ चू० भावनाध्ययन)

B जे एयं चरंति आहियं, नाएणं महया महेसिणं।
ते उट्ठिय ते समुट्ठिया, अन्नोन्नं सारंति धम्माओ ॥२–२–२६॥

नाएणं जगसव्वदंसिणा ॥२–२–३१॥

अरहा नायपुत्ते भयवं, वेसालिए विहाहिए ॥१–३–२२॥

('सूत्रकृतांग' अ० २, उ० २, ३)

समणे भगवं महावीरे कासवगोत्तेणं, तस्स णं ततो णामधेज्जा एवमाहिज्जंति, तं जहा—अम्मापिउसंतिए वद्धमाणे १ सहसंमुदिते समणे २ अयले भयभेरवाणं पडिमासतपारए अरतिरतिसहे दविए धितिविरियसंपन्ने परीसहोवसग्गसहे त्ति देवेहिं से कतं णामं समणे भगवं महावीरे ३। भगवतो माया चेडगस्स भगिणी, भोयी चेडगस्स धूया, णाता णामे जे उसभसामिस्स सयणिज्जगा ते णातवंसा, पित्तिज्जए सुपासे, जेट्ठे भाता णंदिवद्धणे, भगिणी सुदंसणा, भारिया जसोया कोडिन्नागोत्तेणं, धूया कासवीगोत्तेणं, तीसे दो नामधेज्जा, तं०—अणोज्जगि त्ति वा पियदंसणा त्ति वा, णत्तुई कोसीयगोत्तेणं, तीसे दो नामधेज्जा (जसवतीति वा) सेसवतीति वा, एवं (वं) नामाभिहाणे दरिसितं। एवं भगवतो अम्मापियरो अणेगाइं कोउयसयाइं अणेगाइं पचंकमणादीणि उस्सवसयाणि अणेगाइं पकीलणसयाइं पकरेंताणि विहरंति। ('आवश्यकचूर्णि' पृ० २४५)

C समणे भगवं महावीरे कासवगुत्तेणं, तस्स णं तओ नामधिज्जा एवमाहिज्जंति, तं जहा–अम्मापिउसंतिए वद्धमाणे १, सहसमुइयाए समणे २, अयले भयभेरवाणं परिसहोवसग्गाणं खंतिखमे पडिमाणं पालए धीमं अरतिरतिसहे दविए वीरियसंपन्ने देवेहिं से णामं कयं समणे भगवं महावीरे ३, (सूत्र १०८) समणस्स भगवओ महावीरस्स पिया कासवगुत्तेणं, तस्स णं तओ नामधिज्जा एवमाहिज्जंति, तं जहा सिद्धत्थेइ वा १, सिज्जंसेइ वा २, जसंसेइ वा ३ ॥ समणस्स भगवओ महावीरस्स माया वसिट्ठगुत्तेणं, तीसे तओ नामधिज्जा एवमाहिज्जंति, तं जहा–तिसलाइ वा १, विदेहदिन्नाइ वा २, पीइकारिणीइ वा ३ ॥ समणस्स भगवओ महावीरस्स पित्तिज्जे सुपासे। जिट्ठे भाया नंदिवद्धणे। भगिणी सुदंसणा। भारिया जसोया कोडिन्नागुत्तेणं। समणो भगवओ महावीरस्स धूआ कासवगुत्तेणं, तीसे दो नामधिज्जा एवमाहिज्जंति, तं जहा–अणोज्जाइ वा १, पियदंसणाइ वा २ ॥ समणस्स भगवओ महावीरस्स नत्तुई कासवगुत्तेणं तीसे णं दो नामधिज्जा एवमाहिज्जंति, तं जहा–सेसवइइ वा १, जसवई वा २। (सू० १०९)

समणे भगवं महावीरे दक्खे दक्खपइन्ने पडिरूवे आलीणे भद्दए विणीए नाए नायपुत्ते नायकुलचन्दे विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले तीसं वासाइं विदेहंसि त्ति कट्टु ॥ (सू० ११० )॥

('कल्पसूत्र', सूत्र–१०८, १०९, ११०)

## *२८ वैशालिक-भगवान महावीर—

A एवं से उदाहु अणुत्तरनाणी अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे, अरहा नायपुत्ते भगवं वेसालिए वियाहिए ॥२१॥

टीका–विशालकुलोद्भवत्वाद् वैशालिकः, तथा चोक्तम्—

" विशाला जननी यस्य, विशालं कुलमेव वा ।
विशालं प्रवचनं चास्य, तेन वैशालिको जिनः " ॥१॥

( 'सूयगडांगसूत्र', अ० २ उ० ३ वैतालीयअध्ययन )

B तत्थ णं सावत्थीए नयरीए पिंगलए णामं नियंठे वेसालिअ-सावए परिवसइ ।

( 'भगवतीसूत्र' श०उ०भा० १ पृ० २११
पिंगलक उपासक वर्णन )

C तत्थं णं कोसंबीए नयरीए सहस्साणीय रन्नो धूया, सयाणी-यस्स रन्नो भगिणी, उदायस्स रण्णो पिउच्छा, मिगावतीए देवीए नणंदा, वेसाली सावयाणं अरहंताणं पुव्वसिज्जायरी, जयंती नामं समणो-वासिया होत्था ।

'वेसालीसावगाणं अरहंताणं पुव्वसेज्जायरी'त्ति—वैशालिको भगवान् महावीरस्तस्य वचनं श्रृण्वन्ति श्रावयन्ति वा तद्रसिकत्वादिति वैशालिकश्रावकास्तेषां 'आर्हतानां' अर्हद्देवतानां साधूनामिति गम्यं 'पूर्वशय्यातरा' प्रथमस्थानदात्री, साधवो ह्य पूर्वे समायातास्तद्गृहे एव प्रथमं वसतिं याचन्ते तस्याः स्थानदातृत्वेन प्रसिद्धत्वादिति सा पूर्वशय्यातरा ।

( 'भगवतीसूत्र' श० १२ उ० २ सू० ४४१, पृ० ५५६ )

D तए णं सामी वेसालीए केसालंकारेणं मल्लालंकारेणं आभरणालंकारेणं वत्थालंकारेणं चउव्विहेणं अलंकारेणं अलंकारिए पडिपुण्णालंकारे सीहासणाओ अब्भुट्ठेति ( २५९ )

तए णं से समणे भगवं महावीरे वेसालीए दक्खे पडिन्ने पडिरूवे अल्लीणे भद्दए विणीए णाते णातपुत्ते णातकुलविणिवट्टे विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसुमाले सत्तुस्सेहो समचउरंस संठाणसंठिते वज्जरिसभणारायसंघयणे अणुलोमवायुवेगे कंकग्गहणी कवोयपरिणामे। (पृ० २६२)

एवं समणे भगवं महावीरे विसालीए पिंडीभूततेलोक्कलच्छिसमुदए वयणमालासहस्सेहिं अभिथुव्वमाणे २ ( पृ० २६६ )

( ऋ० के० पेढी, रतलाम प्रकाशित, 'आवश्यकचूर्णि' )

*२९ भगवाननो विहार—

काऊण नमोक्कार ॥भा० १०९॥ व्याख्या—एगेण देवदूसेण पव्वएइ एतं जाहे अंसे करेइ एत्थंतरा पिउवयंसो धिज्जाइओ उवट्ठिओ + ताहे सामिणा तस्स दूसस्स अद्धं दिण्णं (पृ० १८७)

बहिआ य णायसंडे आपुच्छित्ताणं नायए सव्वे दिवसे मुहुत्तसेसे कुमारगामं समणुपत्तो ॥भा० १११॥

हारि० टीका—तत्र च पथद्वयम्—एको जलेन, अपरः स्थल्यां, तत्र भगवान् स्थल्यां गतवान्, गच्छंश्च दिवसे मुहूर्तशेषे कर्मारग्राम मनुप्राप्त इति गाथार्थः। ( पृ० १८८ )

गोवनिमित्तं सक्कस्स, आगमो वागरेइ देविंदो।
कोलाबहुले छट्ठस्स, पारणे पयसवसुहारा ॥नि०४६१॥

हारि० टीका—भगवतोऽपि कोल्लाकसन्निवेसे बहुलो नाम ब्राह्मणः षष्ठस्य तपोविशेषस्य पारणके किम्? 'पयस' इति पायसं समुपनीतवान् 'वसुधारा'इति तद्गृहे वसुधारा पतितेति गाथाक्षरार्थः॥

(पृ० १८९)

दूइज्जंतगा पिउणो वयंसं, तिव्वा अभिग्गहा पंच।
अचियत्तुग्गहि नवसण १, णिच्चं वोसट्ठ २ मोणेणं ३ ॥नि०४६२॥
पाणीपत्तं ४ गिहिवंदणं ५ च तओ वद्धमाण—वेगवई
धणदेवसूलपाणिंदसम्म वासऽट्ठिअग्गामे ॥नि० ४६३॥

हारि० व्याख्या—विहरतो मोराकसन्निवेशं प्राप्तस्य भगवतः तन्निवासी दूइज्जन्तकाभिधानपाषण्डस्थो दूतिज्जंतक एवोच्यते; पितुः—सिद्धार्थस्य वयस्यः—स्निग्धकः सोऽभिवाद्य भगवंतं वसतिं दत्तवान् इति वाक्यशेषः। विहृत्य च अन्यत्र, वर्षाकालगमनाय पुनस्तत्रैवागतेन विदितकुलपत्यभिप्रायेण, किम्? 'तिव्वा अभिग्गहा पंच' त्ति तीव्राः—रौद्राः अभिग्रहाः पञ्च गृहीता इति वाक्यशेषः।

× × एतान् अभिग्रहान् गृहीत्वा तथा तस्मान्निर्गत्य 'वासऽट्ठिअग्गामे'त्ति, वर्षाकालं अस्थिग्रामे स्थित इति अध्याहारः (पृ०१९१)

ताहे सो (शूलपाणि) भीओ दुगुणं खामेइ (पृ० १९२)

ततो उप्पलो वंदित्ता गओ, तत्थ सामी अद्धमासेण खमति एसो पढमो वासारतो १ ततो सरए निग्गंतूण मोरागं नाम सण्णिवेसं गओ, तत्थ सामी बाहिं उज्जाणे ठिओ। (१९३)

रोद्दा य सत्तवेयण, सुइ दससुमिणुप्फलऽद्धमासे य।
मोराए सक्कारं, सक्को अच्छंदए कुविओ ॥नि०४६४॥

सप्पच्छेयंगुलि, कम्मारवीरघोससमहिसिंदुदसपलिअं १ ।
बिइयं इंदसम्मऊरण वयरीए दाहिणुक्कुरुडे २ ॥नि० ४६५॥
तइअमअवंचं भज्जा कहिही नाहं, तओ पिउवयंसो।
दाहिण वाचाल सुवण्णवालुगा कंटए वत्थं ॥नि० ४६६॥

हारि० व्याख्या—ततो वच्चमाणस्स अंतरा दो वाचालाओ—दाहिणा उत्तरा य, तासिं दोण्हवि अंतरा दो नईओ सुवण्णवालुगा रुप्पवालुगा य, ताहे सामी दक्खिणवाचालाओ सन्निवेसाओ उत्तरवाचालं वच्चइ, तत्थ सुवण्णवालुयाए नदीए पुलिए कंटयाए तं वत्थं विलग्गं (१९५) ।

उत्तरवाचालंतर, वणसंडे चंडकोसिओ सप्पो ।
न डहे चिंता सरणं, जोइसभो वा अहिजाओहं ।नि०४६७॥
उत्तरवाचाला नागसेण, खीरेण भोयणं दिव्वा ।
सेयविया य पएसी, पंचरहे निज्ज—रायाणो ॥नि०४६८॥

हारि० व्याख्या—ततो सेयवियं गओ, तत्थ पदेसी राया समणोवासओ, सामिणो महिमं करेइ । ततो सुरभिपुरं वच्चइ तत्थंतराए णेज्जगा* रायाणो पंचहिं रथेहिं एंति पएसिरण्णो पासे, तेहिं तत्थ सामी वंदिओ पूइओ य, ततो सामी सुरभिपुरं गओ, तत्थ गंगा उत्तरियव्वा (पृ० १९७)

सुरहिपुर सिद्धजत्तो, गंगा कोसी अ विऊ य खेमिल ।
नागसुदाढे सीहे, कंबल संबला य जिणमहिमा ॥नि० ४६९॥

---

* नैयकाः गोत्रतः, प्रदेश निजा इत्यपरे

वीरवरस्स भगवओ, नावारूढस्स कासि उवसग्गं ॥नि–४७१॥

थूणाए बहिं पूसो, लक्खणमब्भंतरं च देविंदो ।
रायगिहि तंतुसाला मासक्खमणं च गोसालो ॥नि० ४७२॥

कुल्लागं बहुल पायस दिव्वा गोसाल दट्ठु पव्वज्जा ।
बाहिं सुवण्णखलए पायसथाली नियइगहणं ॥नि० ४७४॥

बंभणगामे नंदोवनंद उवनंद तेय पच्चद्धे ।
चंपा दुमासखमणे वासावासं मुणी खमइ ॥नि०४७५॥

राजग्रही चोमासुं २ जुं, चंपा चामासुं ३ जुं.

( 'आवश्यक-निर्युक्ति' हारि० वृत्ति )

***३० भगवान महावीरनां चोमासां—**

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे अट्ठियगामं नीसाए पढमं अंतरावासं वासावासं उवागए, चंपं च पिट्ठिचंपं च नीसाए तओ अंतरावासे वासावासं उवागए, वेसालिं नगरिं वाणिअ-गामं च नीसाए दुवालस अंतरावासे वासावासं उवागए, रायगिहं नगरं नालंदं च बाहिरियं नीसाए चउद्दस अंतरावासे वासावासं उवा-गए, छ मिहिलाए, दो भद्दियाए, एगं आलंभियाए, एगं सावत्थीए, एगं पणियभूमीए, एगं पावाए मज्झिमाए हत्थिपालस्स रन्नो रज्जुग-सभाए अपच्छिमं अंतरावासं वासावासं उवागए ॥

( 'कल्पसूत्र' सूत्र, १२१ )

પટ્ટાવલી સમુચ્ચય ભાગ પહેલા
માટે

# ડૉ. શુબ્રીંગનો અભિપ્રાય

**Muni Darshanvijayji,**
Roshan Maholla.
**Agra.**

Dear Muniraj,

Through the Kindness of Mr. C. I. Parekh I received a copy of the Pattawali Samuchhaya 1st. part published by you and I beg to express my very best thanks for the same. It was a very good idea to collect those records by which jainism is renowned and has so largely contributed to our knowledge of Indian History. The work is admirably done and will prove to be a great help to all students of Jain Literature. I hope you will not forget me when distributing the second and following parts of your collections.

Sincerely Yours,
**Dr. Walter Shubring Ph. D.**
Professor of Indian History and Culture.

# જૈન સંસ્કૃતિનો પરિચય આપતું જૈનોનું ઐતિહાસિક સાહિત્ય

## પટ્ટાવલી સમુચ્ચય ભાગ પહેલો :

ભગવાન મહાવીરની પરંપરામાં થયેલા યુગપ્રધાનોનો ક્રમવાર ઈતિહાસ, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની પ્રાચીન તેમજ અર્વાચીન પટ્ટાવલીઓમાં સંગ્રહાયેલ છે, તેનો મહત્ત્વભર્યો મૌલિક સંગ્રહ :

## પટ્ટાવલી સમુચ્ચય ભાગ બીજો :

કવિ બહાદુરના નામથી ખ્યાતિ પામેલા શ્રીદીપવિજયજી મહારાજે રચેલી સૌધર્મગચ્છ પટ્ટાવલી તેમજ બીજી અનેક ગુજરાતી પટ્ટાવલીઓનો સંગ્રહ : તેના ઉપર 'પુરવણી' રૂપે મુનિરાજ શ્રીદર્શનવિજયજી મહારાજે અનેક ગ્રંથોના દોહનરૂપે ઐતિહાસિક રસપ્રદ નોંધો આપી છે.

## પટ્ટાવલી સમુચ્ચય ભાગ ત્રીજો :

પ્રથમ ભાગના અનુસંધાનરૂપે ભગવાન મહાવીરની પરંપરામાં થયેલા વિવિધ ગચ્છોની સંસ્કૃત પટ્ટાવલીઓનો સંગ્રહ :

[ તૈયાર થાય છે. ]

## જૈન પરંપરાનો ઇતિહાસ : ભાગ પહેલો :

ભગવાન મહાવીરસ્વામી પછી જૈન શાસનના સ્તંભસમા યુગવીર પ્રભાવક આચાર્યો, શિલ્પ–સ્થાપત્યભર્યાં તીર્થસ્થળો, પ્રતાપી જૈન રાજાઓ, રાજનીતિજ્ઞ જૈન મંત્રીશ્વરો, ઐશ્વર્યશાલી દાનવીરો, વિદ્યાસંપન્ન વિદ્વાનો અને કવિઓનો ક્રમવાર સુવિસ્તૃત ઇતિહાસ જેમાં આલેખાયો છે.

[ તૈયાર થાય છે. ]

આના અનુસંધાનમાં બીજા ભાગો પણ તૈયાર થઈ રહ્યા છે.

## જૈન તીર્થોનો ઇતિહાસ :

ભારતની ચારે દિશાઓમાં ઠેર ઠેર પથરાયેલાં તીર્થસ્થળો, જેમાં ગિરિમંદિરો, નગર કે ગામડાંને શોભવતાં વિશાળ દેરાસરોનો પ્રાચીન તેમજ અર્વાચીન સ્થિતિનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

### પ્રાપ્તિસ્થાન

| જૈન પ્રાચ્ય વિદ્યાભવન | શ્રી ચંદુલાલ લખુભાઈ પરીખ |
| --- | --- |
| જૈન સોસાયટી | નાગજી ભૂધરની પોળમાં |
| બંગલા નં: ૪૫ | મંકોડીની પોળ : અમદાવાદ |
| એલીસબ્રીજ : અમદાવાદ | |

# સુધારો

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૬ | એજ | જ |
| ૫ | ૧૧ | જન્સ્થાન | જન્મસ્થાન |
| ૭ | ૧૪ | આરીતે | આ માર્ગે પહો[illegible] |
| ૮ | ૧૩ | તેવી | તેવું |
| ૧૭ | ૧૨ | કઇ | કંઈ |
| ૨૧ | ૧૦ | પૂર્વે | પશ્ચિમે |
| ૨૮ | ૨૦ | માન્યતાઓ | જે જે માન્યતા[illegible] |
| ૩૬ | ૫ | વિભોગોમાં | વિભાગમાં |
| ૪૯ | ૨૦ | પચીસેક વર્ષો | વર્ષો |
| ૫૨ | ૧૩ | ભગવતી | ભગવતીજીના |
| ૧૪ | ૧૧ પ્રસ્તાવનામાં | તેમને વધુ | વધુ |

આ ઉપરાંત વૈશાલી, વૈશાલિક, ચૈત્ય, બૌદ્ધ, વૈદિક, જૈ[illegible] [illegible], ચોરી, [illegible], ચિહ્નો વગેરે શબ્દોની માત્રાઓ, [illegible] શબ્દોના [illegible], અને તીર્થો, માર્ગ, ઊતર્યા, કર્યા, કર્માર, વર્ણન, [illegible] [illegible] નિર્વાણ વગેરે શબ્દોના રેફ ઊડી ગયા છે તે સુધારી [illegible]



શારદા મુદ્રણાલય : પાનકોરનાકા, અમદાવાદ.